
વર્ષ 2025-'26


# સ્મરણમ્ મધુરમ્





સ્થાપના 1948

## લોકભારતી અધ્યાપનમંદિર – સણોસરા

# શ્રી દક્ષિણામૂર્તિ દેવ







લોકભારતીના આદ્યસ્થાપક
સ્વ. પૂ. નાનાભાઈ ભટ્ટ




સ્વ. પૂ. નાનાભાઈના સાથીદારો
ડાબેથી શ્રી નટવરલાલ પ્ર બુચ, શ્રી મનુભાઇ પંચોળી, શ્રી મૂળશંકરભાઇ મો. ભટ્ટ



શ્રી રામચંદ્રભાઈ પંચોળી
ટ્રસ્ટીશ્રી,
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ



શ્રી અરૂણભાઈ દવે
મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ



શ્રી હસમુખભાઈ દેવમુરારિ
નિયામકશ્રી,
લોકભારતી ગ્રામવિદ્યાપીઠ

# Our Vision (અમારો ધ્યાનમંત્ર)

**विद्या च अविद्या च यस्तद वेदोभयं सह ।**
**अविधया मृत्युं तीर्त्वा विधया मृतमशनुते ।।**

ઈશોપનિષદના આ શ્લોકમાં સમજાવ્યું છે તેમ આપણી બાહ્ય સ્થૂળ જરૂરિયાતો અને જીવનની સર્વ વ્યવહારોનું ઉપાર્જન કરવા માટેની શક્તિઓ, ભૌતિકવિદ્યાઓ અને કૌશલ્યો અવિદ્યાઓ થકી પ્રાપ્ત થય છે; જયારે આપણી આંતરિક વિકાસલક્ષી આધ્યાત્મિક જીવનની જરૂરિયાત, જીવનયાત્રા પછીની વૈતરણી પાર કરવાની અને જીવનનું અમૃતપાન કરવા માટેની શક્તિઓ માનવીય વિદ્યાઓ થકી પ્રાપ્ત થાય છે. આમ વિદ્યા અને અવિદ્યાનો સમન્વય કરીને માણસને સારાસારનું વિવેકભાન શીખવીને તેને સંસ્કારી, સંવેદનશીલ અને જાગૃત નાગરિક બનાવવાનું સ્વપ્ન 'લોકભારતી' નું છે.

# Our Mission (અમારું જીવનકાર્ય)

## દેશની પ્રકૃતિ અને સંસ્કૃતિને અનુરૂપ થાય એવો
## સ્થાયી વિકાસ સાધી આપતી ગ્રામાભિમુખ
## લોક કેળવણીની અખંડ જ્યોત
## છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું
## જીવનકાર્ય ‘લોકભારતી’નું છે.

# स्मरणम् मधुरम्

**વર્ષ : ૨૦૨૫-'૨૬**

## અનુક્રમણિકા


૦૧. ભૂમિકા: શિક્ષણની સંસ્કાર-યાત્રાનું પ્રતિબિંબ........................................................શ્રી જગદીશગિરિ ગોસાઈ
૦૨. હૈયું મસ્તક, હાથની કેળવણી :'स्मरणम् मधुरम्'.............................................શ્રી કવિતા વ્યાસ
૦૩. શુભેચ્છા સંદેશ ........................................................................................ડૉ. અલ્પેશભાઈ પીપળીયા & ડૉ. ભાવનાબેન પાઠક
૦૪. લોકભારતી અધ્યાપનમંદિરનો પરિચય............................................................
૦૫. 'શિક્ષણનું અધ્યાત્મ'...................................................................................ડૉ. અરુણભાઈ દવે
૦૬. લોકભારતી અધ્યાપનમંદિરમાં યોજાયેલ ક્ષમતાવર્ધક કાર્યક્રમ ............................
૦૭. લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં સમૂહના કાર્યક્રમ ..................................................
૦૮. "મારા સાચા મિત્રો, મારા પુસ્તકો".........................................................ગોહિલ સ્નેહાબેન
૦૯. અધ્યાપનમંદિરમાં કલરવ ............................................................................મકવાણા પ્રિયંકાબેન
૧૦. "રમત દ્વારા ગણિત શિક્ષણ - એક સર્જનાત્મક શૈક્ષણિક સાધન સામગ્રી અનુભવ"......શિયાળ આશાબેન
૧૧. લોકભારતીના સંગે...કેળવણીની કેડીએ.................................................................સુથાર આનંદભાઈ
૧૨. ડરથી આનંદ સુધી: મારી પ્રયોગશીલ પરીક્ષાની એક અનોખી સફર.........................મયાત્રા ક્રિષ્નાબેન
૧૩. છાત્રાલય: ઘર થી દૂર એક ઘર............................................................................ટાંક ધ્રુવીબેન & ચોવટિયા જાહ્નવીબેન
૧૪. માતૃભાષા દિવસ........................................................................................ગોહિલ સીમાબેન
૧૫. ગાંડી ગીરમાં ઇન્ટર્નશિપનો અનુભવ.............................................................ભાલિયા જીજ્ઞેશભાઈ
૧૬. તાલીમાર્થી સંપર્ક સેતુ ૨૦૨૫-'૨૬...........................................................................
૧૭. 'વંદનાખંડ'.................................................................................................જાદવ પ્રિયંકાબેન
૧૮. 'પ્રાર્થના સંમેલન'........................................................................................રાવલ દર્શનાબેન
૧૯. લોકભારતી અધ્યાપનમંદિરનો અવતરણ દિવસ................................................ચિત્રોડા હસ્તિબેન
૨૦. ખજાના શોધ................................................................................................સોલંકી નાઝિયાબેન & બારૈયા સોનલબેન
૨૧. 'વિદ્યાર્થી થી શિક્ષક સુધીની સફર'...................................................................મયાત્રા મીરાબેન
૨૨. સ્વયંપાક.......................................................................................................બારૈયા છનુબેન
૨૩. એવરેસ્ટ આરોહણ સમી સિદ્ધિ : ટેટ-૧ પરીક્ષા.......................................................બારૈયા હરદેવસિંહ
૨૪. 'કેળવણીનો ખજાનો એટલે બાલવાડી શિબિર'.....................................................ચૌહાણ ક્રિષ્નાબેન
૨૫. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ - શોધ અને સર્જન.........................................................રંગપરા મિતલબેન
૨૬. ઇન્ટર્નશિપ દરમિયાન હાથ ધરેલ ક્રિયાત્મક સંશોધન.............................................ગોહેલ રાજભાઈ
૨૭. પ્રેરણાનું તેજપુંજ: આદર્શ ગુરુવર્ય શ્રી જગદીશગિરિ ગોસાઈ.......................................જાની ધારાબેન & આંબલિયા કૃષાબેન
૨૮. શ્રી અજયભાઈ પંડ્યા - એક આદર્શ અને કર્મનિષ્ઠ અધ્યાપક......................................શિયાળ અક્ષિતાબેન & ભટ્ટ ક્રિષ્નાબેન
૨૯. વિચારોથી સર્જન સુધીની સફર કરાવનાર- શ્રી કવિતાબેન વ્યાસ...................................બારૈયા ભૂમિકાબેન
૩૦. વિજ્ઞાનના જીવંત ઉદ્દીપક: આદર્શ શિક્ષિકા શ્રી અવનિબેન.......................................જાની ધારાબેન & આંબલિયા કૃષાબેન
૩૧. પ્રવૃત્તિશીલ અધ્યાપક શ્રી અમિતભાઈ............................................................રાઘવાણી હિનાબેન
૩૨. પ્રયત્નશીલ અધ્યાપક શ્રી સંદીપભાઈ..............................................................મકવાણા દર્શનાબેન

## ભૂમિકા: શિક્ષણની સંસ્કાર-યાત્રાનું પ્રતિબિંબ

**નમસ્કાર,**

લોકભારતી અધ્યાપનમંદિર 78 વર્ષથી ચાલતું ગુજરાતનું સૌથી જૂનામાં જુનું એક માત્ર સ્વાયત્ત અધ્યાપનમંદિર છે. પૂ.નાનાભાઈ ભટ્ટ અને પૂ.મનુભાઈ પંચોળી એ રોપેલા શિક્ષણ અને સંસ્કારના બીજ આજે પણ અહીંના વાતાવરણમાં મહેકી રહ્યા છે. આ સંસ્થાનું મુખ્ય ધ્યેય 'નઈ તાલીમ' દ્વારા એવા શિક્ષકો તૈયાર કરવાનું છે જેઓ માત્ર પુસ્તકનું જ્ઞાન જ નહીં, પણ જીવન જીવવાની કળા અને શ્રમનો મહિમા પણ સમજતા હોય.

આ અંક દ્વારા અમે વર્ષ દરમિયાન સંસ્થામાં થયેલી વિવિધ પ્રવૃત્તિઓને શબ્દદેહ આપવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. અહીં શિક્ષણ એ ચાર દીવાલો વચ્ચે કેદ થયેલી પ્રક્રિયા નથી, પરંતુ તે ખેતરની પાળે, પ્રાર્થના મંદિરમાં, સફાઈ અભિયાનમાં અને સમૂહ જીવનમાં વણાયેલું છે.

વિદ્યાર્થીઓ જાતે શ્રમ કરીને સ્વાવલંબનના પાઠ શીખે છે. કલા, સંગીત, અને સાહિત્યિક પ્રવૃત્તિઓ દ્વારા તાલીમાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવાનો અવકાશ અહીં મળે છે. ઇન્ટર્નશિપ દ્વારા ગ્રામ્ય જીવનના અનુભવો અને લોકસંપર્ક દ્વારા ભવિષ્યના શિક્ષકો સમાજની વાસ્તવિક જરૂરિયાતોથી પરિચિત થાય છે. સત્ય, અહિંસા અને સમાનતાના મૂલ્યો માત્ર ભણાવવામાં નથી આવતા, પણ જીવવામાં આવે છે.

આ પ્રવૃત્તિ અંક માત્ર અહેવાલોનો સંગ્રહ નથી, પરંતુ અમારા વિદ્યાર્થીઓના પરિશ્રમ અને તેમનામાં આવતા પરિવર્તનની ઝલક છે. એક આચાર્ય તરીકે મને ગર્વ છે કે લોકભારતીના આંગણે ઘડાઈ રહેલા આ ભાવિ શિક્ષકો આવતીકાલના ભારતને વધુ ઉજ્જવળ બનાવશે.

હું આ અંકના પ્રકાશનમાં સહયોગી બનેલા તમામ અધ્યાપક મિત્રો અને ઉત્સાહી તાલીમાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. આશા છે કે આ અંક વાચકોને લોકભારતીની શિક્ષણ પદ્ધતિ અને વિચારધારાને સમજવામાં મદદરૂપ થશે. આ.શ્રી.અરૂણભાઈ દવે મેને.ટ્રસ્ટીશ્રી, લોકભારતી, આ.એ.જે. પીપળીયા સાહેબ, શ્રેયાન અધિક્ષકશ્રી, પ્રા.શિ.નિ., ગાંધીનગર અને આ.શ્રી ભાવનાબેન પાઠક, સંચાલકશ્રી માઈધારનો આ અંકમાં પ્રેરણા પાથેય લેખ અને શુભેચ્છા સંદેશ આપવા બદલ આભાર વ્યક્ત કરું છું.

શ્રી જગદીશગિરિ ગોસાઈ
આચાર્ય,
લોકભારતી અધ્યાપનમંદિર

## હૈયું, મસ્તક, હાથની કેળવણી : '**स्मरणम् मधुरम्**'

નમસ્કાર,

3Hની કેળવણી જ્યાં જોવા મળે એવું અમારું અનોખું અધ્યાપનમંદિર. શિક્ષક હોવું એટલે સદાકાળ વિદ્યાર્થી હોવું. આખાય રાજ્યમાં અનોખી છાપ ઉપસાવતા અધ્યાપનમંદિરમાં શિક્ષક બનવા ઉત્સુક તાલીમાર્થીઓને વ્યક્તિત્વ સાથે શિક્ષકત્વના વિવિધ આયામો આત્મસાત કરાવવા શૈક્ષિણક કાર્યક્રમો ઉપરાંત અનેકવિધ પ્રવૃત્તિઓને માધ્યમ બનાવીને પ્રયોજવામાં આવે છે. એની ઝાંખી કરાવતા આ અંકમાં અધ્યયન અને અધ્યાપનમાં સમૂહ જીવનની નિજાનંદી પ્રવૃત્તિઓ અને સહઅભ્યાસિક કાર્યક્રમોમાં તાલીમાર્થી ભાગીદારીનું દસ્તાવેજીકરણ દૃષ્ટિગોચર થશે. પ્રવૃત્તિઓના મોતીઓ જેવા કે સર્જન, ખેલ, સંગીત, કલા, નૃત્ય, નાટક, અભિનય ગીત, પ્રશ્ન મંચ, પ્રકૃતિ દર્શન, આનંદ બજાર, કારકિર્દી માર્ગદર્શન, પ્રવાસ, ઇન્ટર્નશિપ, વગેરે એકસૂત્રે પરોવાઈને આ અંક માળા રચે છે. भगवद्गीता (7.7) में, भगवान कृष्ण कहते हैं- "मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव", जिसका अर्थ है कि यह संपूर्ण ब्रह्मांड मुझमें उसी तरह पिरोया हुआ है, जैसे एक धागे में मणि (मोती) पिरोए होते हैं।

પ્રતિ વર્ષની શૃંખલામાં આ વર્ષની કડી સાદર જોડીએ છીએ, જેની સૌંદર્યાત્મક પ્રતીતિ થયા વગર નહીં રહે.

આ માળાને અલંકૃત કરવામાં તાલીમાર્થીઓએ પોતાના અનુભવોની સંવેદનશીલ રજૂઆત દ્વારા, કમ્પ્યુટર કૌશલ્ય દ્વારા અને બૌદ્ધિક શ્રમ કરીને આ અંકમાં 3Hની કેળવણી તાલીમાર્થીઓની પ્રતિબિંબત થાય છે. અદ્યતન ટેક્નોલોજી(AI)ને પ્રયોજીને સ્માર્ટ વર્ક સાથે પ્રતિબધ્ધતાનો પરિચય આપ્યો છે તે સૌને ખૂબ ખૂબ અભિનંદન. શ્રી અમિતભાઈ સાસાણી અને શ્રી સંદિપભાઈ ઉંડવીયાના સહકાર અને આચાર્યશ્રીના સતત માર્ગદર્શન માટે આનંદ – આભાર વ્યક્ત કરું છું

શ્રી કવિતા વ્યાસ
અધ્યાપક
લોકભારતી અધ્યાપનમંદિર

# શુભેચ્છા સંદેશ

લોકભારતી સણોસરા અધ્યાપન મંદિર, ભાવનગર દ્વારા પ્રકાશિત થતા વાર્ષિક અહેવાલ 'સ્મરણમ્ મધુરમ'ના પ્રકાશન અવસરે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી આ.અરુણભાઈ દવે, નિયામકશ્રી, આચાર્યશ્રી જગદીશભાઈ ગોસાઈ, સર્વે અધ્યાપકગણ તથા ભાવિ નિર્માતા એવા સૌ તાલીમાર્થી ભાઈ-બહેનોને મારા હૃદયપૂર્વકના અભિનંદન.

લોકભારતી એટલે મારા મનમાં શિક્ષણની ગંગાની ગંગોત્રી અને ગીતા. જેની માટીમાં પગ મુકતા જ, જેના પગરજમાંથી મહાન અને તેજસ્વી પુંજ એવા કેળવણીકારોના તપની સુગંધ વર્તાય, તેવી આ પવિત્ર તપોભૂમિને હું વંદન....

શિક્ષણ એ માત્ર વર્ગખંડ પૂરતું સીમિત પુસ્તકિયું જ્ઞાન નથી, પરંતુ તે એક નિરંતર ચાલતી જીવનઘડતરની પ્રક્રિયા છે. આ સાચી 'કેળવણી'નો અહેસાસ લોકભારતી સણોસરા અધ્યાપન મંદિરમાં ડગલે ને પગલે થાય છે. અહીંના અધ્યાપકોની વિશેષતાઓ, તેમની નિષ્ઠા અને તેમનું સચોટ માર્ગદર્શન વિદ્યાર્થીઓના જીવનમાં જ્ઞાનનો નવો પ્રકાશ પાથરે છે.

મને વિશેષ આનંદ એ વાતનો છે કે આ સંસ્થામાં 'સમૂહજીવન' અને છાત્રાલય જીવનને કેળવણીનું અભિન્ન અંગ માનવામાં આવે છે. ગૃહપતિ અને ગૃહમાતાની નિરંતર મળતી હૂંફ અને વાત્સલ્ય વચ્ચે ખીલતું વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ એક ઉત્તમ અને સંવેદનશીલ નાગરિકના નિર્માણનો મજબૂત પાયો નાખે છે.

સવારનું પવિત્ર પ્રાર્થના સંમેલન હોય કે સાંજનું આહ્લાદક વાયુસેવન, આ રોજિંદી પ્રવૃત્તિઓ મન અને આત્માને શુદ્ધ કરી નવી આધ્યાત્મિક અને હકારાત્મક ઊર્જા પ્રદાન કરે છે.

વર્ષ દરમિયાન યોજાતા સવિશેષ અને યાદગાર કાર્યક્રમો જેવા કે બાલવાડી, ખજાના શોધ, સ્વયંપાક, આકાશદર્શન અને જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો તાલીમાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અત્યંત અકસીર નીવડે છે. દરેક કાર્યક્રમની વિશેષ અને આગવી ઢબથી થતી ઉજવણી, શૈક્ષણિક પ્રવાસો અને ઇન્ટર્નશિપના જીવંત અનુભવો વિદ્યાર્થીઓને કેવળ શિક્ષક જ નહીં, પરંતુ સમાજના એક જાગૃત પ્રહરી બનાવે છે.

આ તમામ યાદગાર ક્ષણો, વિદ્યાર્થીઓના પોતાના હૃદયસ્પર્શી મંતવ્યો, તેમના મૌલિક વિચારો, પેપર કટિંગ્સ અને સ્મૃતિરૂપ સુંદર ફોટાઓને 'સ્મરણમ્ મધુરમ'માં આલેખવાનો આ પ્રયાસ ખરેખર સરાહનીય છે. આ વાર્ષિક અહેવાલ માત્ર પાનાઓનો સમૂહ નથી, પરંતુ આખા વર્ષની મહેનત, ઉત્સાહ, સહકાર અને સામૂહિક આનંદનો અરીસો છે.

ભવિષ્યમાં પણ આ અધ્યાપન મંદિર ઉત્તમ શિક્ષકો અને સંસ્કારી નાગરિકો દેશને અર્પણ કરતું રહે તેવી મંગલકામનાઓ. 'સ્મરણમ્ મધુરમ' અંક અતિ લોકપ્રિય બને અને સૌ તાલીમાર્થીઓ માટે આજીવન પ્રેરણાદાયક સંભારણું બની રહે તેવી અંતઃકરણપૂર્વકની શુભેચ્છાઓ.

**ડૉ. અલ્પેશકુમાર જ્યંતિભાઈ પીપળીયા**
**શ્રેયાન અધિક્ષક**
**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,**
**ગાંધીનગર**

ગુરુત્વના યાત્રી, સંગીત મર્મજ્ઞ, વિદ્યાર્થી વત્સલ ગૃહપતિ અને ગુજરાતી કિશોર-કિશોરીઓને અનેક અંગ્રેજી સાહસકથાઓનો ગુજરાતીમાં રસાળ શૈલીમાં અનુવાદ કરીને પીરસનાર મૂળશંકર મો. ભટ્ટ જે અધ્યાપનમંદિરના પ્રથમ આચાર્ય હતા. તે અધ્યાપનમંદિરની ઉજ્જ્વળ પરંપરાઓની જ્યોત આજે પણ પ્રજ્વલિત છે ! તેનો હૈયે ખુબ જ હરખ છે! 'સ્મરણમ્ મધુરમ્' અને અધ્યાપનમંદિરની આજની તાલીમાર્થીઓની સંખ્યા, તેની સાક્ષી પુરાવે છે! અહીં તાલીમ પામેલ અનેક શિક્ષકોનુ પ્રદાન ગુજરાતની અનેક પ્રાથમિક શાળાને સરળ, પ્રવૃત્તિમય, ગુણવત્તાસભર અને મોજીલું બનાવવામાં અનેરું રહ્યું છે. પરંપરાઓનું જતન અને સંવર્ધન કરવા મથી રહેલા વર્તમાન કર્મઠ આચાર્યશ્રી જગદીશગિરિ ગોસાઈ અને અધ્યાપકોની ટીમને અભિનંદનવર્ષા ! તાલીમ લઈ રહેલા અને લઈને જનારા તમામ તાલીમાર્થીઓ આ પરંપરાને વધુ ઉજ્જવળ બનાવે તેવી દક્ષિણામૂર્તિદેવ પાસે પ્રાર્થના....

આગળ વધો... ઘણું જીવો...લોકભારતી અધ્યાપનમંદિર

**ડૉ. ભાવનાબેન પાઠક**
**માઇધાર**

# લોકભારતી અધ્યાપનમંદિર

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો ઉદેશ્ય છે, ગ્રામ નેતાગીરીનું નિર્માણ કરવું. ગ્રામ સમાજમાં નિર્ણાયક ભાગ ભજવનાર ત્રણ હોદ્દેદાર છે.

(1) પ્રાથમિક શાળાના શિક્ષકો

(2) સરપંચ અને ગ્રામપંચાયતના મંત્રી

(3) ગ્રામ સેવક

જો આ ત્રણે મોરચા બરાબર સંભાળવામાં આવે તો ગ્રામસમાજના ઉત્થાનમાં ઘણી ગતિ આવી શકે.આથી લોકભારતીની સ્થાપના પહેલા 1948માં ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા ખાતે અધ્યાપનમંદિરની સ્થાપના કરવામાં આવી હતી.

લોકભારતી અધ્યાપનમંદિરપ્રથમ ગ્રામદક્ષિણામૂર્તિ અધ્યાપનમંદિરતરીકે **1948**ના ઓગસ્ટ માસમાં સોનગઢના પ્રાંત બંગલામાં, સૌરાષ્ટ્ર રાજ્યના તત્કાલીન મુખ્યપ્રધાન સ્વ.શ્રી ઢેબરભાઈના શુભ હસ્તે ઉદઘાટિત થયું. બીજા સત્રમાં આંબલામાં આંબાવાડિયામાં ફેરવવામાં આવ્યું. નિવાસ માટે લીંપેલા-ગુંપેલા ઝુંપડા બનાવેલા અને વર્ગ માટે તંબુ ઊભો કરેલો. આંગણામાં સરસ મઝાની રંગોળીઓ અને ઝાડ પર પંખીઓના કલશોર. આવા વાતાવરણમાં કુદરતના ખોળે અધ્યાપનમંદિરચાલે.

પરિવાર ભાવનાવાળું છાત્રાલય જીવન, ગ્રામાભિમુખ જીવનપ્રણાલી, બાલપ્રેમ આધારિત તાલીમ એ તેની વિશેષતાઓ. સૌરાષ્ટ સરકારે અભ્યાસક્રમ અને પરીક્ષણોમાં સ્વાયત્તત્તા આપી હતી એટલે એ વિશેષતાઓ ઉપર કળશ ચડયો.

લોકભારતી 1953માં શરૂ થઈ. તે પછી તે ઉચ્ચ શિક્ષણની સંસ્થા હોવા છતાં અધ્યાપન મંદિરની પ્રવૃત્તિની મહત્તા સ્વીકારીને આંબલાની લોકશાળા સિવાયની અન્ય પ્રવૃત્તિઓ લોકભારતી સંસ્થાના પ્રાંગણ પર લઈ જવી તેમ નક્કી થતા અધ્યાપન મંદિરને જૂન 1954થી લોકભારતીમાં સ્થાન મળ્યું અને તેને લોકભારતીના પારિવારિક જીવન અને વાતાવરણનો લાભ મળ્યો. શિક્ષણમાં અતિ સંવેદનશીલ અને ફળદાયી ગાળો પ્રાથમિક શિક્ષણનો છે. તેમાં ઉત્તમ શિક્ષકો હોય તો વિદ્યાર્થીના ચારિત્ર્ય ઘડતરનો પાયો યોગ્ય રીતે બંધાઈ શકે, માટે લોકભારતીએ પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ ઉપર પ્રથમથી જ ધ્યાન આપ્યું હતું. વળી, પ્રાથમિક શાળાની કક્ષાથી જ બુનિયાદી કેળવણીના પાયાના તત્ત્વોનો વિનિયોગ કરવો હોય તો તેની અસરકારક તાલીમ પામેલા શિક્ષકો હોવા જોઈએ.

આ માટે પ્રયોગશીલતા આવશ્યક ગણાય. પ્રયોગશીલતા માટે સ્વાયત્તતા જરૂરી ગણાય. સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગે લોકભારતી અધ્યાપન મંદિરની સ્થાપનાથી પ્રવેશ ધોરણો ઠરાવવાની, શિક્ષણ પદ્ધતિઓ ઠરાવવાની, અને પરીક્ષા લેવાની સ્વાયત્તતા આપેલી. છેલ્લા 76 વર્ષથી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને લોકભારતી સંસ્થા જ પ્રમાણપત્ર આપે છે. તેને નોકરી માટે સરકારે માન્યતા આપેલી છે. બુનિયાદી શિક્ષણ માટેના શિક્ષકો તૈયાર કરવાના હોવાથી લોકભારતી અધ્યાપન મંદિરમાં પરિશ્રમ, સમૂહજીવન, સહશિક્ષણ, સમાજસેવા, વિસ્તરણ કાર્ય, સતત અને સળંગ મૂલ્યાંકન વગેરેને મહત્ત્વનું સ્થાન મળેલું છે. છેલ્લા કેટલાક વર્ષોથી કમ્પ્યુટર શિક્ષણ ફરજિયાત બનાવાયું છે. વિદ્યાર્થીઓ પોતાને જરૂરી કામ જેમ કે-ચિત્ર સ્કેન કરવું, પત્ર તૈયાર કરવો, અહેવાલ લેખન કરવું, પત્રકો તૈયાર કરવા, વર્ગશિક્ષણમાં જરૂરી સ્લાઇડ તૈયાર કરવી, વગેરે જેવા કાર્યો ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરી શકે છે. તેની પરીક્ષા પણ લેવામાં આવે છે.

આ વિભાગની વિશેષતાઓ નીચે મુજબ છે-

**(1) સમૂહજીવન** – સમગ્ર ગુજરાતમાં આ એક માત્ર અધ્યાપનમંદિરહતું જેમાં સહશિક્ષણ અને છાત્રાલય જીવન અનિવાર્ય ગણવામાં આવ્યું છે. આજે જી.સી.ઈ.આર.ટી. એ સ્વનિર્ભર પી.ટી.સી. કોલેજોમાં સહ-શિક્ષણ ફરજિયાત બનાવ્યું છે. લોકભારતીએ વર્ગશિક્ષણ અને સમૂહજીવનને કદી છુટા પાડ્યા નથી. વિદ્યાર્થીઓના ચારિત્ર્ય ઘડતર માટેની ઉત્તમ તકો સમૂહજીવનમાંથી મળે છે. વિદ્યાર્થીઓ છાત્રાલયની તમામ જવાબદારીઓ ઉપાડે છે, શિક્ષક-વિદ્યાર્થીના આત્મીય સંબંધો વિકસે છે. શિક્ષકોનું મમતાભર્યું માર્ગદર્શન મળે છે.

**(2) સમાજસેવા** – અધ્યાપનમંદિરદ્વારા સમાજસેવાના વિવિધ કાર્યક્રમો થાય છે. જેવા કે ગ્રામ સફાઈ, ગ્રામ શિબિર, ગ્રામસભા, પોલિયો રસીકરણમાં ભાગીદારી, સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનમાં ભાગીદારી, વાવાઝોડું, ભૂકંપ, સુનામી, દુષ્કાળ, રેલ જેવી કુદરતી આફતોમાં રાહત કાર્ય, રક્તદાન કેમ્પ, દંતયજ્ઞ આવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આજ સુધીમાં પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**(3) સમાજોપયોગી ઉત્પાદક ઉદ્યોગ** – સમજપૂર્વકનો ઉત્પાદક પરિશ્રમ આનંદદાયી અને ફળદાયી બને છે. કૃષિવિદ્યાના પ્લોટોમાં પ્રકૃતિના કાયદાનો અનુભવ પણ થતો રહે અને આ અનુભવ દ્વારા આનંદ અને આત્મતૃપ્તિ સાંપડતા રહે તો બહુ મોટું કામ થાય. એટલે અધ્યાપકો-તાલીમાર્થીઓ સંયુક્ત પ્રયાસે કૃષિવિદ્યાના પ્લોટોમાં પુરુષાર્થ કરે અને કૃષિવિજ્ઞાનનો પ્રત્યક્ષ અનુભવ કરતા કરતા ઊંચા ઉત્પાદનના શિખરો સર કરે, સાથે સાથે શ્રમજીવનનું ગૌરવ સ્થાપીને શ્રમજીવીઓ પ્રત્યેનો આદર કેળવે તેવી ભૂમિકા ઉભી કરવાના હેતુથી ખેતી ઉદ્યોગને પણ સ્થાન અપાયું છે. વાડોલિયું – ઔષધબાગ કે કોઈ એક ચોમાસું પાકમાં વિદ્યાર્થીઓ શરૂઆતથી અંત સુધી તમામ પ્રક્રિયાઓમાં જોડાય છે અને એ દ્વારા મળતું ઉત્પાદન યોગ્ય જગ્યાએ વપરાય છે. રોકડ રકમ ક્યારેક ગરીબ-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના લવાજમ કે પ્રવાસ ખર્ચ માટે પણ અપાય છે. વળી કાંતણ ઉદ્યોગમાંથી પણ દરેક વિદ્યાર્થી પસાર થતા હતા. આજે કમ્પ્યુટર શિક્ષણ ફરજિયાત બનતા અંબર કાંતવાનો અનુભવ નહીવત મળે છે. બદલાતા સંજોગો મુજબ તેના સ્વરૂપમાં ફેરફાર કર્યા છે. જેવા કે ગ્રામસફાઈ, ગ્રામસુશોભન, ભીંતસૂત્ર લેખન, શ્રમયજ્ઞ, ગ્રામશિબિર, પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમો, અંધશ્રદ્ધા-નાબૂદીના કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાન, સાક્ષરતા અભિયાન, નિદાન કેમ્પો, પોલિયો રસીકરણ, વિવિધ પ્રકારના સર્વેક્ષણ, બાળ આનંદમેળા, વિજ્ઞાનમેળા જેવા કાર્યક્રમોનું આયોજન વિદ્યાર્થીઓ અને અનુભવી અધ્યાપકો મળીને કરે છે. સાબુ બનાવટની પ્રક્રિયામાંથી પણ વિદ્યાર્થીઓને પસાર કરવામાં આવે છે. આથી આસપાસના ગામોની શાળાઓ સાથે એક પ્રકારનો પરિવારભાવ પેદા થયો છે. કોઈપણ કાર્યક્રમો શાળાઓના શિક્ષકો અને અધ્યાપનમંદિર પરિવાર સાથે મળીને યોજે છે!

**(4) અભ્યાસક્રમના ભાગરૂપે બાલવાડી શિબિર** – છેલ્લા 53 વર્ષથી અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ માટે બાલવાડી શિબિરનું આયોજન થાય છે. આ પ્રકારનો કાર્યક્રમ યોજાતો હોય તેવું આ એક માત્ર અધ્યાપનમંદિરછે. પાંચ દિવસ સુધી તાલીમાર્થી વિવિધ પ્રકારની કાર્યશાળાઓ-જીવનકૌશલ્ય કાર્યશાળા, સંગીત કાર્યશાળા, વિજ્ઞાન કાર્યશાળા, નાટ્ય કાર્યશાળા, રમત કાર્યશાળા, સર્જન કાર્યશાળાઓમાં વિવિધ પ્રકારના કૌશલ્યો શીખે છે. તેમની સાથે પ્રાથમિક શાળાના બાળકો પણ જોડાય છે. બીજા વર્ષના વિદ્યાર્થીઓ સમગ્ર શિબિરનું સંચાલન કરે છે. જ્યારે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ, તાલીમાર્થીઓ તરીકે દરેક શાળાઓમાં અનુભવ મેળવે છે. દરરોજ અનુભવી તજજ્ઞો દ્વારા બાલમાનસને સંલગ્ન વાર્તાલાપ યોજાય છે. લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને બાળગીતો, બાળવાર્તા-બાળનાટકોમાં પ્રતિબદ્ધતા હાંસલ કરવામાં તથા આત્મવિશ્વાસ કેળવવામાં અને બાલમાનસને સમજી શકવામાં આ શિબિરનો ફાળો રહ્યો છે.

**(5) અનુબંધિત શિક્ષણ ગ્રામસેવા અને વિસ્તરણ કાર્યક્રમો**- તાલીમાર્થીઓ જે શૈક્ષણિક વિચારો અને સિદ્ધાંતો ભણ્યા તેનો વ્યવહારમાં અમલ કરે ત્યારે જ સાચો અનુબંધ થયો ગણાય. આ માટે સતત શિક્ષણ માટે પંદર દિવસ જાય છે તેમાં શાળાની તમામ જવાબદારી ઉપાડે છે, સંચાલન કરે છે, પ્રશ્નો અને તેના ઉકેલો સમજે છે. ગ્રામ વિસ્તારમાં ચાલતી પ્રગતિશીલ શાળાઓનો અભ્યાસ અને પંદર દિવસ શાળાના કામનો અનુભવ લેતાં લેતાં કામ માટેનો આત્મવિશ્વાસ કેળવવાની તકો આ કાર્યક્રમ દરમ્યાન તાલીમાર્થીને સાંપડે છે. નિષ્ઠા અને દ્રષ્ટિવાળા ત્યાંના શિક્ષકો સાથે વાર્તાલાપ યોજીને સિદ્ધાંત અને વ્યવહારને સાંકળવાનો સભાન પ્રયાસ આ દરમિયાન કરવામાં આવે છે. આ સમય દરમિયાન તાલીમાર્થી કોઈ એક બાળક માટે આત્મીયતાભર્યો સંબંધ કેળવીને તેના વર્તનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ (કેસ સ્ટડી) કરે છે. આ દિવસો દરમિયાન શાળાના બાળકોને ગીતો, વાર્તાઓ, નાટકો વગેરેમાં પલોટીને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા અભિવ્યક્તિની તકો આપવામાં આવે છે. આ રીતે ગામના હજારો વાલીઓની હાજરીમાં બાળકો જ્યારે અભિવ્યક્તિ કરે છે ત્યારે તેમનામાં કેળવાયેલી કુશળતાથી ખુદ શિક્ષકો અને વાલીઓ આનંદ સાથે આશ્ચર્ય અનુભવે છે. પંદર દિવસને અંતે જ્યારે તાલીમાર્થી ભાઈ-બહેનો અધ્યાપન મંદિરમાં પાછા ફરતા હોય ત્યારે બધા બાળકો ભીની આંખે 'આવજો...આવજો' કહેતા હોય છે. ત્યારબાદ તાલીમાર્થી અને બાળકો વચ્ચે પત્રવ્યવહાર પણ ચાલુ રહ્યો છે. વળી, આસપાસના ગામની શાળાઓમાં વિજ્ઞાન શિક્ષણ પ્રયોગ દ્વારા શીખવવાની અનન્ય પદ્ધતિથી શ્રેણી 5-6-7-8 ના તમામ પ્રયોગો બાળકોને તાલીમાર્થીઓ કરાવે છે.

વિવિધ દિવસની ઉજવણી જેવી કે પર્યાવરણ દિન, રાષ્ટ્રીય વિજ્ઞાન દિન, શિક્ષક દિન, હિરોશિમા દિન, ચકલી દિન, ભાષાદિન, મહિલા દિન વગેરે જેવાં કાર્યક્રમો શાળાની સાથે રહીને ઉજવે છે. આ દરેક કાર્યક્રમોમાં તાલીમાર્થીઓ આયોજન-અમલ-મૂલ્યાંકનની પ્રક્રિયામાંથી પસાર થાય છે.

**(6) શૈક્ષણિક સાધન... સાહિત્ય નિર્માણ –** પ્રાયોગિક પાઠો દરમિયાન જે જે સાધનોની જરૂરિયાત ઊભી થાય તે સાધનો તાલીમાર્થીઓ જાતે બનાવી લે છે. વિવિધ ચાર્ટ્સ, ચિત્રો, નકશાઓ, વર્કિંગ મોડેલ, સંગ્રહ પોથી, વિવિધ વિષયના અંકો બનાવવા, પ્રદર્શન તૈયાર કરવું વગેરે જેવી અધ્યયન-અધ્યાપન સામગ્રી નિર્માણ કરવાનું કામ અહીંના તાલીમાર્થીઓ સસ્તી રીતે અને જાતે તૈયાર કરે છે. જે પ્રાયોગિક પાઠો દરમિયાન તથા સતત શિક્ષણ દરમિયાન ઉપયોગી બને છે.

**(7) સતત- સળંગ મૂલ્યાંકન –** વર્ષ દરમિયાન સમયાંતરે વિષય શિક્ષણનું સતત મૂલ્યાંકન થતું રહે છે. 50 ટકા મહત્ત્વ આંતરિક કસોટીઓનું અને 50 ટકા મહત્ત્વ વાર્ષિક પરીક્ષાનું છે. પરીક્ષાની સમગ્ર પ્રક્રિયા ભણાવનાર અધ્યાપકો જ કરે છે. લોકભારતી અધ્યાપનમંદિરજ માર્કશીટ આપે છે. ગ્રેડ પદ્ધતિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જી.સી.ઈ.આર.ટી. દ્વારા સમગ્ર ગુજરાતમાં તાલીમભવનો અને અધ્યાપન મંદિરોમાં જે જે કાર્યક્રમો કે બાબતો તાજેતરમાં ફરજિયાત અમલી બનાવાઈ રહી છે તે બાબતો આ અધ્યાપન મંદિરમાં શરૂઆતથી જ અમલી છે!

**(8) અધ્યયન પ્રક્રિયા –** મૂળ સૌરાષ્ટ્ર રાજ્યે અને પછી ગુજરાત રાજ્યે અધ્યયન પ્રક્રિયા અંગે લોકભારતી અધ્યાપન મંદિરને સ્વાયત્તતા આપેલી છે. સરકારના શિક્ષણ વિભાગે નિયત કરેલ અભ્યાસક્રમ ઉપરાંત જરૂરી મુદ્દાઓ તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓને અહીં સમાવવામાં આવે છે. જૂથકાર્ય, પ્રોજેક્ટ પદ્ધતિ, પરિસંવાદ, ચર્ચા, વ્યાખ્યાન, સ્વાધ્યાય જેવી પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ અહીં કરવામાં આવે છે. પ્રાર્થના સંમેલનની પ્રવૃત્તિને વિશેષ રીતે યોજવામાં આવે છે. દરેક તાલીમાર્થીઓને તેમાં બાળગીત-બાળવાર્તા-સુવિચાર-સમાચાર-વક્તવ્ય આપવાની તાલીમ અપાય છે.

**(9) શિક્ષણ- સેવા- વિસ્તરણની પ્રવૃત્તિઓ –** લોકભારતી દ્વારા યોજાતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે પ્રૌઢ શિક્ષણ, બાલમંદિર, ફરતું પુસ્તકાલય, ગૌ- ઔલાદ સુધારણા, અવૈદિક શિક્ષણ, નિદાન કેમ્પો, વ્યાખ્યાનો જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અવારનવાર ભાગીદાર બને છે. લોકભારતી અધ્યાપન મંદિરે આસપાસના 12 ગામોની શાળાઓ દત્તક લીધેલ છે. તેમનું શૈક્ષણિક સ્તર સુધારવા શિક્ષકો, તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવે છે. આસપાસની શાળાઓના બાગ સરસ થાય તે માટે ફૂલછોડ અને વૃક્ષોના રોપાનું વિતરણ પણ કરે છે. ઔષધબાગ નિર્માણ માટે પણ મદદ પૂરી પાડે છે  નિયમિત  વાલી સંમેલન યોજીને પ્રશિક્ષણાર્થીને  વાલી સંમેલન  કઈ રીતે યોજી શકાય તેની તાલીમ અપાય છે.

**(10) અભ્યાસક્રમને પૂરક એવી અનેક પ્રવૃત્તિઓ-** લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર સાથે ભાગીદારી કરીને આકાશદર્શન તેમજ વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં પ્રશિક્ષણાર્થીઓ સામેલ થાય છે જે તેને ભવિષ્યમાં પોતાની શાળામાં વિવિધ પ્રકારના મેળાઓ, તેમજ વિવિધ દિનની ઉજવણીમાં ઉપયોગી થાય છે. અધ્યાપન મંદિરના વિજ્ઞાનમંડળ દ્વારા વિજ્ઞાનના પ્રયોગો શાળામાં જઈને કરવામાં આવે છે. વિદ્યાર્થીઓનો વૈજ્ઞાનિક અભિગમ કેમ કેળવાય તેમજ પ્રયોગો માટે ખર્ચાળ સાધનો અનિવાર્ય નથી પરંતુ ઘરગથ્થુ, નકામી પડેલી, બિન ઉપયોગી વસ્તુઓથી પણ વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણના પ્રયોગો કરી શકાય છે. તેની પ્રશિક્ષણાર્થીઓ અને શાળાના વિદ્યાર્થીઓને ખાતરી થાય છે. છેલ્લા કેટલાક વર્ષથી વિદ્યાર્થીઓ વાચન શિબિરમાંથી સરસ રીતે પસાર થાય છે. સત્રમાં એક વખત વાચન શિબિરનું આયોજન કરવામાં આવે છે. આ દસ દિવસ દરમિયાન વિદ્યાર્થીઓ પોતાના ફુરસદના સમયમાં પોતાનું મનગમતું ઈતરવાચન કરે છે. શિબિર પૂર્વે અધ્યાપકો દ્વારા વાંચવાલાયક પુસ્તકોનો પરિચય તેમજ રસાસ્વાદ કરાવવામાં આવે છે. ત્યારબાદ વિદ્યાર્થી દસ દિવસ દરમિયાન વાંચેલા પુસ્તકોની ટૂંકી નોંધ કરે છે. છેલ્લા કેટલાક વર્ષથી લોકભારતીના તમામ વિદ્યાર્થીઓ માટે યોજાતી લોકભારતીય અભિમુખતા કાર્યક્રમમાંથી પણ વિદ્યાર્થીઓ પસાર થાય છે. લોકભારતી ગ્રામવિદ્યાપીઠના મૂળ વિચારને સમજવામાં તેમજ ગાંધી વિચારને સમજવામાં આ કાર્યક્રમ ઘણો અસરકારક બની રહે છે તેવું વિદ્યાર્થીઓનું કહેવું છે.

**(11) ભણતા ભણતા કમાણી-**

વિદ્યાર્થીઓ અહીંના વસવાટ દરમ્યાન વિવિધ વિભાગોમાં શ્રમ કરીને પોતાનો થોડો ઘણો ખર્ચ ઉપાડે છે.

**(12) કામમાં પડ્યા પછીય સંબંધ-**

તાલીમાર્થીઓ તાલીમકાળ દરમ્યાન બાળ શિક્ષણ, પ્રૌઢશિક્ષણ અને વિવિધ વિષયની વ્યવહારુ પ્રયોજનાઓ દ્વારા અનુભૂતિપૂર્ણ અધ્યયન કરે છે અને નઈતાલીમમાં શ્રદ્ધાવાળા કેળવણીકારો સાથે વિચારવિનિમય કરે છે. સંસ્થામાં કાર્યકરો પણ એ જ કેમ્પસમાં

રહેતા હોવાથી કાર્યકર વિદ્યાર્થી વચ્ચે આત્મીય સંબંધ બંધાય છે જે જીવનપર્યંત ચાલુ રહ્યા છે અને સારા-માઠા પ્રસંગે ઉપયોગી બન્યા છે.

તાજેતરમાં લોકભારતી અધ્યાપન મંદિરમાં પ્રાર્થનાખંડ માટેની તમામ રકમ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી મળી છે અને સૌના સહિયારા પ્રયાસથી પ્રાર્થનાખંડ તૈયાર થયો છે. કમ્પ્યુટરખંડ, સ્ટેજ, સ્માર્ટ ક્લાસરૂમ અને ઓપનક્લાસ તૈયાર થઈ ગયો છે. દર વર્ષે સંસ્થાના વાર્ષિકોત્સવ પ્રસંગે તેમજ અન્ય પ્રસંગે વિદ્યાર્થીઓ લોકભારતી આવતા રહે તેનું આ સુખદ સંભારણું છે! આ તાલીમાર્થીઓ સમગ્ર ગુજરાતમાં તમામ જિલ્લાઓમાં પથરાયેલા છે. સાવ અંતરિયાળ ગામોમાં પણ સરસ કાર્ય કરી રહ્યા છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ લોકભારતી અધ્યાપન મંદિરના અભ્યાસ દરમ્યાન જે જે શૈક્ષણિક મૂલ્યો મેળવ્યા છે તેનો વિનિયોગ તેઓ પોતાની શિક્ષક તરીકેની કામગીરીમાં કેટલો કરે છે તેને આધારે અધ્યાપન મંદિરની કામગીરી સફળતાને માપી શકાય. તેમાં નીચે મુજબની વિશેષતાઓ જોવા મળી છે.

**(૧) લોકભારતી અધ્યાપન મંદિરમાં અભ્યાસ કર્યો હોય તેવા શિક્ષકો સફાઈ અને સુશોભન તથા સમયપાલનના આગ્રહી હોય છે.**

**(૨) સમાજ સાથે સાયુજ્ય સ્થાપી શકે છે.**

**(3) બધી પ્રવૃત્તિઓ જવાબદારીપૂર્વક રીતે કરે છે.**

**(૪) નવા વિચારો કે પ્રયોગોને આવકારે છે. પોતાના અધ્યાપન કાર્યમાં પ્રયોગો કરે છે.**

**(૫) વિવિધ રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક પર્વોની ઉજવણી સરસ રીતે કરે છે.**

**(૬) તેમનામાં નેતાગીરીના ગુણો કેળવાયેલા હોય છે.**

**(૭) વિષય શિક્ષણ પરત્વે નિષ્ઠા તથા જાગૃતિ તેમનામાં દેખાય છે.**

**(૮) લોકભારતી અધ્યાપન મંદિરના અનેક વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન થયા છે.**

લોકભારતી અધ્યાપન મંદિરની ઉત્તમ પરંપરાઓ અને શૈક્ષણિક દ્રષ્ટિના નિર્માણમાં ઋષિવર્ય-વિદ્વાનઅને વિદ્યાર્થી વત્સલ કેળવણીકાર શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ પંચોળી, શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ, શ્રી ન.પ્ર.બૂચ, શ્રી ચુનીભાઈ શાહ અને અનુભવી-કર્મઠ આચાર્યો અને અધ્યાપકોનું પ્રદાન અનેરું રહ્યું છે. તેથી પ્રયોગશીલતા જળવાઈ રહી છે.લોકભારતીના પ્રાંગણ પરની પ્રવૃત્તિઓ અને શૈક્ષણિક વાતાવરણનો લાભ અધ્યાપન મંદિરને પણ મળે છે.

લોકભારતી અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને શિક્ષક તરીકે તમામ જિલ્લાઓમાં આવકારવામાં આવે છે.કાર્યની પ્રામાણિકતા અને નિષ્ઠાથી તેમણે પોતાનું સ્થાન ઊભું કર્યું છે. ઊગતી પેઢીના શિક્ષણ દ્વારા તેઓ પણ ગ્રામોત્થાનમાં ફાળો આપે છે.

લોકભારતી ગ્રામવિદ્યાપીઠનું પ્રવર્તમાન ટ્રસ્ટી મંડળ અને કાર્યવાહકો જેઓની હૂંફ અને માર્ગદર્શન અધ્યાપનમંદિર વિભાગને સતત મળતા રહે છે.


- **આ.શ્રી અરુણભાઈ દવે — મેનેજીંગ ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી રઘુવીરભાઈ ચૌધરી — મેનેજીંગ ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી રામચંદ્રભાઈ પંચોળી — ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ — ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી દિપેશભાઇ શ્રોફ — ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી. મધુકરભાઈ પારેખ — ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી. લવજીભાઈ ડાલિયા — ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી. હસમુખભાઈ પટેલ — ટ્રસ્ટી શ્રી**
- **આ.શ્રી. હસમુખભાઈ દેવમુરારિ — નિયામક શ્રી**

અત્યાર સુધીમાં અધ્યાપન મંદિરમાં આચાર્ય તરીકે સેવાઓ આપનાર મહાનુભાવો આ મુજબ છે.

- શ્રી મુળશંકરભાઈ મો. ભટ્ટ
- શ્રી લક્ષ્મણભાઈ ભ. પટેલ
- શ્રી ચુનિભાઈ શાહ
- શ્રી મણીભાઈ પંડ્યા
- શ્રી ગણેશભાઈ ડાભી
- શ્રી નરેન્દ્રદેવ પાઠક
- શ્રી દેસુરભાઈ આહિર
- શ્રી ચંપકભાઈ સોની
- શ્રી રાજેન્દ્રભાઈ ઉપાધ્યાય
- શ્રી હસિતભાઈ મહેતા
- ડૉ. શ્રી ભાવનાબેન એન.પાઠક
- શ્રી અજયભાઈ કે. પંડ્યા (ઇન્ચાર્જ આચાર્ય)
- શ્રી જગદીશગિરિ ગોસાઈ (હાલ આચાર્ય)

## બાળ કેળવણી

હું જો શિક્ષકોને સમજાવી શકું તો પ્રાથમિક શિક્ષણને સારું પાઠયપુસ્તક બંધ કરું અથવા પાઠયપુસ્તકો માત્ર શિક્ષકો સારું જ રાખું. પુસ્તકોની રચના જુદી જ હોય. બાળકને પ્રથમ કક્કો શીખવવાને બદલે ડ્રોઈંગ શીખવવુ કે જેથી બાળક પ્રથમથી જ સુંદર આકૃતિઓ કાઢતા શીખે. બારાખડી પૂરી કરતાં ભલે તેને બેથી ત્રણ વર્ષ જાય. એ ત્રણ વર્ષમાં મુખેથી બાળક ને ઘણું વ્યવહારીક જ્ઞાન અપાય. તેને ગીતાજી વગેરેમાંથી શ્લોકો ગોખાવી તેની સ્મરણશકિત કેળવાય. તે વાટે તેના કાન કેળવાય. તેની જીભ શુદ્ધ ઉચ્ચારણ સારુ કેળવાય ને તેની આંખને અવલોકતાં કેળવાય. આમ બાળકની બધી શકિતઓનો વિકાસ એકસાથે કરાય. દરમિયાન અક્ષરજ્ઞાનને નોખી કળારૂપે ખીલવી શકાય. આજકાલ જુવાનિયાઓના અક્ષર એટલા બધા ખરાબ હોય છે કે ચીતરી ચડે, વાંચતા કંટાળો આવે. હું જાતઅનુભવે આ વાકયો લખી રહ્યો છું, કેમ કે, મારા અક્ષર એવા ખરાબ છે કે મને કોઈની ઉપર કાગળ લખતા શરમ આવે છે ને મારા અક્ષર વિશે મને હંમેશા ખેદ રહે છે. જેમ કાચું અનાજ ખવાય નહી તેમ કાચા અક્ષર લખનાર જંગલી ગણાય. તેના વાંચવાનો બહિષ્કાર હોવો જોઈએ એમ મને ઘણી વેળા લાગ્યુ છે.

જો પ્રાથમિક કેળવણીને વિશે આ પહેલું અને આવશ્યક પગલું ભરીએ તો ઘણા ખર્ચમાંથી બચી જઈએ, એટલું જ નહી પણ બાળકોના આયુષ્યમાં વધારો કરીએ, કેમ કે તેના વિકાસમાં વધારો કરીએ.

- ગાંધીજી

(ગાંધીજીનો અક્ષરદેહ - ૨૫માંથી સારવીને)

# આપણી વિવિધ પ્રવૃત્તિઓ

લોકભારતી અધ્યાપનમંદિર લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો એક વિભાગ હોવાથી લોકભારતી ગ્રામવિદ્યાપીઠની આચારસંહિતા, નીતિ નિયમો તેમજ સંસ્થામાં વર્ષ દરમ્યાન યોજાતા તમામ કાર્યક્રમોમાં અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના ભાગરૂપે જોડાય છે. તેમજ જી.સી.ઈ.આર.ટી. અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા યોજાતા કાર્યક્રમોમાં પણ વિદ્યાર્થીઓ ભાગ લે છે. આમ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ નીચે જેવી પ્રવૃત્તિઓ અને અમલમાં જોડાય છે.




કેળવણી એટલે કક્કો શીખીને બેસી રહેવું એમ નહિ,
પણ કેળવણી એટલે આપણને હકો શું કહે છે તે જાણવું.
હકોની સાથે આપણી જવાબદારી તથા ફરજ શી છે તે સમજવું.
આવી કેળવણી કરોડો માણસોમાં ફેલાવવાની છે.

-ગાંધીજી

# દૈનિક સંમેલનમાં રજૂ થતા કાર્યક્રમો

- પ્રાર્થના
- બાલગીત
- સુવિચાર
- સમાચાર
- પ્રસંગ વાચન-પ્રશ્નોત્તરી
- આજની તારીખ આજનો પ્રસંગ
- પુસ્તક પરિચય
- વિશેષ
- બે બોલ
- સંઘગાન-ઋતુગીત

**દૈનિક સંમેલન**

| વાર | પ્રાર્થના | સંઘગાન | વિશેષ |
|---|---|---|---|
| સોમવાર | ઓમ તત્ સત..... | હમ એક હે..... | એકાદશ વ્રત |
| મંગળવાર | મંદિર તારું ..... | રાષ્ટ્રની જય..... | પ્રતિજ્ઞા |
| બુધવાર | અમે તો તારા..... | જય જગત..... | ઘડિયાગાન |
| ગુરુવાર | ઇતની શક્તિ..... | ધરતીકી શાન..... | પ્રતિજ્ઞા (હિન્દી) |
| શુક્રવાર | **GOD'S LOVE.....** | **WE SHALL.....** | પ્રતિજ્ઞા (અંગ્રેજી) |
| શનિવાર | અધરં મધુરં..... | ભોમિયા વિના..... | શ્લોક ગાન |

**દર શુક્રવારે વિશિષ્ટ સંમેલન**

શિક્ષકની પ્રાર્થના

હે સર્જનહાર !
મારા ચોર્યાસી લાખ અવતારમાં
એક મને
ચોમાસાનો અવતાર આપો !
જેથી મારા જ્ઞાનનાં ફોરા વડે
બાળકોને ભીંજવી દઉં અને
સર્જી દઉં
સર્વત્ર માણસાઈની સંસ્કૃતિ !

# 'શિક્ષણનું અધ્યાત્મ'

બ્રહ્માંડમાં અબજોની સંખ્યામાં આકાશગંગા(ગેલેક્સી)ઓ છે, જેમાં આપણી 'મિલ્કી વે ગેલેક્સી' માં તારાઓના જન્મ અને મૃત્યુની ઘટનાઓ સતત ચાલતી રહે છે. આપણી આકાશગંગાના 480 અબજ જેટલા તારાઓમાં સૂર્ય ચોથી પેઢીનો એક સામાન્ય તારો છે. પાંચેક અબજ વર્ષના સૂર્યના પરિવારમાં પૃથ્વી ત્રીજા સ્થાને છે. પૃથ્વી નસીબવંતી છે કારણ કે તે સૂર્યથી યોગ્ય અંતરે છે; તે એટલી નજીક નથી કે દાજી જાય અને એટલી દૂર નથી કે થીજી જાય. પૃથ્વીને આકાર પકડતા અને જળ-સ્થળ સ્થિર થતા આશરે એક અબજ વર્ષ લાગ્યા.

આશરે ૩.૮૫ અબજ વર્ષ પહેલાં પૃથ્વી પર આવરણીય રચનાઓ સ્થિર થઈ. વાતાવરણમાં ઓક્સિજન, હાઈડ્રોજન અને કાર્બન જેવા તત્ત્વો સંયોજાવા લાગ્યા. સમુદ્રની સપાટીથી ૩૦ ફૂટ ઊંડે, જ્યાં સૂર્યના પારજાંબલી કિરણો ક્ષીણ  થઇ જતા હતા. ત્યાં એમિનો એસિડ જેવા પ્રાથમિક જીવરસનું સર્જન થયું. ૨૩ પ્રકારના એમિનો એસિડ યોગ્ય ક્રમમાં ગોઠવવાથી પ્રથમ DNA તૈયાર થયો અને 'કૉએસર્વેટસ' નામના સૌ પ્રથમ જીવંત બિંદુઓ પેદા થયા. એક અર્થમાં આપણે જેને નિર્જીવ પદાર્થો કહીએ છીએ તેમાંથી પ્રથમ સજીવ સંચાર થયો!!

વાતાવરણમાં ઓક્સિજન વધતા ઓઝોન વાયુનું રક્ષક કવચ બન્યું, જેણે સજીવોને પારજાંબલી કિરણોથી બચાવ્યા. આશરે ૩ અબજ વર્ષ પહેલાં 'યુકેરિયોટિક' સજીવ કોષો જન્મ્યા, જેમાંથી મુખ્ય બે ફાંટાઓ વિકસ્યા. એક વનસ્પતિ સૃષ્ટિ: જેણે કાર્બન ડાયોક્સાઈડની મદદથી ખોરાક બનાવવાની સ્વાવલંબી ક્ષમતા કેળવી અને બીજી પ્રાણી સૃષ્ટિ: જેણે અન્ય પદ્ધતિથી ખોરાક મેળવવાની બૌદ્ધિક ક્ષમતા મેળવી.

સર્જનહારે પ્રથમ જીવબિંદુમાંથી આધુનિક માનવ (હોમોસેપિયન) સર્જવા માટે ૨ અબજ ૯૯ કરોડ ૯૯ લાખ વર્ષ જેટલો સમય લીધો. માણસ અન્ય પ્રાણીઓ જેવો માત્ર 'પ્રાકૃત' જીવ નથી; તેણે પોતાની બુદ્ધિ, સંવેદના અને કલ્પનાશક્તિથી પોતાની આગવી સંસ્કૃતિ ઊભી કરી. જ્યારે માણસની પાયાની જરૂરિયાતો સંતોષાઈ ગઈ ત્યારે ઋષિઓએ ધ્યાન અને તપ દ્વારા સુખનું પગેરું શોધવા પ્રયત્ન શરુ કર્યા. જેમાં તેમણે વર્ષોની તપશ્ચર્યા બાદ અનુભવ્યું કે સાચું સુખ તો  આત્માના સાક્ષાત્કારમાં જ છે, આ અનુભવોને બધા સુધી પહોંચાડવાના હેતુથી વેદ અને ઉપનિષદોની રચના થઈ. સામાન્યજન સમજી શકે તેથી  જીવાતા જીવનના દ્રષ્ટાંતોથી સમજણ અપાઈ.

વાસ્તવમાં જીવન એ સુખની શોધ નથી, પણ સત્યની શોધ છે. રોજીંદા જીવનના ૨૪ કલાકનું આ રીતે વિભાજન કરીને જીવનશૈલી ગોઠવવી એ આધ્યાત્મિક વ્યવસ્થાપન છે.

- **33% સમય (૮ કલાક): શરીરને સંભાળવા માટે, જીવતા તંદુરસ્ત રહેવા માટે.**
- **33% સમય (૮ કલાક): આજીવિકા અને જીવનનિર્વાહ માટે, ખોળિયાના પોષણ માટે.**
- **33% સમય (૮ કલાક): ભીતરની પ્રસન્નતા અને મોજ માટે, આત્માના પોષણ માટે.**

શિક્ષણ એ સાધ્ય  નથી. સાધન છે. તેના વડે જીવનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની છે. શિક્ષણ એ મૂળભૂત રીતે 'આનંદયાત્રા' હોવી જોઈએ, પણ આજે તે ડર, સ્પર્ધા અને હાર-જીતનું 'યુદ્ધ' બની ગયું છે. સાચું શિક્ષણ માણસને જડ નહીં, પણ જીવંત અને સંવેદનશીલ બનાવે છે. વર્ગખંડનું શિક્ષણ જો વ્યવહારુ જીવનમાં કે ખેતરમાં કામ ન આવે, તો તે 'વાંઝિયું' છે. શિક્ષણનું મુખ્ય કાર્ય ખોળિયાનું અને આત્માનું સમતુલિત પોષણ કરવાનું છે.

શરીરને બુદ્ધિથી અને આત્માને હૃદયથી પોષવાના છે. જેમ શરીરને વિવિધ પ્રકારના ખોરાકની જરૂર છે તેમ આત્માને પણ વિશિષ્ટ પ્રકારના ખોરાકની જરૂર છે પરંતુ આ ક્ષેત્રે ખાસ કામ થયું નથી. આપણે ખોળિયાના પોષણની જ ચિંતા અને વ્યવસ્થા કરી. આપણે સમજ્યા જ નહિ કે સત્ય, પ્રેમ અને કરુણા એ આત્માનો મુખ્ય ખોરાક છે.સત્કર્મ, સત્સંગ અને નિર્મળ મન એ આત્માના પકવાન છે.માણસાઈ એ આત્માને ભાવતી મીઠાઈ છે!! ઘસાઈને ઊજળાં થવું એ આત્માનું ભજન છે.

આત્મા અવિભાજ્ય, પૂર્ણ, શાંત, નિર્દોષ અને સનાતન છે. નરસિંહ મહેતા અને મીરાંબાઈએ પણ આત્માને ઓળખ્યા વિનાના ' ફેરા' ને નકામો – નિષ્ફળ ફેરો જ કહ્યો છે.

અધ્યાત્મ એટલે 'આત્મા તરફ જવાની ગતિ'. વિકાસ એ જીવનનો અનિવાર્ય ગુણધર્મ છે અને જીવનવિકાસનું સર્વોત્તમ માધ્યમ કોઈ હોય તો તે છે અધ્યાત્મ. આત્મા મેળવવાનો કે ગુમાવવાનો નથી, પણ તેનો સ્વીકાર કરવાનો છે. આત્મા અને શરીર એ માનવરૂપી પંખીની બે પાંખો છે. માણસે આ પાંખોની મદદથી જીવનરૂપી સાગરમાં સુક્ષ્મમાં પ્રવેશવાનું છે અને વિશાળ ગગનમાં વિહરવાનું પણ છે.

ઈશ્વરનો અભિગમ સમગ્રતાનો છે. જીવનમાં દરેક બાબતનો સહર્ષ સ્વીકાર કરવો એ જ દિવ્ય જીવનની ગુરુચાવી છે. અધ્યાત્મમાં કર્તા અને કૃતિ અલગ નથી; જેમ નૃત્ય અને નૃત્યકાર એક છે. ચિત્ર અને ચિત્રકાર એક છે તેમ. આત્માને પામવાની અનુભૂતિ કરાવતી અધ્યાપન મંદિરમાં અપાતી સંવેદનશીલ કેળવણી જ માનવને પરમ તત્ત્વ સુધી પહોંચાડી શકે છે. અનુભવ દ્વારા અપાતી જીવાતા જીવનનું અનુબંધિત બુનિયાદી નઈ તાલીમની કેળવણી એ મનુષ્યત્વને ઉજાગર કરતી ગુરુચાવી છે. એ આપણા ખોળિયા અને આત્મા એમ બંનેના પોષણ માટેનું ઉત્તમ ઔષધ છે.

**ઘણું જીવો આત્મા(અધ્યાપન)મંદિર!**

**અરુણ દવે**
**મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,**
**લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા**

"વર્ગમાં હું આનંદિત ચહેરે જઈશ, વિદ્યાર્થીઓના નમસ્કાર
પ્રેમપૂર્વક ઝીલીશ, તેમની વચ્ચે બેસીશ ને તેમના ખબર અંતર
પૂછીશ, તેમનાં કપડાલત્તા, આંખ, નખ તપાસીશ અને સાફકરાવીશ.
પછી સૌને કહીશઃ
"ચાલો, આપણે આંખો મીંચી શાંત બેસીએ, તે વખતે
હું એકાદ ભજન ગાઈશ,એકાદ વાર્તા કહીશ. હસીને હું તેમને કહીશઃ
"પાઠ તૈયાર ન થયા હો તો કરી લ્યો. જે પાઠ તૈયાર કરી લાવ્યા હશે તેમને
બીજાને શીખવવા મોકલીશ. પાઠ પૂરા કરીને સૌની
સાથે રમવા ઉપડીશ ને પછી ભેગા મળી પ્રાર્થના કરી ઘેર જઈશ.

- ગિજુભાઈ બધેકા

# લોકભારતી અધ્યાપનમંદિરમાં યોજાયેલ ક્ષમતાવર્ધક કાર્યક્રમ 2025-'26

| ક્રમ | તારીખ | વક્તા/પ્રવૃત્તિ | વિષય/વિગત |
|---|---|---|---|
| 1 | 07-07-2025 | | પ્રથમવર્ષનો પ્રવેશોત્સવ |
| 2 | 08-07-2025 | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | સત્રારંભ કાર્યક્રમ |
| 3 | 08-07-2025 | ડૉ. અરુણભાઈ દવે | વ્યાખ્યાન |
| 4 | 10-07-2025 | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | વ્યાખ્યાન |
| 5 | 11-07-2025 | | સંસ્થાદર્શન |
| 6 | 14-07-2025 | શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી | વ્યાખ્યાન |
| 7 | 17-07-2025 | શ્રી કાંતિભાઈ ગોઠી | વ્યાખ્યાન |
| 8 | 03-08-2025 | | અધ્યાપન સ્થાપનાદિન |
| 9 | 03-08-2025 | | પ્રથમ-દ્વિતીય વર્ષ ઈન્ટર્નશીપ |
| 10 | 11-08-2025 | શ્રી ઉમાકાંતભાઈ રાજ્યગુરુ | ભાષા સજ્જતા |
| 11 | 12-08-2025 | શ્રી મૂળશંકરભાઈ ભલાણી | હસ્તાક્ષર સુધારણા કાર્યક્રમ |
| 12 | 13-08-2025 | ખજાના શોધ | પ્રકૃતિ દર્શન |
| 13 | 22-08-2025 | શ્રી દિનુભાઈ ચુડાસમા | વિશિષ્ટ સંમેલન |
| 14 | 04-09-2025 | | સ્વયં શિક્ષકદિનની ઉજવણી |
| 15 | 15-09-2025 | ચેતનભાઈ પટેલ | સ્પર્ધાત્મક પરીક્ષા માર્ગદર્શન સેમીનાર |
| 16 | 04-10-2025 | મહેન્દ્રભાઈ ચોટલીયા | શૈક્ષણિક વાર્તાલાપ |
| 17 | 03-12-2025 | ડૉ. પુજિતાબેન મહેતા | માનસિક તણાવ |
| 18 | 08-12-2025 | | રાષ્ટ્રીય પરિસંવાદ - 2025 ભારતીય શિક્ષા અને પદ્ધતિઓ |
| 19 | 11-12-2025 | શ્રી હસમુખભાઈ દેવમુરારિ, ધરતીબેન | આકાશ દર્શન |
| 20 | 11-12-2025 | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | આપણા બાળકોને ઓળખીએ |
| 21 | 12-12-2025 | શ્રી જગદીશભાઈ ગોસાઈ | દિવાસ્વપ્ન આસ્વાદ |
| 22 | 15-12-2025 | અધ્યાપનમંદિર પરિવાર | સ્વયંપાક |
| 23 | 25-29/12/2025 | | 54મો બાલવાડી શિબિર |
| 24 | 16-01 થી 30-01 | ઇન્ટર્નશિપ | ભાવનગર, બોટાદ, અમરેલી, ગીર, રાજકોટ |
| 25 | 04-02-2026 | | માનસિક સ્વાસ્થ્ય સુધારણા કાર્યક્રમ પરમાર્થ ફાઉન્ડેશન |
| 26 | 21-02-2026 | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી |

| | | | |
|---|---|---|---|
| 27 | 23-02-2026 | Fun & Knowledge Carnival | D.V.Vaghani વિદ્યાસંકુલ, ગારીયાધાર |
| 28 | 28-02-2026 | આ.શ્રી. અર્ચનાબેન દવે | રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી |
| 29 | 05-03-2026 | પ્રથમ વર્ષ / દ્વિતીય વર્ષ | આસપાસની 17 શાળાઓમાં ઉજવણી |
| 30 | 20-03-2026 | આ.શ્રી.વી.ડી.બાલાસાહેબ અને આ.શ્રી. રમેશભાઈ | વિશ્વ ચકલી દિવસ |

# લોકભારતી ગ્રામવિદ્યાપીઠમાં સમૂહના કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વક્તા/પ્રવૃત્તિ | વિષય/વિગત |
|---|---|---|---|
| 1 | 10-07-2025 | મનહરભાઈ ત્રિવેદી | લોકભારતીની ગુરૂ પરંપરા |
| 2 | 12-07-2025 | ફિલ્મ દર્શન | લાપતા લેડીઝ |
| 3 | 26-07-2025 | સમૂહ ગરબી | |
| 4 | 09-08-2025 | છાયાબેન પારેખ | રક્ષાબંધન |
| 5 | 29-08-2025 | રમેશભાઈ સંઘવી | લોકભારતીનો સંદેશ |
| 6 | 05-09-2025 | જ્યેન્દ્રસિંહ જાદવ | ઈત્તર પ્રવૃત્તિ એ જ અત્તર પ્રવૃત્તિ |
| 7 | 19-09-2025 | રેલી | સરદાર સંકલ્પ યાત્રા |
| 8 | 02-10-2025 | પ્રકાશભાઈ આમ્ટેજી/મોરારિ બાપુ | દિક્ષાંત કાર્યક્રમ |
| 9 | 08-11-2025 | સમૂહ ગરબી | |
| 10 | 06-12-2025 | આનંદબજાર | |
| 11 | 10-12-2025 | ડૉ. અરુણભાઈ દવે | લોકભારતી પરિચય |
| 12 | 10-12-2025 | દિલીપભાઈ શાહ | ગોષ્ઠિ બેઠક |
| 13 | 19-12-2025 | જય વસાવડા | જીવન જીવવાની કળા (બારશ) |
| 14 | 02-03-2026 | સાહસ દોડ | |
| 15 | 03-03-2026 | હોલીકા દહન | |
| 16 | 04-03-2026 | ધૂળેટી ( રંગોત્સવ ) | |

# "મારા સાચા મિત્રો, મારા પુસ્તકો"

પુસ્તકો આપણા મિત્રો હોય છે એ વાત તો સાચી પણ આ મિત્રો મને અહીં લોકભારતી અધ્યાપન મંદિરના દર્શક પુસ્તકાલયમાં મળ્યા. અહીં પુસ્તકાલયમાં ઘણા બધા પુસ્તકો છે, જેને જીવનના વિવિધ માર્ગે વિવિધ મુશ્કેલીઓમાં પણ તમારો સાથે આવે જો તમે એને વાંચો અને તેમના પ્રત્યે પ્રેમ રાખો તો. મને પુસ્તકો વાંચવાનો એવો કોઈ ખાસ શોખ હતો નહીં પણ હું જ્યારે પ્રથમ વર્ષમાં આવી ત્યારે મને ખબર પડી કે અહીં દર્શકપુસ્તકાલય છે. એટલે એમ થયું કે ચાલો આ પુસ્તકાલયની મુલાકાત લઈએ. પુસ્તકાલયમાં જો કોઈ સારું પુસ્તક મળશે, તો વાંચીશું નહીતર મુલાકાત લઈને પાછા. હું ગઈ પુસ્તકાલયમાં મેં પુસ્તકો જોયા તો આમ તો બધા જ સારા લાગ્યા એટલે કયું પુસ્તક વાંચવું તે ખબર ન પડી. પછી અમારા દ્વિતિય વર્ષના હેમાંગીબાએ મને એક પુસ્તક આપ્યું તે પુસ્તકનું નામ હતું 'આયનો' જે અશ્વિની ભટ્ટનું હતું. તે પુસ્તકથી શરૂ થઈ મારી પુસ્તકો સાથેની મૈત્રી. મને નવલકથા વધુ ગમતી અને તેમાં મારો રસ વધે તે માટે મને મારા દ્વિતિય વર્ષના બહેનો અને અમારા અધ્યાપકો મને પુસ્તકોના નામ આપતા કે આ પુસ્તક તુ વાંચજે તે સારું છે.

આવી રીતે મારી પુસ્તકો વાંચવાની શરૂઆત થઈ હતી. હું એક પછી એક પુસ્તકો વાંચવા માંડી હું કોઈ નવલકથા હાથમાં પકડું એટલે તેમાં એટલી ઊંડી ઉતરી જાવ કે ક્યારેક-ક્યારેક મને ખાવાનું કે સુવાનું પણ ભાન ના રહે. આ રીતે લગાતાર મારો પુસ્તકો પ્રત્યેનો પ્રેમ વધતો રહ્યો. એક વાર તો એવું બન્યું કે હું એક નવલકથા વાંચી રહી હતી જેનું નામ હતું 'કલ્કિ'. આ કથા પૌરાણિક હતી એટલે એકવાર વર્ગખંડમાં અજયભાઈએ કીધું કે તમારે જે કરવું હોય તે કરો. એટલે આપણને તો વાંચનના શોખીનને એમાં પણ પુસ્તકમાં કહાની તેવી ચાલતી હતી એટલે હું પુસ્તક વાંચવા લાગી. મને અજયભાઈએ શરૂ વર્ગમાં ટકોર કરી કે વર્ગખંડમાં પુસ્તક ન વાંચ પણ પુસ્તકમાં ચાલી રહેલું યુદ્ધમાં હું એવી ખોવાઈ ગઈ કે મને ખબર જ ન રહી. તેમણે મને ટકોર કરી છે.

આમ આવા ઘણા કિસ્સા મારા જીવનમાં બન્યા છે કે હું પુસ્તકમાં ખોવાયેલી હોય ને મને બીજું કંઈ પણ ખબર ન રહે. મારા મિત્રો મીરા, ક્રિષ્ના, કવિતા, હેતલ અને રિધ્ધિ તેમને જો મારું કામ હોય તો અને જો મારા હાથમાં પુસ્તક હોય તો તેમણે મને પકડી હલાવવી પડે, મને બોલાવે તો મને ખબર ન પડે. તે હલાવીને કહે કે "તું પુસ્તકમાંથી બહાર આવ તારું કામ છે".

મારી એટલી પુસ્તકો સાથેની મૈત્રી વધી ગઈ છે કે મારે પુસ્તક વાંચવાનો સમય કાઢવો નથી પડતો. તે આપોઆપ નીકળી જાય છે. રાત્રે સુતા પહેલા જ્યાં સુધી ચાર-પાંચ પેજ વાંચી ન નાખું ત્યાં સુધી મને હવે ઊંઘ નથી આવતી.

આ તો મારી વાત હતી પણ આવી રીતે ઘણા બધા અધ્યાપનમાં હશે એવા લોકો કે જેને દર્શકપુસ્તકાલયની મદદથી સારા મિત્રો મળ્યા હશે. બધા એમ કહે છે કે પુસ્તકો વાંચવાથી કંટાળો આવે છે. પણ મારું માનવું એવું છે કે એક પુસ્તકમાં તમને ખુશ કરવાની તથા રડાવવાની, તેમજ લાગણીશીલ બનાવવાની, દયાવાન બનાવાની, વિદ્વાન બનાવવાની, નિડર બનાવવાની, સાચા અર્થમાં માનવ બનાવવાની ત્રેવડ હોય છે. એક પુસ્તક તમારી જિંદગી બદલી શકે છે. એટલે તો કહેવાયું છે કે પુસ્તકો જેવા સાચા મિત્રો કોઈ નથી જો તમે પુસ્તકોનો હાથ પકડશો, તો તમે ક્યારેય નારાજ નહીં થાવ.

આપણા દર્શકપુસ્તકાલયમાં આવેલ રામાયણ, મહાભારત અને ગીતા જેવા પવિત્ર પુસ્તકોએ મારા જીવનની ઘણી મુશ્કેલીઓ દૂર કરી છે. એટલે જ તે પુસ્તકો હંમેશા વાંચતા રહેવા જોઈએ. અને છેલ્લે મારી વાત પંક્તિમાં રજુ કરું તો-

**કિતાબોની મહેક છે ત્યાં શબ્દોની દુનિયા છે, જ્યાં જઈએ ત્યાં જ્ઞાન ભરી અજોડ સ્વપ્ન સૃષ્ટિ છે, એ અમારી દર્શકપુસ્તકાલય.**
**હરેક પાનું કંઈક નવી કહાની કહે છે, અક્ષરોની વચ્ચે અદભૂત જાદુની સૃષ્ટિ છે.**
**શાંત સુફી સંગીત જેવું વાતાવરણ છે, અહીંનું કંઈક વાંચનનો કંઈક વિચારોની સરગમ છે.**
**જ્યાં જ્ઞાનનો દિપક રોજ પ્રજ્વલિત થાય, એવું સુંદર પ્રકાશમય પુસ્તકાલય છે અમારું**

**- ગોહિલ સ્નેહાબેન**

# અધ્યાપનમંદિરમાં કલરવ

અમારી શિક્ષણ સંસ્થા માત્ર ભણવાનું સ્થળ નથી પરંતુ તે માનવજીવનનું ઘડતર કરતું પવિત્ર સ્થળ છે આથી જ તેને "અધ્યાપન મંદિર" કહેવાય છે મંદિર જેમ મનને શાંતિ, સંસ્કાર અને આધ્યાત્મિતા આપે છે તેમ અધ્યાપનમંદિરજ્ઞાન, મુલ્યો અને વ્યક્તિત્વનું નિર્માણ કરે છે. જયારે આ અધ્યાપન મંદિરમાં તાલીમાર્થીઓની ચહલપહલ, સર્જનાત્મકતા પ્રવૃત્તિઓ અને આનંદમય વાતાવરણ ગુંજે છે. ત્યારે "કલરવ" સર્જાય છે.

પ્રાર્થનાથી જ વાતાવરણ પવિત્ર બની જાય છે. તાલીમાર્થીઓનું સમૂહગાન, પ્રેરણાદાયી વિચારો અને શિક્ષકો માર્ગદર્શનથી અમારૂં સંમેલન ઉર્જાવાન બને છે. વર્ગખંડમાં શિક્ષક માત્ર પાઠયપુસ્તક પૂરતું મર્યાદિત રહેતું નથી પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાનને જીવંત બનાવવામાં આવે છે. અમારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, રમત-ગમત વિજ્ઞાન પ્રદર્શન, નિબંધ વકતૃત્વ સ્પર્ધાઓ અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ તાલીમાર્થીઓનાં સર્વાંગી વિકાસમાં મદદરૂપ બને છે. આવા કાર્યક્રમોમાં તાલીમાર્થીઓ પોતાની પ્રતિભા રજૂ કરે છે. આત્મવિશ્વાસ વધારે છે અને ટીમવર્ક શીખે છે.

આ આનંદરૂપ ગુજારવો જ શિક્ષણને રસપ્રદ અને અસરકારક બનાવે છે. અધ્યાપન મંદિરમાં ક્લરવનું મહત્વ એ છે કે તે શિક્ષણને બોજરૂપ બનવા દેતુ નથી આનંદ અને શિસ્ત સાથેનું શિક્ષણ જીવનમૂલ્યો, સહકાર, સમયપાલન અને જવાબદારી જેવા ગુણોને વિકસાવે છે શિક્ષક અને તાલીમાર્થી વચ્ચેના સ્નેહભર્યા સંબંધ પણ આ કલરવને વધુ અર્થપૂર્ણ બનાવે છે.

આ રીતે, અધ્યાપન મંદિરનું સાચું સૌંદર્ય તેના કલરવમાં વસે છે જ્યાં જ્ઞાન સાથે આનંદ, સંસ્કાર સાથે સર્જનાત્મકતા અને શિસ્ત સાથે સ્વતંત્ર વિચારનું સંયોજન થાય છે અને જવાબદાર નાગરિકો ઘડાય છે આપણે સૌ અધ્યાપન મંદિરમાં આ સકારાત્મક કલરવ જાળવી રાખવાનો પ્રયત્નશીલ રહીએ.

**"અધ્યાપન મંદિરનું કલરવ જ**
**ભવિષ્યના ઉજ્જવળ સમાજની પાયાની ઈંટ છે."**

**- મકવાણા પ્રિયંકાબેન**



# "રમત દ્વારા ગણિત શિક્ષણ – એક સર્જનાત્મક શૈક્ષણિક સાધન સામગ્રી અનુભવ"

હું શિયાળ આશા, ડી.એલ.એડ. ની વિદ્યાર્થીની છું. હું લોકભારતી અધ્યાપન મંદિર, સણોસરા ખાતે ડી.એલ.એડ. નો અભ્યાસ કરું છું. શૈક્ષણિક સાધન સામગ્રી પરીક્ષા દરમિયાન મેં ગણિત વિષયમાં "દેડકાની રમત" નામનું એક શૈક્ષણિક સાધન (શૈક્ષણિક સાધન સામગ્રી) તૈયાર કર્યું હતું. આ શૈક્ષણિક સાધન સામગ્રી તૈયાર કરતી વખતે મને નવીન રીતે વિચારવાનો અને સર્જનાત્મકતા દર્શાવવાનો સારો અવસર મળ્યો. મારા શૈક્ષણિક સાધન સામગ્રી ના માર્ગદર્શક તરીકે શ્રી અજયભાઈ પંડ્યા અને શ્રી કવિતાબેન વ્યાસ રહ્યા હતા. તેમના માર્ગદર્શનથી મને આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવાની પ્રેરણા મળી.

ગણિત વિષય ઘણી વાર બાળકોને કઠિન અને નિરસ લાગે છે. પરંતુ જો તેને રમતમાં જોડીને શીખવવામાં આવે તો બાળકો માટે તે સરળ અને રસપ્રદ બની જાય છે. આ વિચારને ધ્યાનમાં રાખીને મેં "દેડકાની રમત" નામનું શૈક્ષણિક સાધન સામગ્રી બનાવ્યું. આ શૈક્ષણિક સાધન સામગ્રી માટે મેં એક મોટો ચાર્ટ તૈયાર કરીને તેમાં ક્રમવાર 1 થી 100 સુધીની સંખ્યાઓ લખી. સાથે જ રંગીન કાગળમાંથી દેડકાના આકારો બનાવીને તેને રમત માટે ઉપયોગમાં લીધા.

આ રમત દ્વારા વિદ્યાર્થીઓ દેડકાને સંખ્યાઓ પર કૂદકાવતાં રમતા-રમતા ગણિતના વિવિધ નિયમો શીખી શકે છે. આ શૈક્ષણિક સાધન સામગ્રી દ્વારા સરવાળો, બાદબાકી, ઘડિયા, એકડા, સમ સંખ્યા, વિષમ સંખ્યા, લ.સા.અ અને ગુ.સા.અ. જેવા ગણિતના મુદ્દાઓ સરળતાથી સમજાવી શકાય છે. આ રીતે વિદ્યાર્થીઓ રમતા-રમતા જ ગણિતના કઠિન લાગતા વિષયો સહેલાઈથી સમજી શકે છે.

**"શબ્દોથી નહીં, રમતમાં જ્ઞાન વહેંચાય છે,**
**દેડકાની કૂદકે ગણિત સહેજે સમજાય છે.**
**ચાર્ટ અને રંગોથી પાઠ જીવંત બને છે,**
**બાળહૃદયમાં શીખવાનો દીપ પ્રગટાય છે.**
**શૈક્ષણિક સાધન સામગ્રી થી સર્જનાત્મક ફૂલ બની ખીલે,**
**શિક્ષકના ભવિષ્ય માટે પ્રયત્ન રચાય છે."**

આ શૈક્ષણિક સાધન સામગ્રી માં નવીનતા લાવવા માટે મેં બાળકોને જૂથોમાં વહેંચીને સ્પર્ધાત્મક રીતે રમત રમાડી શકાય તેવી પદ્ધતિ પણ અપનાવી. જેના કારણે બાળકોમાં સહકારભાવ, વિચારશક્તિ અને ઝડપથી ગણતરી કરવાની કુશળતા વિકસે છે. આ પ્રવૃત્તિથી બાળકોમાં શીખવાની ઉત્સુકતા પણ વધે છે.

મારું શૈક્ષણિક સાધન સામગ્રી અમારા અધ્યાપનના આચાર્યશ્રી તથા તમામ અધ્યાપકોને ખૂબ જ ગમ્યું. મારી સાથે તાલીમમાં જોડાયેલા દરેક તાલીમાર્થીઓએ પણ તેનો સુંદર અનુભવ કર્યો અને તેની પ્રશંસા કરી. અમારા અધ્યાપનના વિવિધ શૈક્ષણિક સાધન સામગ્રીની સમજૂતી સાથે આચાર્યશ્રીએ તેને યુટ્યુબ "Jagdishgiri Gosai Lokbharti" પર પણ મૂક્યા છે, જેથી જેને જરૂર હોય તે આ શૈક્ષણિક સાધન સામગ્રીની સમજૂતી સાથે તેનો ઉપયોગ કરી શકે.

જ્યારે મારા શૈક્ષણિક સાધન સામગ્રી ની પ્રશંસા સાંભળવા મળી ત્યારે મને મારા પર ગર્વ થયો કે મારામાં પણ સર્જનાત્મક શક્તિ રહેલી છે. આ અનુભવથી મને સમજાયું કે શિક્ષકમાં સર્જનાત્મકતા અને નવીન વિચારધારા હોવી ખૂબ જ જરૂરી છે. શૈક્ષણિક સાધન સામગ્રી શિક્ષણને જીવંત, રસપ્રદ અને આનંદમય બનાવે છે. ભવિષ્યમાં હું વધુ નવીન અને અસરકારક શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવાનો પ્રયત્ન કરીશ.


**"રમતમાં ગણિત શીખવીએ તો સહેલું બની જાય છે,**
**દેડકાની કૂદકે જ્ઞાન મનમાં રમતું બની જાય છે.**
**ચાર્ટ પર સંખ્યાઓ સજીને સ્મિત પાથરે છે,**
**બાળહૃદયમાં શીખવાનો ઉત્સવ બની જાય છે.**
**આગળ-પાછળ કૂદતા જોડાણ સમજાય સહેજે,**

બાદબાકીનો ભય પણ પળમાં ઓગળી જાય છે.
રંગીન કાગળમાંથી સર્જનનો દીપ પ્રગટે,
શિક્ષકનો નાનો પ્રયાસ પ્રેમનું સ્વરૂપ બની જાય છે.
શૈક્ષણિક સાધન સામગ્રી  થી પાઠ બને આનંદમય સફર,
શિક્ષકનું દરેક ક્ષણ યાદગાર બની જાય છે."

આ સમગ્ર અનુભવ મારા માટે ખૂબ જ યાદગાર રહ્યો. આ માટે હું લોકભારતી અધ્યાપન મંદિર, સણોસરા, આચાર્યશ્રી, તમામ અધ્યાપકો, માર્ગદર્શકો અને જાણતાં-અજાણતાં મદદ કરનારા તમામ મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

**બાલદેવો ભવ**

- **શિયાળ આશાબેન આઈ.**



# લોકભારતીના સંગે...કેળવણીની કેડીએ...

**"અમે તો આવ્યા હતા શિક્ષક બનવા,**
**પણ આ અધ્યાપને અમને ફરીથી બાળક બનાવી દીધા."**

અમારી આ સફરનો આરંભ એક ચુનૌતીની સાથે બાળ કેળવણીમાં ગુજરાતની ગૌરવ સમી સંસ્થા લોકભારતી અધ્યાપન મંદિરમાં બાલદેવોભવ વિચારને ચરિતાર્થ કરવાના હેતુ સાથે થયો. સૌ પ્રથમ દ્વિતીય વર્ષમાં સુરતથી લોકભારતી - સણોસરામાં આવવાનો આનંદ અને આ સંસ્થાના ભાવાવરણમાં ભળવા માટે પ્રયાસ શરૂ કરી દીધા હતા. અમે હતા તો નવા ચહેરા પરંતુ જૂની પરંપરાઓને તેમજ સાચા અર્થની કેળવણીને ચરિતાર્થ કરવા માટે અને કેળવણીની સાચા અર્થની તાલીમ માટે અમે ચારેય મિત્રો લોકભારતી અધ્યાપનમંદિરપ્રવેશ્યા અને સૌથી પહેલા અધ્યાપન મંદિરના આચાર્યશ્રી જગદીશગિરિ ગોસાઈ સાહેબે અમને સારાંશમાં સંસ્થા અને અધ્યાપન મંદિરની ઝાંખી આપી. આ લોકભારતીમાં નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી, નટવરલાલ બુચ, મૂળશંકર ભટ્ટ જેવા અનેક મહાત્માઓ એ પોતાનું જીવન કેળવણી અને ભવિષ્યના બાળકોના સર્વાંગી વિકાસ માટે જે બલિદાન આપ્યું હતું, તેવી તપોભૂમિમાં તેની સોડમ હવે અમે સૌ અનુભવી રહ્યા હતા.

**"કેળવણી એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પણ જીવન જીવવાની કળા છે."**

ત્યારબાદ અમારા ચારેય મિત્રોની મુલાકાત અધ્યાપક એવમ ગૃહપતિ અમિતભાઈ સાસાણી સાથે થઈ અને તેઓ અમને છાત્રાલય તરફ દોરી ગયા. ત્યારબાદ અમે બધી જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ કર્યા બાદ બરાબર બપોરના 2-00 ના ટકોરે મંદિરના તાલીમાર્થીઓની તેમજ અધ્યાપક ગણ વચ્ચે ઉપસ્થિત થયા અને સૌ કોઈને પોતાનો ટૂંકમાં પરિચય આપ્યો.

આ ડી.એલ.એડ. અભ્યાસક્રમની અંદર અમારી જીવનશૈલીમાં અનુક્રમે શ્રમનું ગૌરવ, સમૂહજીવન, યોગ - કસરત, યજ્ઞાર્થ સફાઈ, પ્રાર્થના-સંમેલન, વિવિધ બાળ પ્રવૃત્તિઓ આવરી લીધી હતી. એમાં પણ ખુશી એ વાતની છે કે, થોડા દિવસો માં જ ચારેય મિત્રોની અતૂટ જોડી હવે એક પરિવારની જેમ એકબીજાને સહકાર, ભવિષ્યના સપના સાથે તેમજ મુશ્કેલીના સમયમાં એકબીજાને ઢાલ બન્યા. એમાં પણ અમારા આદરણીય ગુરૂજનો એવા અધ્યાપકોની કૃપા દ્રષ્ટિ ફળી...
એમાં પણ સવિશેષ માર્ગદર્શન તેમજ કેળવણીના પાઠ શીખવવા આદરણીય આચાર્યશ્રી જગદીશગીરી ગોસાઈ તો દરરોજ 15 થી 20 મિનિટનો મહામૂલો સમય કાઢીને અમને સતત માર્ગદર્શન પૂરું પાડતા રહ્યા. ઉપરાંત ગૃહપતિ અજયભાઈ પંડ્યા અને અમિતભાઈ સાસાણી કે જેઓ દરરોજ સાયંમ  પ્રાર્થના બાદ થતી હાજરી પછી છાત્રાલયના સમૂહ જીવનના ગુણો વિકસે તે માટે ક્યાંક ટકોર તો ક્યાંક પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા હતા.

ઉપરાંત, આદરણીય કવિતાબેન વ્યાસ પણ અમને હંમેશા ઉત્સાહથી નવું શીખવા, જાણવા અને જીવનમાં ઉતારવાના વિચારો પૂરા પાડ્યા. તદુપરાંત, 54મો બાલવાડી શિબિર અને વાર્ષિક પાઠ આયોજન દરમિયાન કવિતાબેન વ્યાસ, સંદીપભાઈ ઉંડવીયા તેમજ અવનિબેન દવે દ્વારા સતત માર્ગદર્શન મળતું રહ્યું... સાથે અમારા અધ્યાપન મંદિરના કારકુન એવા પ્રવિણભાઇ પણ ટેટ (TET)ની પરીક્ષા ચાલતી હતી ત્યારે મૂલ્યાંકન - ગુણપત્રક તૈયાર કરીને અમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું...

**"અમે આવ્યા હતા તો મધદરિયે પણ હવે અમે આ સંસ્થાનો અભિનયના અવિભાજ્ય હિસ્સો બની ગયા."**

આ અમારી નાનકડી સફરમાં સૌથી તેજસ્વી વળાંક અને સમગ્ર તયાં કેળવણીનો સારાંશ એટલે અમારી 54મો બાલવાડી શિબિર. નાના ભૂલકાંઓના કિલકિલાટ વચ્ચે અભિનય કરતા કરતા, ગીતો ગાતા ગાતા, સર્જન પ્રવૃત્તિ કરતા કરતા, અવનવી રમત રમતા રમતા,  નાટકનો અનોખો સ્વાદ માણતા માણતા અમે સમજ્યા કે સાચો શિક્ષક એ જ છે જે બાળકની આંખમાં જોઈને સૃષ્ટિનું સર્જન જોઈ શકે. અધ્યાપનમંદિરના પવિત્ર વાતાવરણમાં સવારની પ્રાર્થનાથી લઈને રાત્રીના સાંસ્કૃતિક કાર્યક્રમ સુધીની તથા તેથી એ આગળ અમારી થયેલી ગોષ્ઠિ સુધીની દરેક ક્ષણે અમારામાં કંઈક રોપ્યું છે અને અમને ઘડ્યા છે.

આ કેળવણીના ધામમાં વાતાવરણ, ભાવાવરણ, શ્રમ, સ્વાવલંબન, અને પ્રાર્થનાનો અનુભવ થયો. અમારા ગુરુજનો એવમ અધ્યાપકો પાસેથી જીવનભરનું અનુભવવાનું ભાથુ મળ્યું. માટીની સુગંધ સાથે અને પકૃતિની વચ્ચે લીધેલું પ્રત્યક્ષ અને પ્રવૃત્તિમય શિક્ષણ અમને ક્યારેય નહીં ભૂલાય.કારણ કે એજ અમારા વ્યક્તિત્વમાં આવેલું એક પરિવર્તનરૂપ પાસું છે. આ અધ્યયન મંદિરની યાદીના આલ્બમમાં ભલે ફોટાઓ તો નથી પરંતુ ઇન્ટર્નશિપ, શિબિર અને સંસ્થાના યાદગાર અનુભવો અમારા સૌના માનસપટલ ઉપર અમિટ છાપ છોડી ગયા છે.

ઉપરાંત, સંસ્થાની અવનવી પ્રવૃત્તિ જેવી કે આનંદ બજાર, સ્વયં પાક, વાર્ષિકોત્સવ, વિજ્ઞાન દિવસની ઉજવણી, ટેટ માટે રોજ લેવાતી મોક ટેસ્ટ, વાર્ષિક પાઠનું આયોજન, હોળી ધૂળેટીની ઉજવણી જેવી તો અગણિત કૃતિ અને પ્રવૃત્તિ જે અમોને હરહંમેશ યાદ રહેશે.

**"શૈક્ષણિક સત્ર તો અડધે પહોંચી ગયું હતું પણ અમારા ચારેય માટે તો એક નવું જ જીવનનું પ્રકરણ ઉમેરાવાનું ચાલુ થઈ ગયું હતું."**

સામાન્ય રીતે, લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રવેશ મેળવવો એ જ પડકાર જનક હોય છે પણ અમે અહીં આવીને શિક્ષણતત્ત્વની કડીઓ અને લોકભારતી અધ્યાપનની વડવાઈઓ નીચે અમને ખરેખર લાગ્યું કે, આ તો દરિયાનો ખજાનો છે અને અમે તો માત્ર છબછબિયા કરીએ છીએ. બસ જેટલો સમય મળ્યો એમાં અમે ખુદને કેળવણીના પગથિયે ખીલવવાનું શીખ્યા. જે બદલ અમે હર હંમેશા લોકભારતી અધ્યાપનમંદિરના આચાર્ય શ્રી, અધ્યાપક ગણ, સૌ કોઈ મદદકર્તા તેમજ સહપાઠી તાલીમાર્થીઓના આભારી છીએ...

**"આ અહેવાલ એ માત્ર અમારા અભ્યાસ અને અનુભવનો સાર નથી પણ ચાર મિત્રો માટે સાચા અર્થની કેળવણીની મથામણ, મહેનત અને મૈત્રીનો દસ્તાવેજ છે"**

**"લોકભારતી અધ્યાયન મંદિર એટલે અમારા સંસ્કારનું સરનામું"**

**નમણી નાની લોકભારતી, સંસ્કારોની ખાણ,**
**જ્યાં માનવતાના પાઠ ભણાવાય, એ જ સાચું જ્ઞાન.**
**ખેતર-વાડી, ગાયો-ગોપાલ, પ્રકૃતિ કેરો સાથ,**
**નવી કેળવણી, નવા વિચારો, જોડીએ હાથે હાથ.**
**ગાંધી-વિનોબાના પથ પર ચાલી, ઘડાય અહીં ઇન્સાન,**
**લોકભારતીના આંગણે હરખાય, આપણું ગુજરાત અને શાન.**
**અધ્યાપનનું મંદિર અમારું, અજવાળે સૌના મન,**
**સેવા-સમર્પણ કાજે જીવીએ, ધન્ય છે આ જીવન!**

## બાલદેવો ભવ

- સેરઠીયા પ્રિન્સભાઈ
- સુથાર આનંદભાઈ
- અજુડિયા જયભાઈ
- અંટાળા નિરવભાઈ

# ડરથી આનંદ સુધી: મારી પ્રયોગશીલ પરીક્ષાની એક અનોખી સફર

જીવનની ઘણી ક્ષણો આપણને ઘણું શીખવી જતી હોય છે. મારા માટે આવી જ એક સફર એટલે મારી પરીક્ષાની સફર. હું જ્યારે ધોરણ ૧ થી ૯ સુધી અભ્યાસ કરતી હતી, ત્યારે મને પરીક્ષાનો ભારે ડર લાગતો હતો. આ ડરને કારણે જ હું ધોરણ ૧૦ માં નાપાસ થઈ હતી. તે સમયે હારી-થાકીને મેં ભણવાનું જ છોડી દીધું હતું. પણ કહેવાય છે ને કે હિંમત અને પ્રોત્સાહન ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિને પણ બદલી શકે છે. મારા જીવનમાં પણ એવું જ થયું. મારા ભાઈએ મને ખૂબ પ્રોત્સાહન આપ્યું અને મને ફરીથી ભણવા માટે તૈયાર કરી. ત્યારપછી મેં ધોરણ ૧૧ અને ૧૨ માં અભ્યાસ શરૂ કર્યો. મનમાં ડર તો હતો જ, વિશ્વાસ અને મારી મહેનતને કારણે હું તેમાં સફળ રહી.

જ્યારે હું અધ્યાપન મંદિરમાં આવી, ત્યારે જાણે મારા જીવનની એક નવી જ શરૂઆત થઈ. અહીં આવ્યા પછી મારો પરીક્ષાનો ડર ગાયબ જ થઈ ગયો! હવે પરીક્ષા આપતી વખતે મને ડર લાગતો નથી, પણ એક તહેવાર જેવો આનંદ અનુભવાય છે. મેં પરીક્ષાને તહેવારની જેમ માણવાની શરૂ કરી દીધી હતી. અમારા આચાર્યશ્રી જગદીશભાઈ પરીક્ષાનું આયોજન ખૂબ જ જુદી જુદી પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓ દ્વારા કરતા. ક્યારેક 'ઓપન બૂક એક્ઝામ' (Open Book Exam), તો ક્યારેક રમતગમત સાથે પરીક્ષા લેવાય. ક્યારેક તો અમને ખબર જ ના પડે કે આ પરીક્ષા ચાલી રહી છે કે કોઈ તહેવારની ઉજવણી!આ સફરમાં અમારા અધ્યાપક અજયભાઈ પંડ્યાનું યોગદાન પણ અમૂલ્ય છે. તેઓ અમને અલગ-અલગ પ્રવૃત્તિઓ દ્વારા મૂલ્યાંકન કરતા. ક્યારેક પઝલ કરાવે, ક્યારેક પાંદડાંમાંથી અનોખા આકાર બનાવડાવે, તો ક્યારેક કાગળ કાપવાની અનોખી કળા શીખવાડે.

અમારા અમિતભાઈ જ્યારે પરીક્ષા વિશે સમજાવતા, ત્યારે પણ તેઓ વર્ગમાં ડિબેટ (debate) કરાવતા. એ ડિબેટમાં તેઓ પાઠને લગતા મુદ્દાઓ લાવતા અને ચર્ચા-વિચારણામાં જ અમારું મૂલ્યાંકન કરી નાખતા. આ પ્રવૃત્તિને કારણે પરીક્ષા અમને બોજ ન લાગતાં મનોરંજન જેવી લાગવા માંડી હતી. અમે કોઈપણ ચિંતા વગર, મોજ કરતાં-કરતાં પરીક્ષા આપવા લાગ્યા હતા.

જ્યારે સંગીતની પરીક્ષા શરૂ થાય ત્યારે તો અમને પહેલા ત્રણ ગીતો જ યાદ આવી જતા: ૧. માધાકાકાના ખેતરમાં, ૨. ગોલુડો ઘાટ, ૩. હવા ભરવાને લાવો પંપ. તેમાંય જગદીશભાઈ, અમિતભાઈ અને અજયભાઈનો અવાજ અને તેમની સાથે કરેલી અભિનયની મસ્તી ખૂબ યાદ આવે છે.

કવિતાબેન કોમ્પ્યુટરની પરીક્ષા પૂર્વે એક્સ્ટ્રા ક્લાસ ગોઠવીને સંપૂર્ણ અભાયાસક્રમનું રીવીઝન કરાવીને પ્રેક્ટીકલ પરીક્ષાઓ ગોઠવતા જેથી પ્રેક્ટીસને કારણે વાર્ષિક પરીક્ષા અમારી માટે સરળ બનતી. ટી.એલ.એમ. બનાવવાની તો મોજ જ અલગ અને પી.ટી.ની પરીક્ષા લેવાના હોય, તેના આગલા દિવસોમાં તો અમે અમારું બાળપણ ફરીથી જીવી લેતા હતા. અમે નાના બાળકની જેમ રમતો રમતા અને લેઝીમ-ડંબેલ્સના દાવ શીખતા. જ્યારે પરીક્ષા હોય ત્યારે ત્યાંનો માહોલ ખૂબ જ પવિત્ર અને આધ્યાત્મિક જેવો લાગવા માંડતો. બેન અમને પહેલા ઓમકાર કરાવતા, જેનાથી અમારું મન એકદમ શાંત થઈ જતું હતું.જ્યારે અમે સંદીપભાઈ પાસે જઈને પૂછીએ, ત્યારે તેઓ અમને પરીક્ષા વિશે બધી માહિતી આપે અને હિંમત આપતા કહેતા, ‘ડરશો નહિ’. તેમનું સ્મિત અંધકારમાં દીવા સમાન બની રહેતું. તેઓ અમને કહેતા કે ‘આ પરીક્ષાની નહિ, પણ ઉત્સવની તૈયારી કરો’. ભુપેન્દ્રભાઈ તો અમને ડુંગરાઓમાં લઈ જઈને ચિત્રની પરીક્ષા લેતા. પ્રકૃતિની વચ્ચે, રંગોની મોજ સાથે, પવન, આકાશ અને ડુંગરાની વચ્ચે અમે અમારું બાળપણ ફરીથી જીવતા શીખ્યા હતા. આ પરીક્ષા ન રહીને અમારા માટે એક અનોખો પ્રવાસ બની જતી હતી.અવનિબેન વિજ્ઞાનના વિવિધ પ્રયોગો કરાવીને અમને વિજ્ઞાનના નવા વિચારો કરવા માટે પ્રેરિત કરતા હતા.

વિજ્ઞાનના પ્રયોગોમાં કંઈ કેટલાય રહસ્યો છુપાયેલા હોય છે. આ જાદુ કરતાં-કરતાં અમારું મૂલ્યાંકન થતું અને થોડા જ સમયમાં ક્યારે પરીક્ષા પૂરી થઈ જાય, તે અમને ખબર જ ન રહેતી. જ્યારે અમારી લેખિત પરીક્ષાઓ શરૂ થતી, ત્યારે તો જાણે અમે ધોરણ ૩ થી ૮ માં અભ્યાસ કરતા હોઈએ એવું લાગતું હતું. આ તમામ પરીક્ષાઓ અને પ્રવૃત્તિઓમાં અમે ખૂબ જ ઉત્સાહથી ભાગ લેતા હતા. અમારા જીવનની આ એક ખૂબ જ ખાસ અને મીઠી યાદી બની રહી છે.

**દરેક પળ અપાવે બાળપણની યાદ, હાસ્યમાં છુપાયેલી નિર્દોષ વાત. મિત્રો સાથે વિતાવેલી ક્ષણો, દિલમાં સદાય રહેશે ખાસ.પણ આ પરીક્ષાની વાત કંઈક અલગ જ રહી, અહીં જવાબ નહિ, લાગણીઓ લખાઈ ગઈ. દરેક ગુરુના આશીર્વાદ સાથે રહ્યા, દરેક પળમાં હુંફનો અહેસાસ રહ્યો.આ પરીક્ષા ફક્ત વિષયોની ન હતી, આ તો જીવાતા જીવનમાં શીખવતી એક વાત હતી. અધ્યાપન મંદિરના આ દિવસો, જીવનભર યાદ રહે એવી સૌગાત હતી.**

**- મયાત્રા ક્રિષ્ણાબેન**

# છાત્રાલય: ઘર થી દૂર એક ઘર

લોકભારતીનું છાત્રાલય માત્ર રહેવા માટેનું સ્થળ નથી પરંતુ વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટેનું મહત્વપૂર્ણ કેન્દ્ર છે અહીં તાલીમાર્થીઓને શિસ્તબદ્ધ, સ્વાવલંબી, અને સહકારની ભાવનાથી જીવન જીવવાની કેળવણી મળે છે.

છાત્રાલય જીવનમાં તાલીમાર્થી એક પરિવારની જેમ રહે છે અહીં તેઓ પરસ્પર સહકાર, મિત્રતા અને જવાબદારી શીખે છે. નિયમિત સમયપત્રક પ્રમાણે ઊઠવું, અભ્યાસ કરવો, પ્રાર્થના કરવી અને વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો.. આ બધું તેમના વ્યક્તિત્વ વિકાસમાં મદદરૂપ બને છે.

લોકભારતીના છાત્રાલયમાં સાદગી, સ્વચ્છતા અને શ્રમનું મહત્વ શીખવવામાં આવે છે. તાલીમાર્થીઓ પોતે જ પોતાના કામ કરે છે, જેના કારણે સ્વાવલંબન અને શ્રમ પ્રત્યે સૂગ દૂર થાય છે. અહીં રહેતા તાલીમાર્થીઓમાં સામૂહિક જીવનની સમજણ વિકસે છે અને તેઓ સમાજપ્રેમી તથા જવાબદાર નાગરિક બની શકે છે.

છાત્રાલયમાં સાંસ્કૃતિક કાર્યક્રમો જેમાં રક્ષાબંધન, હોળી, નવરાત્રી જેવા સમૂહ તહેવારો ઊજવવામાં આવે છે. ચર્ચા, વિચારણા, વાંચન અને રમત ગમત જેવી પ્રવૃત્તિઓ પણ યોજાય છે. આથી તાલીમાર્થીઓમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ અને સર્જનાત્મકતા વિકસે છે.

લોકભારતીમાં ભોજન સમયે શિસ્ત અને સંસ્કાર પર ખાસ ભાર મૂકવામાં આવે છે. તાલીમાર્થીઓ બધા સાથે બેસીને ભોજન કરે છે, જેના કારણે સમાનતા અને એક્તાની ભાવના વિકસે છે. ભોજન પહેલાં પ્રાર્થના કરવી અને ભોજનનો આદર કરવો પણ અહીં શીખવવામાં આવે છે.

લોકભારતીના છાત્રાલયમાં મિત્રો સાથે મળીને અભ્યાસ કરવો, ભોજન કરવું, રમવું અને વાતો કરવી આ બધું જીવનને આનંદમય બનાવે છે. ક્યારેક રાત્રે મોડે સુધી વાતો કરવી, એકબીજાની મજાક કરવી અને હસતાં હસતાં સમય પસાર કરવો પરંતુ મિત્રો મુશ્કેલીના સમયમાં પણ ખૂબ જ મદદરૂપ બને છે. જ્યારે કોઈ તાલીમાર્થી દુઃખી હોય કે તેને કોઈ સમસ્યા હોય ત્યારે મિત્રો તેને હિંમત આપે છે અને તેની સાથે ઉભા રહે છે આથી મિત્રતા વધુ મજબૂત બને છે. ક્યારેક મિત્રો સાથે થોડીક મસ્તી અને રમુજી ક્ષણો પણ છાત્રાલય જીવનને રંગીન બનાવે છે. ક્યારેક મધરાત્રે જન્મદિવસની સરપ્રાઈઝ પાર્ટી તો ક્યારેક પરીક્ષાની રાત્રે સાથે બેસીને ચાલ થોડી વાર બ્રેક લઈએ કહીને નાસ્તાની મોજ આ બધી જ છાત્રાલય જીવનની મીઠી યાદો બની જાય છે.

લોકભારતીમાં સાંજની હાજરી ખૂબજ મહત્વપૂર્ણ છે કારણ કે ગૃહમાતા મા સ્વરૂપે જોવા મળે છે. ગૃહમાતા તાલીમાર્થીઓ માટે માતા સમાન હોય છે. તેઓ તાલીમાર્થીઓની વાતને સાંભળે છે, માર્ગદર્શન આપે છે અને સારા સંસ્કારો શીખવે છે.

અંતમાં એટલું જ છાત્રાલય જીવન તાલીમાર્થીને શિસ્ત, મિત્રતા અને સ્વાવલંબન શીખવે છે. અહીં મળેલી મસ્તીભરેલી ક્ષણો અને મિત્રો જીવનભર યાદ રહે છે. છાત્રાલય જીવન એ ખરેખર જીવનને ઘડતું સુંદર અનુભવ છે.

**- ટાંક ધ્રુવીબેન,**

**- ચોવટિયા જાહ્નવીબેન**

**પુસ્તકનું મુલ્ય રત્ન કરતાય અધિક છે,રત્ન બહારની ચમક બતાવે છે. જયારે પુસ્તક અંતેઃકરણને ઉજ્જવળ કરે છે.**

**- ગાંધીજી**

# માતૃભાષા દિવસ

## यस्य मातृभाषा नास्ति, तस्यज्ञानं निरर्थकम् ।
## मातृभाषा हि मनुष्यस्य, संस्कृतेः मूलकारणम।।

**(જે વ્યક્તિ પોતાની માતૃભાષા જાણતો નથી તેનું જ્ઞાન વ્યર્થ છે. માતૃભાષા મનુષ્યની સંસ્કૃતિનું મૂળ કારણ છે.)**

**"મીઠી મારી માતૃભાષા."**

**__શ્રી ઝવેરચંદ મેઘાણી**

આ પંક્તિ આપણને યાદ અપાવે છે કે માતૃભાષા માત્ર ભાષા નથી, પરંતુ આપણા હૃદયની લાગણી છે.

માતૃભાષા એ આપણું ગૌરવ, ઓળખ અને સંસ્કૃતિનું પ્રતિબિંબ છે. 21 ફેબ્રુઆરી એટલે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ. લોકભારતી અધ્યાપન મંદિરમાં માતૃભાષા ની ઉજવણી.

જેમ માતા બાળકને બોલતા શીખવે તેમ, હસુદાદાએ તાલીમાર્થીઓને કક્કાના 'ક' થી લઈને 'જ્ઞ' સુધીના અક્ષરો સહ માહિતી પૂરી પાડે છે. તેમજ આ બધા વર્ણ શબ્દોને કઈ રીતે બોલવામાં આવે છે તેની સચોટ માહિતી આપે છે અને જુના ગુજરાતી શબ્દોની ઝાંખી કરાવી બાળકોને રસ પડે તેવી સરળ ભાષામાં માતૃભાષા શીખવતા જાય છે. લુપ્ત થઈ રહેલા શબ્દોને ફરી પાછા માતૃભાષામાં વણવા માટેના હસુદાદાના માતૃભાષા અંગેના પ્રયાસો અમારા માટે યાદગાર બની ગયા.

દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા પાંચ સ્થાયી ટુકડીઓ કે જેઓ પ્રથમવર્ષના તાલીમાર્થીઓને ફરતી ટુકડીઓમાં શું શીખવે છે? માતૃભાષા દિન અંગેની કેવી ચર્ચાઓ કરાવે છે? તે અંગે જાણીએ તો પાંચ ટુકડીઓ જેવી કે, ભાષા અભિવ્યક્તિ જેમાં દુહા, છંદ, મુક્ત, હાઇકુ વગેરેની માહિતી દ્વારા તેઓમાં અભિવ્યક્તિ સર્જાય છે. બીજી ટુકડી પ્રવૃત્તિ દ્વારા વ્યાકરણ શિક્ષણ જેમાં અલગ અલગ રમતો, દ્વારા માતૃભાષાના ખ્યાલો, પ્રદર્શન અવનવી પ્રવૃત્તિઓ કરાવી પ્રથમ વર્ષના તાલીઓને જ્ઞાન આપે છે. ત્રીજી ટુકડી સ્વસર્જન કે જેમાં દુહા, છંદ, મુકતક, હાઇકુની સ્વરચિત રચના કરવી અને અભિવ્યક્તિની કેળવણી થાય. ચોથી ટુકડી જેમાં વિવિધ શબ્દકોશ અને સામાયિકો અને તાલીમાર્થીઓ ભગવતગૌમંડલ, તેમજ કુમાર, ચિત્રલેખા અને અખંડ આનંદ જેવા સામાયિકથી પરિચિત થાય છે. શબ્દકોશમાં કઈ રીતે પોતાના અક્ષર મુજબ નામનો અર્થ જાણવો આ તમામ બાબતો આ ટુકડીઓ દ્વારા ખ્યાલ આપે છે. છેલ્લી પાંચમી ટુકડી છે માતૃભાષામાં શિક્ષણની આજ અને આવતીકાલ જેમાં, આગળની પેઢીને કઈ રીતે માતૃભાષા તરફ પ્રયાણ કરવી તે અંગે ડિબેટ જેમાં ચર્ચા વિચારણા કરી છેલ્લે તેમનું તારણ સ્પષ્ટ થાય છે. અને એવામાં અંગ્રેજી શબ્દ કે જેનું ગુજરાતીમાં સાચો અનુવાદ એવી રમત રમાતી રમાડી હતી. ત્યારબાદ ધોરણ 1 થી 8 ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આવતા કાવ્યનું ગાન પણ કરાવ્યું હતું.

આ પાંચેય ટુકડીઓમાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓને ખૂબ જ રસ પૂર્વક જોડાયા હતા. દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ તરીકે કહું પૂર્વતૈયારીઓથી લઈને આ માતૃભાષાના દિવસે અમારામાં સ્નેહની લાગણીઓ જાણે તાલીમાર્થીઓના ચહેરાઓ પર છવાયેલી હતી. અમિતભાઈ એ કહેલી 'વેલણની' ગઝલ અને અંતે કહેલી 'સંપૂર્ણ ગોળાકાર લાગો છો' એ અમને કાયમ માટે સંભારણું રહેશે. અંતે તે એટલું જ કહીશ કે.... **માતૃભાષા પ્રેમ,**

**બોલીએ ગર્વથી સદા,**

**ઓળખ આપણી.**

**મને મારા પર ગર્વ છે કે હું અને મારી ભાષા બંને ગુજરાતી......**

**"માતા છે મારી પ્રથમ ગુરૂ**
**માતૃભાષા છે મારી પ્રથમ વાણી"**

**- ગોહિલ સીમાબેન**

# ગાંડી ગીરમાં ઇન્ટર્નશિપનો અનુભવ

નમસ્તે!

અધ્યાપનમંદિરદ્વારા આયોજિત ૧૫ દિવસીય 'સતત શિક્ષણ ઇન્ટર્નશિપ'ના સંભારણાં અહીં આલેખું છું. ગીરની ધરતીના ખોળે, જ્યાં સિંહની ડણક અને માલધારીઓની ખુમારી વસે છે, ત્યાં શિક્ષણનો દીવો પ્રગટાવવાનો આ એક લ્હાવો હતો.

અધ્યાપન મંદિરના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થી ભાઈઓની સાત ટુકડીઓ રચવામાં આવી હતી. જેમાંથી પાંચ ટુકડીઓને ગીરના અંતરિયાળ નેસડાઓમાં મોકલવાનો સ્તુત્ય નિર્ણય લેવાયો. 'આનંદધારા' પ્રોજેક્ટ અંતર્ગત અને જી.સી.ઈ.આર.ટી. ના પૂર્વ નિયામક શ્રી નલિનભાઈ પંડિતના માર્ગદર્શન હેઠળ, વન વિભાગની વિધિવત મંજૂરી મેળવીને આ શૈક્ષણિક યજ્ઞનું આયોજન થયું હતું. ગીરના હૃદય સમાન પાંચ મુખ્ય નેસ- ચીખલકુબા, જસાધાર, ઘોડાવડી, ટીંબરવા અને ભાણિયાનેસમાં અમારી ટુકડીઓએ પડાવ નાખ્યો હતો.

- **૧.ચીખલકુબા**

તો પ્રથમ હું જે નેસમાં ગયો હતો તેનો અનુભવ વર્ણવું તો.... ગીર સોમનાથ જિલ્લાના ઉના અને ગીર ગઢડાની સરહદે, જાણે 'તુલસીશ્યામની ગોદમાં રમતો હોય' તેવો આ રળિયામણો નેસ છે. મારા વતનની સમીપ હોવાથી અહીં કામ કરવાનો ઉત્સાહ બેવડાયો હતો. પ્રકૃતિના અખૂટ ખજાના જેવો આ નેસ શાંત અને વિવિધતાસભર છે. ત્યાંના લોકોનો અદભૂત આદર-સત્કાર અને બાળકોનો ભણવા પ્રત્યેનો ઉમંગ જોઈને હૈયું ભરાઈ આવ્યું. અહીં 'સરની ખોડિયાર' (કબૂતરાવાળા બાપુનો આશ્રમ) અને રાવળ ડેમ જેવાં રમણીય સ્થળો આવેલાં છે, જ્યાં નદીઓનો ત્રિવેણી સંગમ નિહાળવા મળે છે.

અમે બાળકોની 'પ્રિ-ટેસ્ટ' લીધી અને તેના આધારે વાંચન, ગણન અને લેખન (વાગલે) જેવી પાયાની પ્રવૃત્તિઓ કરાવી. ચિત્રકલા, નિબંધ લેખન, વકૃત્વ સ્પર્ધા, શ્રુતલેખન અને ૨૬મી જાન્યુઆરીના ઉપલક્ષમાં સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા બાળકોમાં રહેલી શક્તિઓને ખીલવી. ૧૫ દિવસના અંતે લેવાયેલી 'પોસ્ટ-ટેસ્ટ'માં બાળકોના શૈક્ષણિક સ્તરમાં નોંધપાત્ર સુધારો જણાયો હતો.

- **૨. જસાધાર અને મીંઢાનેસ**

જસાધાર અને ચીખલકુબાની આસપાસ ખજૂરી અને દોઢી જેવા નેસડાઓ આવેલા છે. મીંઢાનેસમાં મુક્તાનંદ બાપુ અને નલિનભાઈ પંડિતની ઉપસ્થિતિમાં ગુણવત્તાસભર કાર્યક્રમો થયા. 'આનંદધારા' પ્રોજેક્ટ હેઠળ નેસવાસીઓને રોજિંદા જીવનમાં ઉપયોગી એવી છાણ ખસેડવાની ટ્રોલીઓ, સોલાર લાઈટ, પંખા અને નિર્ધૂમ ચૂલાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

- **૩. ઘોડાવડી, ટીંબરવા અને ભાણિયાનેસ**

1. **ઘોડાવડી-** અહીં ઘોડાવડી નદી વહે છે, જેના લોકગીતોમાં પણ ઉલ્લેખ મળે છે. વહેલી સવારે ૩-૪ વાગ્યે સંભળાતી સિંહની ડણક અને વનરાજાની વચ્ચે તાલીમાર્થીનો લાકડા વીણવા જવાનો અનુભવ રોમાંચક હતો.
2. **ટીંબરવા-** પક્ષીઓના કલરવથી ગુંજતો આ નેસ શાંતિનું ધામ છે. ત્યાંના લોકોનો સહકાર અને તાલીમાર્થીઓ પ્રત્યેનો પ્રેમ અતુલનીય હતો.
3. **ભાણિયાનેસ-** જંગલના અડાબીડ વિસ્તારમાં આવેલા આ નેસમાં શાળાની સામે જ દીપડાના રહેઠાણ અને ડુંગરાઓમાં સિંહની ત્રાડો સંભળાતી. અહીં વીજળી માટે શાળામાં સોલાર પેનલની સુવિધા છે. પશુપાલન અહીંનો મુખ્ય વ્યવસાય છે.દરેકના ઘરે સરેરાશ 20–25 માલ–ઢોર જોવા મળતા હતા. માલધારીઓના બાળકોમાં નાનપણથી જ સ્વચ્છતાના ગુણો કેળવાયેલા જોવા મળ્યા.

લીલાછમ ડુંગરાઓ, ખળખળ વહેતી નદીઓ, સિંહની ગર્જનાઓ અને માલધારીઓની નિખાલસ મહેમાનગતિ વચ્ચે આ ૧૫ દિવસ ક્યાં વીતી ગયા તેની ખબર પણ ન પડી. બાળકોના ચહેરા પરનું સ્મિત એ જ અમારી સફળતા છે. લેખન માટે તો અઢળક અનુભવો છે, પરંતુ સમય અને મર્યાદાને ધ્યાનમાં રાખીને, "પ્રકૃતિની શાહીથી ભીની થયેલી મારી આ કલમને અહીં વિરામ આપું છું."

**- ભાલિયા જીજ્ઞેશભાઈ**

# તાલીમાર્થી સંપર્ક સેતુ ૨૦૨૫-૨૬

નામ - આંબલીયા કૃષાબેન અશ્વિનભાઈ
સરનામું- મુ. સુરત
જીલ્લો- સુરત
પીન-394105
મો- 9662247387
Email- krushaambaliya2@gamil.com



નામ- ઓળકિયા રીનુબેન રસિકભાઈ
સરનામું- મુ. કોટડા તા. વિછિયા
જીલ્લો- રાજકોટ
પીન- 360055
મો - 6353978954
Email- rinuolkiya7@gmail.com



નામ- ખેરાળા ભુમિબેન સુરેશભાઈ
સરનામું- મુ.ભાદાવાવ તા.પાલીતાણા
જીલ્લો- ભાવનગર
પીન - 364270
મો- 6353399296
Email- kheralabhumi@gmail.com



નામ- ગમારા ચંદ્રિકાબેન વિરમભાઇ
સરનામું- મું. - લાખણકા તા.વલ્લભીપુર
જીલ્લો- ભાવનગર
પીન– 364310
મો- 8320904900
Email -chandrikagamara53@gmail.com



નામ- ગોહિલ કવિતાબેન ભરતભાઈ
સરનામું - મુ. કામરેજ તા. કામરેજ
જીલ્લો- સુરત
પીન- 394180
મો- 9925687967
Email- gohiltruptibharatbhai18@gmail.com



નામ- ગોહિલ ખુશીબેન વાલજીભાઈ
સરનામું- મુ. નાનીરાજસ્થળી
જીલ્લો - ભાવનગર
પીન -364270
મો- 9925717112
Email - khushigohil480@gmail.com



નામ- ગોહિલ નિધિબેન ધિરૂભાઈ
સરનામું – મું. અનીડા તા. પાલીતાણા
જીલ્લો- ભાવનગર
પીન- 364270
મો. 9913127185



નામ- ગોહિલ મિતલબેન હિંમતભાઈ
સરનામું -મું.ગરીબપુરા તા.ઘોઘા
જીલ્લો- ભાવનગર
પીન- 364120
મો- 8511776035
Email- gohilmital222@gmail.com



નામ- ગોહેલ રિદ્ધિબેન અનિલભાઈ
સરનામું- મુ. ચિત્રા
જીલ્લો- ભાવનગર
પીન- 364004
મો- 9173187094
Email- ridhhigohel12@gmail.com



નામ- ગોહિલ સીમાબેન બળભદ્રભાઈ
સરનામું- મુ. અનીડા તા. પાલીતાણા
જીલ્લો- ભાવનગર
પીન- 364270
મો- 635544805
Email- -----------------



નામ- ગોહિલ સ્નેહાબેન જસુભાઇ
સરનામું- મુ. કામરેજ તા. કામરેજ
જીલ્લો- સુરત
પીન– 394180
મો- 7698540631
Email - snehagohil2248@gmail.com



નામ- ગોહેલ હેતલબેન ભોળાભાઈ
સરનામું- મુ. સણોસરા તા. શિહોર
જીલ્લો- ભાવનગર
પીન- 394180
મો- 9723529572
Email- gohilbholabhai433@gmail.com



| | |
|---|---|
| નામ- ચિત્રોડા હસ્તિબેન મનુભાઈ<br>સરનામું- મું- દાઠા તા- તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364130<br>મો- 9558268089<br>Email - chitrodahasti19@gmail.com  | નામ- ચોવટીયા જાહનવીબેન દોલુભાઇ<br>સરનામું - મું- ભદ્રાવળ - 1 તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન - 364150<br>મો. 9724844957<br>Email - chovatiyajahnavi@gmail.com  |
| નામ- ચૌહાણ ક્રિષ્નાબેન ભૂપતભાઈ<br>સરનામું- મું. ભાણવડીયા તા. જેસર<br>જીલ્લો- ભાવનગર<br>પીન - 364280<br>મો- 9574334030<br>Email- chauhankrishna2901@gmail.com  | નામ- જમોડ બિંદિયાબેન લિકિશભાઈ<br>સરનામું- મું. રામદેવનગર<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364006<br>મો- 9426597498<br>Email- bindiyajamod@gmail.com  |
| નામ- જાદવ નંદનીબેન દિનેશભાઈ<br>સરનામું- મું. પિપરડી-1 તા. પાલીતાણા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364270<br>મો- 9510986364<br>Email- jd7316107@gmail.com  | નામ- જાદવ પીનલબેન રણછોડભાઈ<br>સરનામું - મુ. ટાટમ તા. ગઢડા<br>જીલ્લો- બોટાદ<br>પીન- 364765<br>મો- 7990787390<br>Email- rahuljadhav6335@gmail.com  |
| નામ- જાદવ પ્રિયંકાબેન વિનોદભાઈ<br>સરનામું- મું. ઉગામેડી તા. ગઢડા<br>જીલ્લો - બોટાદ<br>પીન - 364765<br>મો- 9265353666<br>Emai - priyankavjadhav2022@gmail.com  | નામ- જાની ધારાબેન અશોકભાઈ<br>સરનામું - મુ. ચિત્રા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364004<br>મો- 9265239176<br>Email- dharasagar1112@gmail.com  |
| નામ- જીડિયા જોન્સીબેન સંજ્યભાઈ<br>સરનામું- મું- ટાટમ તા.- ગઢડા<br>જીલ્લો- બોટાદ<br>પીન- 364765<br>મો- 8128743181<br>Email- jonsijidiya15@gmail.com  | નામ- જીડિયા પ્રિન્સીબેન પ્રભાતભાઈ<br>સરનામું – મું - ટાટમ તા. ગઢડા<br>જીલ્લો- બોટાદ<br>પીન- 364765<br>મો- 6355850409<br>Email- prinsijidiya3@gmail.com  |
| નામ- જોષી અવનિબેન અતુલભાઈ<br>સરનામું- મું બોટાદ તા. બોટાદ<br>જીલ્લો- બોટાદ<br>પીન- 364710<br>મો- 9157630141<br>Email- avanijoshi949@gmail.com  | નામ- ઝરમરિયા કાજલબેન બળદેવભાઈ<br>સરનામું- મું. છત્રિયાળા તા. ચુડા<br>જીલ્લો- સુરેન્દ્રનગર<br>પીન- 363416<br>મો – 9484695330<br>Email- zarmariyashilpa930@gmail.com  |

| | | | |
|---|---|---|---|
| નામ- ટાંક ધ્રુવીબેન રમેશભાઈ<br>સરનામું- મું. ધારૂકા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364330<br>મો- 9376729393<br>Email – tankramesha393@gmail.com |  | નામ- ઢીલા હેતલબેન જગદીશભાઈ<br>સરનામું - મું- માઇધાર તા-પાલીતાણ<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364260<br>મો- 6351513283<br>Email – dhilahetal94@gmail.com |  |
| નામ- દવે અવનિબેન સુબોધભાઈ<br>સરનામું- મુ. પીપરલા તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364140<br>મો- 8849170175<br>Email – ------------- |  | નામ- દિયોરા જયશ્રીબેન મેઘજીભાઈ<br>સરનામું- મું. સોસિયા તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364081<br>મો – 8799414233<br>Email – jayshreemdiyora@gamail.com |  |
| નામ- ધરજીયા દિવ્યાબેન મનોજભાઈ<br>સરનામું- મું. ગોરડકા તા. ગઢડા<br>જીલ્લો- બોટાદ<br>પીન- 364765<br>મો- 6351019242<br>Email – divyadharajiya47@gmail.com |  | નામ- ધાંધલ્યા દિવ્યાબેન પ્રવીણભાઈ<br>સરનામું- મું. સાંખડાસર નં- 1 તા. તળાજા<br>જીલ્લો - ભાવનગર<br>પીન- 364140<br>મો- 9875016065<br>Email – parvindhandhliya@gmail.com |  |
| નામ- નિમાવત પ્રાચીબેન ઉદયભાઈ<br>સરનામું- મું. ભુરખિયા તા.લાઠી<br>જીલ્લો- અમરેલી<br>પીન- 365220<br>મો- 9773108901<br>Email - prachinimavat67@gmail.com |  | નામ- પરમાર નિધિબેન નિરૂભાઈ<br>સરનામું- મું- નેસવડ તા.ઘોઘા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364060<br>મો - 7861899889<br>Email - pnirubhai61@gmail.com |  |
| નામ- પરમાર પ્રગતિબેન ભરતભાઈ<br>સરનામું- મું. પરવડી તા-ગારિયાધાર<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364275<br>મો- -9725776768<br>Email - parmarbharat@gmail.com |  | નામ- પરમાર પ્રિયાબા ભરતસિંહ<br>સરનામું- મુ. રાણપરડા તા. જેસર<br>જીલ્લો. ભાવનગર<br>પીન - 364510<br>મો- 6354413770<br>Email- priyabap86@gmail.com |  |
| નામ- ઉદાર સુરજભાઈ રઘુનાથભાઈ<br>સરનામું- મું. માલઘર તા.- કપરાડા<br>જીલ્લો- વલસાડ<br>પીન- 396065<br>મો- 9356848652<br>Email-; surajudar2@gmail.com |  | નામ- કરમુર આર્યન દિપકભાઇ<br>સરનામું- મું-મોટી ખોખરી તા. ખંભાળિયા<br>જીલ્લો- દ્વારકા<br>પીન- 361306<br>મો – -9773040381<br>Email - karmuraryan90@gmail.com |  |

નામ- કુરેશી યાશીનભાઈ ભીખુભાઈ
સરનામું- મું- પાવઠી તા. તળાજા
જીલ્લો- ભાવનગર
પીન- 364140
મો- 9106936589
Email - yashinkureshi607@gmail.com



નામ- કુરેશી શાહિદ એફ. રશીદ ખાન
સરનામું- મું- રતનપર તા. વઢવાણ
જીલ્લો- સુરેન્દ્રનગર
પીન- 363020
મો- 9484487786
Email- shahidkureshi1205@gmail.



નામ- ગોહેલ રાજભાઈ મહેન્દ્રભાઈ
સરનામું- મું. ચોગઠ તા. ઉમરાળા
જીલ્લો- ભાવનગર
પીન- 364330
મો- 6359152998
Email- gohelraj488@gmail.com



નામ- ચૌહાણ સાહિલભાઈ ભાવેશભાઈ
સરનામું- મું- કાળાસર તા.જસદણ
જીલ્લો- રાજકોટ
પીન- 360050
મો - 9327093345
Email- chauhansahil20062006@gmail



નામ- જોષી મિતભાઈ નરોત્તમભાઈ
સરનામું- મું- ઠાડચ તા. પાલીતાણા
જીલ્લો- ભાવનગર
પીન - 364140
મો - 7575826020
Email- mitjosh1303@gmail.com



નામ- ડાભી અક્ષયભાઈ મનિષભાઈ
સરનામું- મું - મલેકવદર તા. ઘોઘા
જીલ્લો -ભાવનગર
પીન - 364070
મો - 9712818012
Email- dabhiakshay8012@gmail.com



નામ- દુમાદિયા યશ રમેશભાઇ
સરનામું - મું - કાળાસર તા. જસદણ
જીલ્લો- રાજકોટ
પીન- 360050
મો- 9925388444
Email- dumadiyayash@gmail.com



નામ- બારૈયા ભાવેશભાઈ જેન્તીભાઇ
સરનામું- મું. પાણીયાળી તા. તળાજા
જીલ્લો- ભાવનગર
પીન - 364120
મો - 9316220447
Email- bhaveshbaraiya1627@gmail



નામ- બારૈયા હરદેવસિંહ જીણાભાઇ
સરનામું- મું- બેડા તા. જેસર
જીલ્લો- ભાવનગર
પીન - 364280
મો- 9687761030
Email- hardevj75882@gmail.com



નામ- બારૈયા અનિલભાઈ ભરતભાઈ
સરનામું- મું- માલપરા તા. પાલિતાણા
જીલ્લો- ભાવનગર
પીન - 364270
મો- 7622881399
Email- baraiyaanil1020@gmail.com



| | |
|---|---|
| નામ- બલદાણીયા પૂર્વીબેન રમેશભાઈ<br>સરનામું- મું - ભદ્રાવળ તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન - 364150<br>મો- 7041539192<br>Email- puravibaldaniya750@gmail.com<br> | નામ- બાંભણીયા સોનલબેન રમેશભાઈ<br>સરનામું- મું.વેજોદરી તા. તળાજા<br>જીલ્લો – ભાવનગર<br>પીન- 364130<br>મો- 7041913318<br>Email- sonalbhambhaniya800@gmail.com<br> |
| નામ- બારૈયા ખુશાલીબેન વલ્લભભાઈ<br>સરનામું- મું- મોટા ખોખરા તા. ઘોઘા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364050<br>મો- 8780081670<br>Email- bkv2007@gmail.com<br> | નામ- બારૈયા છનુબેન વિઠ્ઠલભાઈ<br>સરનામું- મું- મોટા ખોખરા તા. ઘોઘા<br>જીલ્લો- ભાવનગર<br>પિન- 364050<br>મો- 9106297640<br>Email- channubaraiya@gmail.com<br> |
| નામ- બારૈયા જાનવીબેન રામજીભાઈ<br>સરનામું- મું- સારવદર તા. ઘોઘા<br>જીલ્લો- ભાવનગર<br>પીન - 364120<br>મો- 6354747762<br>Email- janvibaraiya641@gmail.com<br> | નામ- બારૈયા ભાવનાબેન ચંદુભાઈ<br>સરનામું- મું- જુનારાજપરા તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364135<br>મો- 7383835781<br>Email- baraiyah682@gmail.com<br> |
| નામ- બારૈયા ભૂમિકાબેન બી.<br>સરનામું - મોટી બાબરિયાત તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364150<br>મો - 9023286595<br>Email- bhumikabaraiya16@gmail.com<br> | નામ- બારૈયા રતનબેન રમેશભાઈ<br>સરનામું- મું- ગોરીયાળી તા.ઘોઘા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364120<br>મો- 7862004949<br>Email- ratanbaraiya05@gmail.com<br> |
| નામ - બારૈયા રિદ્ધિબેન તુળશીભાઈ<br>સરનામું - મું- ચણીયાળા તા. ઘોઘા<br>જીલ્લો- ભાવનગર<br>પીન - 364120<br>મો - 8460611809<br>Email- tulsibhaibaraiya783@gmail.com<br> | નામ- બારૈયા સોનલબેન ભનુભાઈ<br>સરનામું -મું- મોટી બાબરિયાત તા.તળાજા<br>જીલ્લો ભાવનગર-<br>પીન - 364150<br>મો - 8866606085<br>Email - sonalbaraiya3641@gmail.com<br> |

નામ- બાવળિયા ચંદ્રિકાબેન હસમુખભાઈ
સરનામું- મું. નાના પાળીયાદ તા.બોટાદ
જીલ્લો - બોટાદ
પીન -364720
મો - 9824922815
Email- bavaliyachandi@gmali.com



નામ- ભટ્ટ ક્રિષ્નાબેન અશોકભાઈ
સરનામું- મું - ભાવનગર તા. ભાવનગર
જીલ્લો- ભાવનગર
પીન - 364002
મો- 91043233587
Email- krishnabhatt6740@gmail.com



નામ- ભટ્ટ નેન્સીબેન પ્રવીણભાઈ
સરનામું- મું- મણાર તા. તળાજા
જીલ્લો- ભાવનગર
પીન - 364150
મો- 9429260655
Email- bhattnensee526@gmail.com



નામ- ભરાડીયા વૈશાલીબેન જગદીશભાઈ
સરનામું- મું- ગોરડકા તા. ગઢડા (સ્વા)
જીલ્લો- બોટાદ
પીન - 364765
મો - 6354709228
Email – ---------------



નામ- મકવાણા દર્શનાબેન ભગવાનભાઈ
સરનામું- મું- અગિયાળી તા. સિહોર
જીલ્લો- ભાવનગર
પીન- 364260
મો- 9998694319
Email- makwanadarshna97@gmail.com



નામ- મકવાણા ધારાબેન મુકેશભાઈ
સરનામું -મું- જુનારાજપરા તા. તળાજા
જીલ્લો- ભાવનગર
પીન- 364135
મો- 8733953600
Email- dharamakwana105@gmail.com



નામ- મકવાણા પ્રિયંકાબેન પ્રવિણભાઈ
સરનામું- મું- ડુંગરપુર તા. પાલીતાણા
જીલ્લો- ભાવનગર
પીન- 364270
મો- 9737150013
Email- priyankamakwana827@gmail.com



નામ- મકવાણા સંગીતાબેન મગનભાઈ
સરનામું -મું- બેલમપર તા. મહુવા
જીલ્લો- ભાવનગર
પીન- 364290
મો- 7874824171
Email- makwanasangita305@gmail.com



નામ- મયાત્રા ક્રિષ્નાબેન મનિષભાઈ
સરનામું- મું- નવાગામ રંગીલા રાજકોટ
જીલ્લો- રાજકોટ
પીન- 360003
મો- 9586449379
Email- hmiyatra81@gmail.com



નામ- મયાત્રા મીરાબેન મનિષભાઈ
સરનામું -મું- નવાગામ રંગીલા રાજકોટ
જીલ્લો- રાજકોટ
પીન- 360003
મો- 9586449379
Email- hmiyatra81@gmail.com



નામ- મલેક તનીષાબેન મિનાજખાન
સરનામું- મું- ખેરવા (જતના) તા.પાટડી
જીલ્લો- સુરેન્દ્રનગર
પીન- 382745
મો- 7600432629



નામ- મહેરા રશ્મીબેન વલ્લભભાઈ
સરનામું -મું-ભાંખલ તા. ઘોઘા
જીલ્લો- ભાવનગર
પીન- 364120
મો- 8799249926



| | |
|---|---|
| નામ- મોરી ધ્રુવીબેન જેશંગભાઈ<br>સરનામું- મુ- પાલીતાણા તા.પાલીતાણા<br>જીલ્લો- ભાવનગર<br>પીન – 364260<br>મો- 9016773092<br>Email- moridhruvi21@gmail.com  | નામ- રંગપરા મિતલબેન ત્રિકમભાઈ<br>સરનામું- મું- ગોરડકા તા. ગઢડા<br>જીલ્લો- બોટાદ<br>પીન – 364765<br>મો- 9265345934<br>Email – mitalrangpara3@gmail.com  |
| નામ- રાઘવાણી હિનાબેન ભરતભાઈ<br>સરનામું- મું- ભીમડાદ તા. ગઢડા<br>જીલ્લો- બોટાદ<br>પીન – 364710<br>મો- 9328417227<br>Email- hinaraghavani123@gmail.com  | નામ- રાવલ દર્શનાબેન નિલેશભાઈ<br>સરનામું- મુ- પાળીયાદ<br>જીલ્લો- બોટાદ<br>પીન- 364710<br>મો- 6356855672<br>Email- ravaldarshna2006@gmail.com  |
| નામ- વાઘેલા માનસીબેન મુકેશભાઈ<br>સરનામું- મું- મોટી પાણીયાળી તા.ઘોઘા<br>જીલ્લો- ભાવનગર<br>પીન – 364270<br>મો- 7874739779<br>Email- manshivaghela25@gmail.com  | નામ- વાઘેલા રૂપલબેન<br>સરનામું- મુ- ઢૂંઢસર તા. શિહોર<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364260<br>મો- 8849499562<br>Email- vaghelasagar083@gmail.com  |
| નામ- શિયાળ અક્ષિતાબેન પ્રવીણભાઈ<br>સરનામું- મું- સાંખડાસર-1 તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364140<br>મો- 7041531497<br>Email – shiyalakshita9@gmail.com  | નામ- શિયાળ આશાબેન ઈશ્વરભાઈ<br>સરનામું- મું-ચાંચબંદર તા. રાજુલા<br>જીલ્લો - અમરેલી<br>પીન- 365565<br>મો- 9227052599<br>Email- aashashiyal45@gmail.com  |
| નામ- સોલંકી નાઝિયાબેન મુકેશભાઈ<br>સરનામું- મું- મોટી બાબરિયાત તા.તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન - 364150<br>મો- 8320481419<br>Email- zmeer131@gmail.com  | નામ- સોલંકી ધરતીબેન ભોપાભાઇ<br>સરનામું –મુ- ગરીબપુરા તા. ઘોઘા<br>જીલ્લો – ભાવનગર<br>પીન- 364120<br>મો- 6353922445<br>Email- gohilbopabhai552@gmail.com  |
| નામ- સોલંકી પુજાબેન દિનેશભાઈ<br>સરનામું- મું- ભૂતેશ્વર તા.ભાવનગર<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364110<br>મો- 7990124603<br>Email – poojasolanki3745@gmail.com  | નામ- બાવળીયા તુલસીબેન ભરતભાઈ<br>સરનામું- મું- ગઢુલા તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364135<br>મો- 9925444769<br>Email- narnbavliya@gmail.com  |

| | |
|---|---|
| નામ- બારૈયા પરશોતમભાઇ ભીમાભાઇ<br>સરનામું- મું- બલાણા તા. જાફરાબાદ<br>જીલ્લો- અમરેલી<br>પીન- 365540<br>મો- 6355006847<br>Email- parshotambaraiya08@gmail.com  | નામ- બારૈયા રાહુલભાઇ સુરેશભાઇ<br>સરનામું; -મું- માલપરા તા. પાલીતાણા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364270<br>મો- 6351683132<br>Email – rb9278166@gmail.com  |
| નામ- ભમ્મર મુકેશભાઇ રાણાભાઇ<br>સરનામું- મું- ખારડી તા – તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364145<br>મો – 9825673236<br>Email- bhammarmukeshbhai@gmail.com  | નામ- ભાલિયા જીજ્ઞેશભાઈ દેવાતભાઇ<br>સરનામું- મું- કોબ(દીવ) તા. ઉના<br>જીલ્લો- ગીર સોમનથ<br>પીન- 362510<br>મો – 9265629641<br>Email - bhaliyajignesh990@gmail.com  |
| નામ- મકવાણા મનીષભાઈ પ્રવીણભાઈ<br>સરનામું- મું- ધારૂકા તા. ઉમરાળા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364330<br>મો- 9724257607<br>Email – makwanamanish3333@gmail.com  | નામ- મકવાણા મહાવીરભાઇ જંબુરભાઈ<br>સરનામું – મું - ઝાંઝમેર તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364135<br>મો- - 6351749013<br>Email– mahavirmakwana3947@gmail  |
| નામ- મેર ઋત્વિકભાઇ દિનેશભાઇ<br>સરનામું – મું - રતનપુર તા. ઉમરાળા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364330<br>મો- 8320947878<br>Email – rutvikmer000@gmail.com  | નામ- વાઘેલા હરેશભાઇ પ્રવિણભાઇ<br>સરનામું–મુ. જાળીયા (અમરાજી)<br>તા. પાલીતાણા જીલ્લો- ભાવનગર<br>પીન- 364270<br>મો- 6354405653<br>Email – hareshvaghela1877@gmail.com  |
| નામ- વેગડ મિલનભાઇ શરદભાઇ<br>સરનામું - મું - ગુંદી કોળીયાક તા.<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364070<br>મો- 9016900145<br>Email- milanvegad2007@gmail.com  | નામ- શિંગોડ હાર્દિકભાઇ સાર્દુલભાઇ<br>સરનામું - મું- કેસરિયા તા. ઉના<br>જીલ્લો- ગીર સોમનાથ<br>પીન- 362560<br>મો- 6353056355<br>Email- hardikshingod10@gmail.com  |
| નામ- શિયાળ કિશનભાઇ રવજીભાઇ<br>સરનામું- મું- શિયાળબેટ તા. જાફરાબાદ<br>જીલ્લો- અમરેલી<br>પીન- 365560<br>મો- 7861924586<br>Email- shiyalkishan777@gmail.com  | નામ- શિયાળ વિશાલભાઇ મગનભાઇ<br>સરનામું; -મું- ભાવનગર તા. ભાવનગર<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364001<br>મો- 9023005437<br>Email – shiyalvishal74@gmail.com  |

| | |
|---|---|
| નામ- સાંખટ અજયભાઇ હિંમતભાઈ<br>સરનામું- મું- મેથળા તા. તળાજા<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364135<br>મો- 7984274429<br>Email- sankhatajay522@gmail.com  | નામ- સિંધવ મિલનભાઇ દેવાભાઇ<br>સરનામું; -મું- દેવગાણા **તા. સિહોર**<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364260<br>મો- 9974690657<br>Email – sindhavmilan742@gmail.com  |
| નામ- સોલંકી મિતુલભાઇ શરદભાઇ<br>સરનામું- મું- ભાવનગર તા. ભાવનગર<br>જીલ્લો- ભાવનગર<br>પીન- 364001<br>મો- 7600070828<br>Email- mitulsolanki03@gmail.com  | નામ- અંટળા નિરવભાઇ ચતુરભાઇ<br>સરનામું; -મું- મોટા વરાછા તા. સુરત<br>જીલ્લો- સુરત<br>પીન- 394101<br>મો- 8530791468<br>Email – antnrv1234@gmail.com  |
| નામ- અજુડીયા જયભાઇ કાંતિભાઇ<br>સરનામું- મું- મોટા વરાછા તા. સુરત<br>જીલ્લો- સુરત<br>પીન- 394105<br>મો - 9106120833<br>Email- jayajudiya@gmail.com  | નામ- સેરઠિયા પ્રિન્સભાઈ મગનભાઇ<br>સરનામું; -મું- કામરેજ તા. કામરેજ<br>જીલ્લો- સુરત<br>પીન- 394190<br>મો- 9106696364<br>Email – princemserathiya111@gmail.com  |
| નામ- સુથાર આનંદભાઇ જોરાભાઇ<br>સરનામું- મું- કામરેજ તા. કામરેજ<br>જીલ્લો- સુરત<br>પીન- 394180<br>મો - 9106125217<br>Email- anandsuthar0675@gmail.com  | |



# ' વંદનાખંડ '

વંદન કરે તે સૌને ગમે, એમ સૌને ગમતો,
અમારા શિક્ષક બનવાની તાલીમની શરૂઆત કરાવતો વંદનાખંડ.

પ્રાર્થનાથી મનને શાંતિ અને પ્રેરક પ્રસંગમાંથી સાચી શીખ અપાવતો,
ઘરથી દુનિયાના ખૂણાના સમાચારો બતાવતો અમારો વંદનાખંડ.

જ્યાં બેસીને વિવિધ કાર્યક્રમો કર્યા અને દુનિયાને જાણી,
જ્યાં મોજમસ્તીથી વર્ગો ભર્યા અને જીવનના પાઠ શીખ્યા એ વંદનાખંડ.

ઈન્ટર્નશીપની સફરમાં પાછું લઈ  જાય એવું પ્રેઝન્ટેશન સ્માર્ટબોર્ડથી બતાવે,
બાળગીતો અને અભિનય ગીતો થી સજ્જ કરતો વંદનાખંડ.

અવનવા ચિત્રો અને નાનીમોટી પઝલોથી ભરેલો,
અધ્યાપકોના જ્ઞાન દ્વારા જીવન શિક્ષણ અપાવે વંદનાખંડ.

અમારી અનોખી સર્જનકાર્યશાળાનો સહભાગી છે તે,
જ્યાં સર્જન કરતા શીખ્યા ને સર્જન કરાવતા પણ શીખવ્યું એ વંદનાખંડ.

જ્યાં ભાઈઓ બહેનોએ હળીમળીને પ્રવૃત્તિ કરી,
ને મિત્રો સંગાથે મોજ કરી એ વંદનાખંડ.


F.Y. ના પ્રથમ દિવસથી લઈને S.Y ના છેલ્લા દિવસ સુધી
કરેલી પ્રવૃત્તિઓનું સંભારણું એટલે વંદનાખંડ.

**- જાદવ પ્રિયંકાબેન**


# અમારા વર્ગખંડો



સંવેદનાખંડ



વંદનાખંડ



આરાધનાખંડ



ઉપાસના ખંડ



ઓપન ક્લાસ



કમ્પ્યૂટર લેબ

# ' પ્રાર્થના સંમેલન '

બપોરની શાંતિમાં ગુંજ્યું પ્રાર્થનાનું ગાન,
અધ્યાપન મંદિરમાં ફેલાયો શાંતિનો સુગંધિત પ્રાણ.

મીઠડા સ્વરે બાળગીત ગુંજ્યા આનંદભેર,
નાનકડા હૃદયમાં ખીલી ઉઠી ખુશીઓની લ્હેર.

સુવિચારના મોતી મનમાં ચમકતાં થયાં,
સારા સંસ્કારથી જીવન બન્યું મારું ઉજ્જવળ.

દેશ - વિશ્વના સમાચારોથી વધ્યો જ્ઞાનભંડાર,
જાગૃત નાગરિક બનવાનો મળ્યો સંદેશ અપાર.

પ્રેરક પ્રસંગે હિંમતનો દીપ પ્રગટાવ્યો,
મહેનત અને સંકલ્પનાનો માર્ગ સમજાવ્યો.

પુસ્તક પરિચયથી ખુલ્યા જ્ઞાનના દ્વાર,
વાંચનથી જીવન બને પ્રકાશિત અને સાર.

ઘડિયાગાનથી ગણતરીનું મૂલ્ય સમજાયું,
હળ પળે પ્રગતિનું મહત્વ મનમાં સમાયું.

અભિનયે લાગણીઓને વ્યક્ત કરતાં શીખવાડી,
કલાની સાથે ઉજજવળ થઈ શિક્ષણની દીવાદાંડી.

શ્લોકગાનથી સંસ્કૃતિનો સૂર ઝળહળ્યો,
મન - વાણી - કર્મમાં સદાચાર ખીલી ઉઠ્યો.

અગિયાર મહાવ્રતે આદર્શ જીવન શીખવ્યું,
સત્ય - અહિંસાથી જીવનનો દીપક દીપાવ્યો.

શિક્ષકોના બે બોલ બનાવે જીવનને આનંદિત,
જગદીશભાઈની હાસ્યવાર્તા મહેફીલ સજાવે કલાકો સુધી,

કવિતાબેનની કવિતા શબ્દોમાં ભાવના ભરી દિલને સ્પર્શે અચૂક જ,
અજયભાઈના કોયડા બુદ્ધિને ચમકાવે, વિચારોને આપે પંખ,
અમિતભાઈના બાળગીતથી મન ઝુમી ઉઠે આનંદથી, ગુંજી ઉઠે ખુશીના રંગ,

સંદીપભાઈની સુચનામાં માર્ગદર્શનનો પ્રકાશ ઝળહળે,
આ બધાની વિશેષતા મળીને અધ્યાપનમાં સર્જનનો દીવો પ્રગટે.

સંઘગાનથી એકતાનો સૂર વાગ્યો,
સાથે ચાલવાનો સંકલ્પ સૌએ ધાર્યો.

વિશેષ બાબતે વધ્યો ઉત્સાહ અપરંપાર,
અધ્યાપનમંદિરગૌરવ અમારું, લાગે સદાબહાર.

- **રાવલ દર્શનાબેન**

**|| પ્રાર્થના એ આત્માનો પરમાત્મા સાથેનો સંવાદ છે, જે મનને શાંતિ, હ્રદયને શક્તિ અને જીવનને નવી આશા આપે છે. તે મલિન વિચારો દૂર કરી અહંકાર ઓગાળે છે અને મુશ્કેલ સમયમાં ધીરજ તેમજ પ્રકાશનું કામ કરે છે. ||**

# પ્રાર્થના સંમેલન















# યોગ સંમેલન













# લોકભારતી અધ્યાપનમંદિરનો અવતરણ દિવસ

**લોકભારતી અધ્યાપન મંદિરના સ્થાપના દિવસની ઉજવણી દર વર્ષે 3 ઓગસ્ટના રોજ કરવામાં આવે છે.આ ઉજવણીને હાઈકુ સ્વરૂપે આ રીતે વર્ણવી શકાય.**

**" સ્થાપના ક્ષણ,**
**નવો સંકલ્પ ઊગે,**
**ગૌરવ ગાન."**

**★ અધ્યાપન મંદિરની સ્થાપના**

3 ઓગસ્ટ ઈ.સ.1948માં લોકભારતી અધ્યાપનમંદિરની સ્થાપના થઈ હતી. આ વર્ષોમાં અધ્યાપનમંદિર, લોકશાળા આંબલા, સોનગઢ પ્રાંત બંગલો, શેત્રુંજી ડેમ, માઈધાર એ સ્થળોએ સમય અને જરૂરિયાત પ્રમાણે ચાલતું રહ્યું. 2001થી સણોસરામાં લોકભારતી કેમ્પસ પર ચાલે છે. જેના 75 વર્ષ પૂરા થયા ત્યારે "અમૃત મહોત્સવના ઓવારણા" કાર્યક્રમ યોજાયો હતો. ત્યારે ચાલુ વર્ષે 78માં સ્થાપના દિવસની ઉજવણી માઇધાર એટલે અધ્યાપન મંદિરના જુના કેમ્પસમાં કરવામાં આવી. જેમાં લેઝિમ દ્વારા અમારા સૌનું સ્વાગત કરવામાં આવ્યું.

જેમાં આદરણીય શ્રી અરૂણભાઇ દવે, હસમુખભાઈ દેવમુરારિ, ભાવનાબેન પાઠક, રમાબા, અર્ચનાબા, માઇધાર સંસ્થાના કાર્યકર તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં. આ કાર્યક્રમની શરૂઆત અભિનયગીત દ્વારા કરવામાં આવી હતી. અધ્યાપનમંદિરના અધ્યાપક શ્રી અમિતભાઈ સાસાણીએ કાર્યક્રમ ઉદઘોષક તરીકે ભૂમિકા ભજવી હતી. આદરણીય શ્રી અરૂણભાઇ દવે, હસમુખભાઈ દેવમુરારિ તથા ભાવનાબેન પાઠકે સ્થાપના દિન વિશે વાત કરી અને અધ્યાપનમંદિર વિશે થોડાક શબ્દો વાગોળીયા હતા. આ સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ કવિતાબેન વ્યાસે કરી હતી.

બીજા સેશનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓ દ્વારા યોગ, બાળગીતો, અભિનય ગીત, નાટક ગરબો તથા ગોતી લો... વગેરે કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

**★ અધ્યાપનમંદિરએટલે.... " શિક્ષણથી સમાજને પ્રકાશ આપતું દ્વાર એટલે અધ્યાપનમંદિર."**

અધ્યાપન મંદિરમાં બાળકને કેન્દ્રમાં રાખી એટલે કે સંપૂર્ણ બાળકેન્દ્રી શિક્ષણ આપવામાં આવે છે. અહીં ભવિષ્યના શિક્ષકોને માત્ર વિષય જ્ઞાન જ નહીં, પરંતુ જીવન મૂલ્યો અને આદર્શોના સંસ્કાર આપવામાં આવે છે. લોકભારતી અધ્યાપનમંદિરપોતાની વિશિષ્ટ તાલીમી પ્રવૃત્તિના લીધે નોખી ભાત પાડે છે.

**★ લોકભારતી અધ્યાપનમંદિરમાં કેળવણી.... " અધ્યાપન એ જ્ઞાનનું ઘર,**
**અહીંથી શરૂ થાય તાલીમી સફર,**
**સંસ્કાર અને મહેનતનો માન,**
**અધ્યાપનમંદિર બનાવે જીવન મહાન."**

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી અરૂણભાઇ દવે કહે છે કે સંસ્કાર અને જીવન ઘડતરની પ્રક્રિયા માટે જો કોઈ ઉત્તમ જગ્યા હોય તો તે લોકભારતી અધ્યાપનમંદિર. જેમાં શિક્ષણ સાથે શ્રમ, સ્વાનુશાસન અને સમાજસેવાનું મહત્વ શીખવામાં આવે છે. અહીં અધ્યાપન જીવન મૂલ્યો અને વ્યવહારૂ જ્ઞાનનું સુંદર સંયોજન છે. મનુષ્યના જીવનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે સારી રીતે જીવવું. શ્રેષ્ઠ નાગરિક બનાવવાનું સ્વપ્ન સાકાર કરતું લોકભારતી અધ્યાપનમંદિરજેવું સંસ્કારધામ બીજે ક્યાં મળશે?

**" જ્ઞાનની જ્યોત અહીં સદા પ્રગટતી રહી,**
**સંસ્કારની સુગંધ હ્રદયમાં વસતી રહી,**
**પ્રગતિના પંથે નવી ઉડાન મળતી રહી,**
**સંકલ્પોના કિરણોથી દિશા ઉજળતી રહી."**
**બાલદેવો ભવ**

**- ચિત્રોડા હસ્તિબેન**

# અધ્યાપન મંદિર 78માં
# સ્થાપના દિનની ઉજવણી (માયધાર)














# ખજાના શોધ

**"સૌ મિત્રો અને અધ્યાપકોના સાથમાં ચાલો જઈએ આપણે ખજાનાની શોધમાં, અનુભવ હજી નવા છે આ વાતમાં પણ આવશે મજા જરૂરથી વાટમાં, આનંદ કરીશું સૌના સાથમાં રસ્તામાં ઘણી બધી વિવિધતા જોતા વાડી અને વૃક્ષોની વચ્ચે છાયો શોધતાં, ચાલો જઈએ આપણે ખજાનાની શોધમાં."**

અમારા ડી.એલ.એડ.ના આ બે વર્ષના અભ્યાસક્રમ નાં સમયગાળામાં કુદરતને નજીકથી માણવાનો અને પ્રકૃતિના ખોળે ખૂંદવાનો અને તેમની વચ્ચેથી રસ્તાઓ શોધતાં ખજાનો મેળવવાનો ઉત્સાહભર્યા કાર્યક્રમ એટલે 'ખજાના ની શોધ'. અમારા માટે આ કાર્યક્રમ F.Y માં નવો હતો. પ્રથમ વર્ષમાં આ કાર્યક્રમ અંતર્ગત અમે ખૂબ જ મજા કરી હતી. સૌપ્રથમ અમે બધાં સવારમાં 7-30 કલાકે અધ્યાપનમંદિરે ઝાકળમાં કડકડતી ઠંડી વચ્ચે સૌ એકઠા થયા હતા. અધ્યાપકો દ્વારા આ કાર્યક્રમની છણાવટ અમને કરવામાં આવી હતી. અમે સૌ સાથે મળીને કુદરતને માણવા માટે હળવે-હળવે આગળ વધી રહ્યા હતા. શરૂઆતમાં ખૂબ જ ઉત્સાહ હતો. આગળ વધતાં ડુંગરાઓ આવ્યા, નાના મોટા પહાડો આવ્યા, અને સાથે- સાથે પશુ, પંખી અને વનસ્પતિની અનેક વિવિધતાઓ અને પ્રાકૃતિક સૌંદર્યનો અમે અનુભવ કર્યો. અમને રસ્તામાં અનેક ચિન્હો પણ જોવા મળ્યા  જે અમને સાચો માર્ગ બતાવી રહ્યા હતા. આ સાથે ઘણી બધી પ્રવૃત્તિઓ પણ અમે રસ્તામાં કરી હતી-જેવી કે ગીતો ગાવા, વનસ્પતિને ઓળખવી, ઉખાણાં, જોક્સ, અભિનય ગીતો અને સાથે -સાથે ગરબીની પણ મોજ માણી હતી. આગળ વધતાં પ્રકૃતિને માણતાં, કુદરતનું બારી કાઈ થી અવલોકન કરતા અને આ અદભુત નજારા ને નજીકથી નિહાળતા જતાં હતાં. રસ્તામાં ક્યાંક ભૂલા પડતાં પણ ફરી મિત્રો સાથે થઈ જતાં આમ, અમે સૌ પ્રકૃતિનાં ખોળે આનંદ કરતાં કરતાં આગળ વધતાં જતાં હતાં. સૌ મિત્રો સાથે હતા એટલે થાક લાગે છતાં પણ તેમની હિંમત અમને આગળ વધારી રહી હતી. આ પ્રકૃતિની શોધમાં અમારી સાથે વડીલો પણ જોડાયાં હતાં. રસ્તામાં થોડો થાક અનુભવ્યો પણ વડીલોએ અમને સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રકૃતિ દર્શનમાં ખજાનાઓ સૌએ સાથે મળીને શોધ્યાં હતાં. અને પછી ખાટી -મીઠી ચોકલેટ રેવડી, શીંગ, દાળીયા અને વટાણા નો એકસાથે સ્વાદ માણ્યો હતો. અમે સૌએ આ પ્રકૃતિ દર્શનનાં કાર્યક્રમને ખુબ જ આનંદથી માણ્યો હતો. સૌના સાથમાં અધ્યાપકોના માર્ગદર્શનમાં અને વડીલોનાં આશીર્વાદમાં આ કાર્યક્રમને માણવાની મજા જ કંઈક અલગ હતી. ખરેખર આ ખૂબ જ યાદગાર અને અવિસ્મરણીય પ્રસંગ કાયમને માટે બની રહેશે. આમ, આવી રીતે આ બે વર્ષના અભ્યાસક્રમ નાં અંતે અમારી પાસે અભ્યાસક્રમની સાથે- સાથે પ્રકૃતિનાં આનંદનો પણ ખજાનો સદાય માટે અમારી પાસે છે જે અદ્વિતીય રહેશે.

**- સોલંકી નાઝિયાબેન**

**- બારૈયા સોનલબેન**



# પ્રકૃતિ દર્શન











# "વિદ્યાર્થી થી શિક્ષક સુધીની સફર"

લોકભારતી અધ્યાપનમંદિરમાં સ્વયં શિક્ષકદિનની ઉજવણી એક અનોખો અને યાદગાર અનુભવ બની ગયો.આ દિવસ માત્ર એક કાર્યક્રમ નહોતો,પરંતુ શિક્ષક બનવાના સ્વપ્નને જીવંત અનુભવવાનો અવસર હતો. કારણ કે આ દિવસે તાલીમાર્થીઓએ પોતે શિક્ષક બનીને શિક્ષણની જવાબદારી નિભાવવાની હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શિક્ષકના કાર્યનો અનુભવ કરાવવાનો અને શિક્ષણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવી હતી.

આ દિવસે મને આચાર્ય તરીકે કાર્ય કરવાની તક મળી હતી. આ ભૂમિકામાં રહીને સંચાલન, આયોજન અને તમામ પ્રવૃત્તિઓને સારી રીતે આગળ વધારવાનો અમૂલ્ય અનુભવ મળ્યો હતો. આચાર્ય તરીકે કામ કરવાનો અનુભવ મારા માટે આત્મવિશ્વાસ વધારનાર હતો.

આ દિવસની શરૂઆત નિયમિત શિસ્ત સાથે થઈ હતી. વર્ગખંડોમાં વિદ્યાર્થી શિક્ષક બનીને પાઠ ભણાવતા જોવા મળ્યા હતા. પાઠ આપતાં સમયે સમજાયું કે શિક્ષકનું કાર્ય માત્ર જ્ઞાન આપવાનું નથી, પરંતુ સમજાવવાની કળા, ધીરજ અને વ્હાલથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન  સાથે દિશા સૂચવવાનું પવિત્ર કાર્ય છે. દરેક શિક્ષક તરીકે ઉભા રહેલા તાલીમાર્થીના ચહેરા પર આત્મવિશ્વાસ અને ખૂબ જ આનંદ સ્પષ્ટ જોઈ શકાતો હતો

આ દિવસે મને આચાર્ય તરીકે મારી જવાબદારીમાં મારા બધા ભાઈઓ બહેનો જે આ દિવસે અધ્યાપકો તરીકે જવાબદારી નિભાવવી રહયા હતા. તેમની માટે ચાની વ્યવસ્થા કરવાની તક પણ મળી હતી. આ નાની લાગતી ફરજ પણ મોટી શીખ આપી ગઈ કે નેતૃત્વમાં નાના કામનું પણ વિશેષ જવાબદારી પૂર્ણ કરવાનું એક મહત્વ હોય છે. સમગ્ર આયોજન દરમિયાન બધા ભાઇઓ બહેનોએ સહકાર અને સફળતાપૂર્વક આ કાર્ય પૂર્ણ કર્યું. જે કાર્યક્રમની સફળતાનું સૌથી આનંદદાયક પળો હતાં.

વર્ગો પૂર્ણ થયા બાદ નિયામકશ્રી, આચાર્યશ્રી, ઉપાઆચાર્યશ્રી અને અધ્યાપકોના અભિપ્રાયનું વિશેષ સેશન ગોઠવવામાં આવ્યું હતું. આ સેશનમાં સૌએ પોતાના આજના દિવસના અનુભવ અને લાગણીઓ ખુલ્લા મનથી વ્યક્ત કરી હતી. ઘણા તાલીમાર્થીઓએ સ્વીકાર્યું કે શિક્ષક બનીને તેમને શિક્ષકના પરિશ્રમ અને સમર્પણનો સાચો અર્થ સમજાયો. શિક્ષણ ક્ષેત્ર પ્રત્યેનો માન અને આદર આ દિવસે અનેક ગણો વધી ગયો હતો.

સેશન દરમિયાન મળેલું માર્ગદર્શન ખૂબ જ પ્રેરણાદાયક રહયું. અમારા અધ્યાપકોના આશીર્વાદથી ભવિષ્યમાં વધુ સારા શિક્ષક બનવાની પ્રેરણા મળી. આ રીતે લોકભારતી અધ્યાપનમંદિરમાં ઉજવાયેલો સ્વયં શિક્ષકદિવસે એક અનોખી શૈક્ષણિક યાત્રા બની ગયો. આ દિવસે અમે જવાબદારી, નેતૃત્વ, સહકાર અને સંવાદ જેવા જીવનમૂલ્યોને અનુભવી શક્યા શિક્ષકનુ સ્થાન ઊચું અને પવિત્ર છે. તે અનુભવવાનો આ દિવસ અમૂલ્ય બની ગયો.

એટલું કહી શકાય કે સ્વયં શિક્ષકદિવસની ઉજવણી દ્વારા અમે માત્ર એક દિવસ માટે શિક્ષક બન્યા નહોતા પરતું જીવન માટે શીખ મેળવી. આ દિવસની યાદો અને અનુભવો ભવિષ્યમાં અમને ઉત્તમ શિક્ષક બનવા પ્રેરણા આપતા રહેશે.
આચાર્ય તરીકેનો મારો અનુભવ

**"આચાર્ય એટલે માત્ર પદ નહીં,**

**પરંતુ જવાબદારી, નેતૃત્વ અને માર્ગદર્શનનું પ્રતિક.**

લોકભારતી અધ્યાપનમંદિરમાં મને આચાર્ય બનવાનો મોકો મળ્યો તે મારા માટે ગૌરવ અને આનંદનો ક્ષણ રહ્યો.
આચાર્ય તરીકે મેં શીખ્યું કે સાચો નેતા તે જ છે જે સૌને સાથે લઈને ચાલે, સૌના વિચારને સન્માન આપે અને શિસ્ત સાથે ઘડતર કરે.
સહપાઠી મિત્રો સાથે કાર્ય કરતાં સંકલન, ધીરજ અને નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવી.
આ અનુભવ દ્વારા સમજાયું કે શિક્ષણ માત્ર પુસ્તકોમાં નથી, પરંતુ જીવનના અનુભવમાં વસે છે.
આચાર્ય તરીકે મળેલો આ અવસર મારા આત્મવિશ્વાસને વધારનાર અને ભવિષ્યમાં એક પ્રેરણાદાયી શિક્ષક બનવા માટે માર્ગદર્શક બની રહેશે.

**“આ સ્મરણો હંમેશા મારા હૃદયમાં પ્રેરણાના દીવા સમા ઝગમગતા રહેશે.”**

**- મયાત્રા મીરાબેન**

# શિક્ષકદિનની ઉજવણી












# સ્વયંપાક

બળતણ કાપવાનો સોનેરી અવસર આવી ગયો,
રેકંડી ચલાવતા શાકભાજીવાળાનો અનુભવ થઈ ગયો,

રોટલા ઘડવાની ટુકડીઓ પડી ગઈ,
મંગાળા પર તાવડીઓ મંડાય ગઈ.

વિશિષ્ટ આકૃતિઓ કંડારાઈ ગઈ,
તાવડીની કાળીમરા આંખોમાં અંજાય ગઈ.

રોટલા ઘડવાની અવનવી રીત આવડી ગઈ,
ચહેરા પર લોટના થર લાગી ગયા,

બળતણ પર રીંગણાઓ ગોઠવાઈ ગયા,
ભાઈઓના ચહેરા પર ઉલ્લાસી જોવાઈ ગયા,

કોલસાથી રીંગણામાં કાળી ભાત પડી ગઈ,
ભાઈઓના પ્રેમાળ હાથે રીંગણા લેવાઈ ગયા,

આનંદિત ચહેરે રીંગણા ફોલાઈ ગયા,
છાલના કાળા કલરથી ધૂળેટી રમાઈ ગઈ,

મરચા, ડુંગળી, ટમેટા, લસણ કપાઈ ગયા,
તાલીમાર્થીના મનોભાવો ઉમેરી ગયા,

ચિત્રવિચિત્ર વસ્તુઓનું મિશ્રણ થય ગયું,
રીંગણનું પરિવર્તન ઓળામાં થઈ ગયું,

સહુના સહકારથી ઓળો રોટલો ખવાઈ ગયા,
મોઢામાં લાળ ઉપજાવતી ચા પીવાઈ ગઈ,

સંગીતના સૂર અધ્યાપને રેલાઈ ગયા,
ગરબીની રમઝટ સમુહમાં લેવાઈ ગઈ.

**- બારૈયા છનુબેન વી.**

# સ્વયંપાક














# એવરેસ્ટ આરોહણ સમી સિદ્ધિ : ટેટ-1 પરીક્ષા

શિક્ષણ માનવ જીવનનું સૌથી મહત્વપૂર્ણ આધારસ્તંભ છે. શિક્ષણ માણસને માત્ર જ્ઞાન આપતું નથી, પરંતુ તેને સંસ્કાર, વિચારશક્તિ અને જીવન જીવવાની યોગ્ય દિશા પણ આપે છે. આ સમગ્ર પ્રક્રિયામાં શિક્ષકનું સ્થાન અત્યંત મહત્વપૂર્ણ છે. શિક્ષક સમાજના ઘડતરનું મુખ્ય કેન્દ્ર છે, કારણ કે તે ભવિષ્યના નાગરિકોને ઘડે છે.

અમારી કોલેજના તાલીમાર્થીઓએ શિક્ષક બનવાના આ પવિત્ર માર્ગમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. અમારી કોલેજના કુલ ૧૧ તાલીમાર્થીઓમાંથી 25 તાલીમાર્થીઓએ ટેટ-1-2025ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. આ સફળતા માત્ર એક પરિણામ નથી, પરંતુ તે સતત મહેનત, સંકલ્પ અને માર્ગદર્શનનું સુંદર પરિણામ છે. ટેટ-1 જેવી મહત્વપૂર્ણ પરીક્ષા માટે યોગ્ય તૈયારી ખૂબ જરૂરી હોય છે, કારણ કે દર વખતે તેનું પરિણામ માત્ર 3 થી 7 % જેટલું જ આવતું હોય છે. અમારી કોલેજના તાલીમાર્થીઓએ લગભગ બે થી ત્રણ મહિના સુધી સતત અને નિયમિત તૈયારી કરી હતી. આ સમયગાળા દરમિયાન દરેક તાલીમાર્થીએ પોતાનો સમય યોગ્ય રીતે આયોજન કરીને અભ્યાસ કર્યો. તૈયારી દરમિયાન અનેક પડકારો આવ્યા પરંતુ મક્કમ સંકલ્પ અને આત્મવિશ્વાસના કારણે અમે દરેક પડકારને પાર કર્યો. દરેક તાલીમાર્થીએ પોતાનો શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો અને સફળતા મેળવવાનો દ્રઢ નિશ્ચય કર્યો.

આ સફળતા પાછળ અમારી કોલેજના આચાર્યશ્રી તથા તમામ ગુરૂજનોનો અમૂલ્ય સહકાર અને માર્ગદર્શન રહેલું છે. તેઓએ તાલીમાર્થીઓને યોગ્ય દિશા બતાવી અને સતત પ્રેરણા આપી. તેઓ દરરોજ એક મોક ટેસ્ટનું આયોજન કરતા, તે અમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ. મોક ટેસ્ટ આપવાથી પરીક્ષાની પદ્ધતિ સમજવામાં આવી અને સમયનું સંચાલન કેવી રીતે કરવું તે પણ સમજાયું. દરેક મોક ટેસ્ટ પછી અમારી ભૂલોને ઓળખવામાં આવતી અને તેને સુધારવાનો પ્રયાસ કરવામાં આવતો. આ રીતે સતત અભ્યાસ અને મૂલ્યાંકન દ્વારા અમારી તૈયારી વધુ મજબૂત બનતી ગઈ. આ મોક ટેસ્ટો દ્વારા પરીક્ષાનો ભય દૂર થયો અને અમારો આત્મવિશ્વાસ વધ્યો. પરિણામે પરીક્ષા દરમિયાન અમે વધુ આત્મવિશ્વાસ સાથે પ્રશ્નોનો સામનો કરી શક્યા.

ટેટ-1ની તૈયારીમાં સ્વ- અધ્યયન અને મિત્રો સાથે ચર્ચા પણ ખૂબ મહત્વપૂર્ણ બની. સ્વ-અધ્યયન દ્વારા દરેક તાલીમાર્થીએ અભ્યાસ વધુ મજબૂત બનાવ્યો. આ ઉપરાંત મિત્રો સાથે કોઈ વિષય અથવા પ્રશ્ન અંગે ચર્ચા કરવામાં આવતી.આ ચર્ચા દરમિયાન નવા વિચારો અને સમજણ પ્રાપ્ત થતી.ઘણી વખત કોઈ એક મિત્રને સમજાયેલી બાબત બીજા મિત્રો માટે પણ ઉપયોગી સાબિત થતી. આ રીતે સમૂહ અભ્યાસ અને ચર્ચા દ્વારા જ્ઞાનનો વિસ્તાર થયો અને અમારી મિત્રતા પણ વધુ મજબૂત બની. ટેટ-1-2025નું સમગ્ર ગુજરાતનું પરિણામ 12.03% આવ્યું, પરંતુ લોકભારતી અધ્યાપન મંદિરનું પરિણામ 25.25 % એટલે કે સમગ્ર રાજ્ય કરતા બમણું. ચાલુ શૈક્ષણિક કાર્ય દરમિયાન મેળવેલ આ સિદ્ધિ સૌ માટે ગૌરવની બાબત છે. આ સફળતા પાછળ રહેલી મહેનત, માર્ગદર્શન અને સંકલ્પ અમને ભવિષ્યમાં વધુ સફળતાઓ તરફ દોરી જશે. આ માત્ર એક શરૂઆત છે.આગળ પણ અમે વધુ મહેનત કરીને એક આદર્શ અને પ્રેરણાદાયી શિક્ષક બનવાના પ્રયત્ન કરીશું. અંતમાં એટલું જ કહી શકાય કે,

**Keep climbing, one day you will reach the peak.**
**According to Swami Vivekananda, "Arise, awake and stop not till the goal is reached."**
**"શિક્ષકના હાથમાં સમાજના ભવિષ્યની ચાવી રહેલી છે."**
**હું સૌ ભાવિ શિક્ષકમિત્રોને આપના સફળ ભવિષ્ય માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું !**

**- બારૈયા હરદેવસિંહ**





લોકભારતી અધ્યાપન મંદિર, સણોસરા
D.El.Ed. દ્વિતિય વર્ષ-2025/'26
TET-1 પાસ કરનાર તેજસ્વી તારલાઓ
બારૈયા હરદેવ 114
સેરઠીયા પ્રિન્સ 109
ચૌહાણ સાહિલ 106
શિંગોડ હાર્દિક 104
સુથાર આનંદ 103
ભાલિયા જીજ્ઞેશ 99
મહેરા રશ્મિ 95
ધરજીયા દિવ્યા 94
ઝરમરિયા કાજલ 91
બાંભણિયા સોનલ 91
ગોહિલ કવિતા 90
અજુડિયા જય 89
રંગપરા મીતલ 88
કુરેશી શાહીદ 88
અંટાળા નિરવ 88
બાવળિયા ચંદ્રિકા 87
રાવલ દર્શના 87
સાંખટ અજય 87
જીડીયા પ્રિન્સી 86
બારૈયા પરષોતમ 84
ગોહિલ સીમા 84
આંબલિયા કૃપા 84
ઉદાર સુરજ 85
જાદવ પ્રિયંકા 83
બારૈયા અનિલ 82
મહેરા રશ્મિ 82
CTET Pass
ગોહિલ સ્નેહા 93

# "કેળવણીનો ખજાનો એટલે બાલવાડી શિબિર"

બાલવાડી, બાલવાડી, બાલવાડી મજાની છે બાલવાડી...

આવા અનેક મજાના બાળગીતો અને અભિનય ગીતોથી ગુંજતો કાર્યક્રમ એટલે અમારા અધ્યાપન મંદિરની બાલવાડી શિબિર.

જગદીશભાઈના બે બોલમાં બાલવાડી શબ્દ અવારનવાર સાંભળવા મળતો જ ત્યારે માત્ર સાંભળતા અને સમજતા પરંતુ તેનો સાચો આનંદ તો અનુભવમાં જ છે.

છેલ્લા 53 વર્ષથી અમારા અધ્યાપન મંદિરમાં બાલવાડી શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેનો મુખ્ય હેતુ બાળકોનો સર્વાંગી વિકાસ માત્ર પુસ્તકોથી નહીં પરંતુ અન્ય પ્રવૃત્તિ દ્વારા પણ કરી શકાય એ છે. જેવા કે નવી નવી વસ્તુઓનું સર્જન, અભિનય, નાટક, રમત તથા વિજ્ઞાનના અવનવા પ્રયોગો. આવી અવનવી પ્રવૃત્તિ દ્વારા બાળકોનું ઘડતર કેવી રીતે કરી શકાય તેના પર ભાર મૂકતો આ પાંચ દિવસનો કાર્યક્રમ અમારા અધ્યાપનમંદિરમાં દર વર્ષે ઉજવવામાં આવે છે. બાલવાડી ની વિગતે વાત કરું તો આ કાર્યક્રમમાં મુખ્ય પાંચ ટુકડીઓ હોય છે. ટહુકાર સંગીત કાર્યશાળા, નટખટ નાટ્ય કાર્યશાળા, અનોખી સર્જન કાર્ય શાળા, મોજીલી રમત કાર્યશાળા અને કુતૂહલ વિજ્ઞાન કાર્યશાળા. આ સિવાય એક અન્ય ટુકડી જે છે જીવન વ્યવહાર કાર્યશાળા.

- **ટહુકાર સંગીત કાર્યશાળા**

સૌપ્રથમ સંગીતની વાત કરું તો બાલવાડીનાં કાર્યક્રમમાં આ ટુકડીનું પ્રથમ સ્થાન રાખવામાં આવ્યું છે કારણ કે આ ટુકડીમાં બાળકોને કેવી રીતે નવા અભિનય શીખવવા અભિનયને કેવી રીતે રજૂ કરવા તેને કેળવણી આપવામાં આવે છે. નાના બાળકો માટે સંગીત એ માત્ર મનોરંજન નથી પરંતુ શિક્ષણનું એક સાધન છે. જ્યારે એક બાળક બાળગીત ગાય છે ત્યારે તે શબ્દોનો ઉચ્ચારણ કરતા શીખે છે, તેમની બોલવાની શૈલી સુધરે છે, આ માધ્યમ દ્વારા બાળકનો આત્મવિશ્વાસ વધે છે અને જ્યારે બાળક અભિનય મંચ પર રજૂ કરતું હોય છે ત્યારે તે પોતાની શરમ ભૂલીને પોતાને શ્રેષ્ઠ રજૂ કરવાની હિંમત કરે છે. માત્ર અભિનયથી જો બાળકમાં આટલા ગુણોનો વિકાસ થતો હોય તો શા માટે આપણે તેને અભિનય ન શીખવીએ?આ હેતુથી બાલવાડી શિબિરમાં આ ટુકડીનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક તાલીમાર્થી તરીકે અમારામાં જો આ આવડત હશે તો જ બાળકોને અભિનય કરાવી શકીશું તેથી આ ટુકડીમાં તાલીમાર્થીઓને અવનવા અભિનય ગીતો શીખવાડવામાં આવે છે.

- **નટખટ નાટ્ય કાર્યશાળા**

**" બાળવાર્તા એ છે મીઠી વાત,**
**મનમાં ભરી દે એ ઉલ્લાસ,**
**નાની નાની વાતથી આપે મોટો સંદેશ,**
**કલ્પના ને પાંખ આપે ને સપનાને આપે ઉડાન"**

આવી જ રીતે કાર્ય કરતી નટખટ નાટ્યશાળા. સંગીત શાળા બાદ જેનું સ્થાન આવતું હોય તો એ છે નાટ્યશાળ. કારણ કે નાટક બાળકોના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. નાટક દ્વારા વિદ્યાર્થીઓમાં મંચ ભય દૂર થાય છે અને આત્મવિશ્વાસ વધે છે. નાટકમાં ભાગ લેવાથી બાળકોમાં જૂથકાર્ય, સહકાર અને શિસ્તની ભાવનાનો વિકાસ થાય છે. આ સિવાય તે અન્ય પાત્રની ભજવણી કરતા શીખે છે અને તેમની લાગણીઓ સમજતા શીખે છે. જેથી બાળકોમાં સંવેદનશીલતાનો ગુણ જન્મે છે. બાળકોની સ્મરણ શક્તિ અને એકાગ્રતા મજબૂત બને છે. આ હેતુથી બાલવાડી શિબિરમાં આ ટુકડીનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટુકડીના સભ્યો દ્વારા ખૂબ સારા નાટકો અને બાળવાર્તાઓ રજૂ થતી હોય છે. આ ટુકડીના સભ્યોમાં એવી સર્જન શક્તિ રહેલી હોય છે કે તેઓ બાળવાર્તાને પણ નાટક સ્વરૂપે રજૂ કરતા હોય છે.

- **અનોખી સર્જન કાર્યશાળા**

" કાગળ કામ રંગીલુ કામ,
નાના હાથમાં સર્જનના જામ,
વાંકું ચુંકુ વાળી બનાવી આકાર,
કલ્પનાને મળે નવી ઉડાન,
શીખે ધીરજ, શીખે જ્ઞાન,
સર્જન થી ઉજળું બને જીવનદાન"

સર્જન કામ અનોખું જ કામ છે જેમાં એક વાર આપણે પરોવાય ગયા પછી બહાર આવવાનું મન જ ના થાય .તેવી જ રીતે કાર્ય કરતી અમારી અનોખી સર્જન કાર્ય શાળા . આ શાળા રાખવાનો મુખ્ય હેતુ એ છે કે બાળકમાં રહેલ સર્જન શક્તિ નો વિકાસ કેમ કરવો? આ હેતુથી આ ટુકડી રાખવામાં આવે છે. કરાવવાથી આપણી જાણી શકીએ કે બાળકોમાં કેટલી સર્જન શક્તિ રહેલી છે. ક્રાફ્ટવર્ક કરાવવાથી બાળકની કલ્પના શક્તિનો વિકાસ થાય છે, હાથ અને આંખનો સમન્વય સારું થાય છે, ધીરજ અને એકાગ્રતા જેવા ગુણોનો વિકાસ થાય છે. આ બાબતથી બાલવાડી શિબીરમાં ટુકડીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

- **મોજીલી રમત કાર્યશાળા**

**"રમત છે તંદુરસ્તીનો આધાર,**
**રમતથી બને મિત્ર અપાર,**
**હાસ્ય અને ખુશી ભરે દરેક દિવસ,**
**રમતશાળા બનાવે જીવન સુંદર ખાસ "**

આવી કંઈક મોજ કરાવતી બાલવાડીની અમારી મોજીલી રમત શાળા. આ ટુકડી દ્વારા તાલીમાર્થીઓને જુદી-જુદી રમતોનું જ્ઞાન આપવામાં આવે છે. કેમકે રમત એ આપણા જીવનનું મહત્વનું પાસું છે .રમતથી બાળકનું શરીર તંદુરસ્ત અને મન મજબૂત બને છે. બાળકમાં સહકાર અને ટીમ સ્પિરિટ વિકસે છે. બાળક નિયમો અને શિસ્ત શીખે છે. એકાગ્રતા અને ચપળતા વધે છે .આ બાબતથી બાલવાડીમાં આ શાળાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટુકડીના સભ્યો ખૂબ ઉત્સાહથી જુદી જુદી રમતો શીખવતા હોય છે.

- **કુતૂહલ વિજ્ઞાન કાર્યશાળા**

રમત કાર્યશાળા બાદ વિજ્ઞાન કાર્યશાળાનો સમાવેશ પણ બાલવાડી શિબિરમાં કરવામાં આવ્યો છે. આ શાળામાં બાળકોના અભ્યાસક્રમમાં આવતા કોયડા, પઝલ, પ્રયોગો તથા પ્રવૃત્તિઓને સરળ રીતે કેવી રીતે સમજાવી શકાય તેનું ધ્યાન આપવામાં આવે છે .આ ટુકડીના સભ્યો દ્વારા રમત સાથે જ્ઞાન કેવી રીતે આપવું તેની માહિતી આપવામા આવે છે.

આવી પાંચ દિવસની બાલવાડીમાં આ પાંચ ટુકડીઓ દ્વારા ઉત્સાહથી કામ થતું હોય છે .આ પાંચ દિવસની બાલવાડી શિબિરમાં અમને જ્ઞાનનો ભંડાર પ્રાપ્ત થઈ ગયો હોય એવું લાગે છે .આ પાંચ દિવસમાં એક બાળકની કેળવણી કેવી રીતે કરી શકાય તે અમને શીખવા મળે છે. અધ્યાપન મંદિરમાં જો કોઈ કાર્યક્રમ મુખ્ય ગણાતો હોય તો એ બાલવાડી શિબિર છે .જે તાલીમાર્થીઓને હર હંમેશા માટે ગમતો કાર્યક્રમ છે.

**બલદેવો ભવ**

**- ચૌહાણ ક્રિષ્નાબેન**




**લોકભારતી અધ્યાપનમંદિર - સણોસરા**

**સ્થાપના વર્ષ: 1948**

**54 મો બાલવાડી શિબિર**

**તા.25/12/2025**

**થી**

**તા.29/12/2025**



# બાલવાડી શિબિર પ્રારંભ

**ગુરુવાર, તા.25 ડિસેમ્બર, 2025**
**સવારે 8.30 કલાકે**




**સ્થળ :**
**લોકભારતી અધ્યાપનમંદિર**

**શિબિર સંયોજક**
કવિતાબેન વ્યાસ
9427202689

**આચાર્ય**
જગદીશગિરિ ગોસાઈ
9426979870,8780130016

**શિબિર સહસંયોજક**
સંદિપભાઈ ઉંડવિયા
9428495809

Youtube Live link : https://sril.li/oqivm

## ★ કાર્યક્રમ ★

તારીખ - 25/12/2025 સમય:- 8:30

**બાલવાડી શિબિર મહોત્સવ ઉદ્ઘાટન કાર્યક્રમ**

ડૉ.શ્રી નલિનભાઈ પંડિત (પૂર્વ નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી.)
ડૉ.શ્રી અલ્પેશભાઈ પીપળીયા (શ્રેયાન અધિક્ષકશ્રી, પ્રા.શિ.નિ. ગાંધીનગર)
ડૉ.શ્રી અરુણભાઈ દવે (મેને.ટ્રસ્ટીશ્રી, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, સણોસરા)

★★★

શ્રી ઘરશાળા અધ્યાપન મંદિર, શ્રી દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર
બાલ મનોરંજન કાર્યક્રમ) સમય:- 2:00

તારીખ- 26/12/2025 સમય :- 7:30
વક્તા શ્રી રમેશભાઈ પરમાર -બાલગીત, તાલની રમત, પપેટ્સ

★★★

વક્તા-ડૉ.શ્રી ભાવનાબેન પાઠક-ગિજુભાઈનું બાલ સાહિત્ય સમય:-2:00

તારીખ-27/12/2025 સમય:-7:30
વક્તા-શ્રી રાઘવજીભાઈ (રઘુ રમકડું) - પ્રવૃતિ દ્વારા શિક્ષણ

★★★

શ્રી વિ.ડી.બાલા, શ્રી ઇલીયાસભાઈ -દેશી રમતો સમય:-2:00

તારીખ - 28/12/2025 સમય:-7:30
વક્તા-શ્રી વાસુદેવભાઈ સોઢા - બાળવાર્તા

★★★

તારીખ- 29/12/2025 સમય:- 7:30
વક્તા-શ્રી રામચંદ્રભાઈ પંચોળી- વિશ્વશાંતિની ગુરુકિલ્લી

**★ સમાપન કાર્યક્રમ ★** સમય:- 4:00

ડૉ.શ્રી ભાવનાબેન પાઠક (સંચાલકશ્રી, માયધાર)
ડૉ.શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી (કુલપતિશ્રી, લોકભારતી યુનિ.)
શ્રી હસમુખભાઈ દેવમુરારિ (નિયામકશ્રી , લોક.ગ્રા.વિદ્યાપીઠ)

દરરોજ સવારે 9:30 થી 11:00 અને બપોરે 2:00 થી 3:30 સુધી કાર્યશાળા (સંગીત, રમત, નાટક, સર્જન અને વિજ્ઞાન) ચાલશે અને બાલ મનોરંજન સાંસ્કૃતિક કાર્યક્રમ

# પધારેલા મહેમાનશ્રીઓ
















# પધારેલા મહેમાનશ્રીઓ













# પૂર્વ તૈયારી


















ટહુકાર સંગીત કાર્યશાળા
લોકભારતી અધ્યાપનમંદિર-સણોસરા






સણોસરા


નટખટ નાટ્ય કાર્યશાળા
લોકભારતી અધ્યાપનમંદિર-સણોસરા




લોકભારતી અધ્યાપનમંદિર
સણોસરા
54 મો
બાલવાડી શિબિર
તા. 25/12/2025 થી 29/12/2025


લોકભારતી અધ્યાપનમંદિર




અનોખી સર્જન કાર્યશાળા
લોકભારતી અધ્યાપનમંદિર-સણોસરા


બાલદેવો ભવ









# કુતુહલ

## વિજ્ઞાન કાર્યશાળા

### લોકભારતી અધ્યાપનમંદિર-સણોસરા











મોજીલી
રમત કાર્યશાળા
લોકભારતી અધ્યાપનમંદિર-સણોસરા


બાલદેવો ભવ







# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ - શોધ અને સર્જન

**પ્રયોગ, વિચાર અને મહેનત સાથે,**
**વિજ્ઞાન લઈ જાય આગળ રસ્તે.**
**ચાલો આપણે પ્રતિજ્ઞા કરીએ આજ,**
**વિજ્ઞાનથી બનાવીએ ઉજ્જવળ સમાજ.**

ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ (National Science Day)ની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસ ભારતના મહાન વૈજ્ઞાનિક સર સી.વી.રામનની અસાધારણ સિદ્ધિની યાદમાં ઉજવાય છે. ભારત સરકાર દ્વારા 1986 માં આ દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો, જેની પ્રથમ ઉજવણી 1987 માં થઈ હતી. આ મહત્વની શોધ બદલ સર સી.વી.રામનને 1930 માં ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો. આ દિવસ વિજ્ઞાન અને ટેકનોલોજીના મહત્વ, સમાજમાં વૈજ્ઞાનિક જાગૃતિ અને યુવાનોને સંશોધન માટે પ્રેરિત કરવા ઉજવવામાં આવે છે. આ ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ દૈનિક જીવનમાં વિજ્ઞાનના ઉપયોગો પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવવાનો છે. વિજ્ઞાન માત્ર અભ્યાસ કે શોધખોળ પૂરતું જ નથી; તે આપણા રોજિંદા જીવનનો એક મહત્વપૂર્ણ હિસ્સો છે.

જુદા - જુદા દરેક સ્થળોએ આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમ કે વિજ્ઞાન પ્રદર્શનો, વિજ્ઞાન વર્કશોપ, વિજ્ઞાન મેળો, સાયન્સ સેન્ટરની મુલાકાત વગેરે જેવી અનેક રીતે વિજ્ઞાન દિવસની ઉજવણી થતી હોય છે. પરંતુ અમારા લોકભારતી અધ્યાપનમંદિરમાં વિજ્ઞાન દિવસની ઉજવણી અનોખી રીતે જ કરવામાં આવે છે. દરેક તાલીમાર્થીઓની અલગ અલગ ટુકડી બનાવી આ ટુકડીઓ સણોસરા ગામની પ્રાથમિક શાળા તથા તેના આજુબાજુના ગામની પ્રાથમિક શાળામાં જઈ વિદ્યાર્થીઓને વિજ્ઞાનની વિવિધ પ્રવૃત્તિઓ કરાવે છે.

28 ફેબ્રુઆરી 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ના મહત્વને સમજીને આ દિવસની વિશિષ્ટ રીતે ઉજવણી અમારા અધ્યાપનમંદિરમાં કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમારા દ્વિતીય વર્ષના તાલીમાર્થી ભાઈઓ-બહેનોએ કર્યું હતું.જેમાં વિશેષ રજૂઆત થઈ હતી જેવી કે વિજ્ઞાનગીત, જોડકણા, વૈજ્ઞાનિક રમકડું, વિજ્ઞાન વિશેની અવનવી માહિતી, રામન ઇફેક્ટનો પ્રયોગ, વિજ્ઞાનગીત (પાચનતંત્ર) અભિનય, વીડિયોક્લિપ બતાવવામાં આવી હતી. ત્યારબાદ સંસ્થાના વડિલ એવા અર્ચનાબેન દવે જેમણે આ દિવસ નિમિત્તે માહિતી આપી. આ કાર્યક્રમ લોકભારતી અધ્યાપન મંદિરમાં યોજાયેલ હતો.

**'કલ્પનાને આપે પાંખો અને સત્યને મળે આધાર,**
**વિજ્ઞાન થકી જ શક્ય છે, આધુનિક દુનિયાનો વિસ્તાર.'**

5 માર્ચના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે સવારે 10-00 કલાકે અલગ-અલગ શાળાએ ઉજવણી માટે ગયા. ત્યાં જઈ અમે સૌપ્રથમ પ્રાર્થના સંમેલન ત્યારબાદ વિજ્ઞાનના ત્રણ વિભાગની માહિતી આપી જેમકે 1.જીવવિજ્ઞાન, 2.રસાયણવિજ્ઞાન, 3.ભૌતિકવિજ્ઞાન. જેમાં જીવવિજ્ઞાનમાં માનવતંત્ર, વનસ્પતિકોષ, પ્રાણીકોષ વગેરે જેવા જીવોની માહિતી આપી. રસાયણવિજ્ઞાનમાં તટસ્થીકરણની પ્રક્રિયા, એસિડ - બેઇઝ, હળદરપત્ર, જાસુદપત્ર અને અંધશ્રદ્ધામાંથી દૂર કરવા માટે વિવિધ પ્રયોગો કરાવ્યા. ભૌતિકવિજ્ઞાનમાં મેગ્નેશિયમની પટ્ટી સળગાવવી, જ્વાળામુખી, મરક્યુરી, નાઇટ્રોજનની હાજરી, ગણિતની પઝલો કરાવી, પ્રકાશનું કિરણ અને ગમ્મત સાથે જ્ઞાન આપવામાં આવ્યું. જેમાંથી બાળકોને વિચારશક્તિ, તર્કશક્તિ, પૃથ્થકરણ, અવલોકનશક્તિની ખીલવણી થાય છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ આપણને યાદ અપાવે છે કે વિજ્ઞાન અને તકનીકી જ માનવજીવનને વધુ સરળ, સુરક્ષિત અને ટકાઉ બનાવી શકે છે. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી ત્યારે જ સાર્થક ગણાશે જ્યારે આપણે આપણા રોજિંદા જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીશું અને યાદ અપાવે છે કે માનવ કલ્યાણ માટે વિજ્ઞાનનો સકારાત્મક ઉપયોગ કરવો એ આપણી નૈતિક જવાબદારી છે.

**'વિજ્ઞાન એ સત્યની શોધ છે, અને**
**રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ એ સત્યને**
**જાણવાની અને ઉજવવાની તક છે.'**

**- રંગપરા મિતલબેન**

**“આપણું જીવન વિજ્ઞાનના પ્રયોગ જેવું છે; તમે જેટલી વાર પ્રયોગ કરશો, તેટલી જ સારી સફળતા મેળવી શકશો.”**

# રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ



















# પ્રવેશોત્સવ
















# અભિમુખતા શિબિર












# વાલી મિલન















# મંત્રી મંડળ













# શૈક્ષણિક પ્રવાસ (દ્વારકા)









# સાંસ્કૃતિક કાર્યક્રમ













# ઇન્ટર્નશિપ

















# ઇન્ટર્નશિપ


















# ઇન્ટર્નશિપ દરમિયાન હાથ ધરેલ ક્રિયાત્મક સંશોધન

**સંશોધનકર્તા - ગોહેલ રાજભાઈ મહેન્દ્રભાઈ** **માર્ગદર્શક - શ્રી જગદીશગિરિ ગોસાઈ**

## ૧. સમસ્યા-

"તળાજા તાલુકાના પીપરલા ગામની પ્રાથમિક શાળાના ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં એકસમાન લાગતા સૂત્રો સમજવામાં અને લાંબા સમય સુધી યાદ રાખવામાં પડતી મુશ્કેલી."

## ૨. સમસ્યા ક્ષેત્ર-

આ સંશોધન કાર્ય જે વિસ્તાર અને મર્યાદામાં હાથ ધરવામાં આવ્યું છે તેની વિગતો નીચે મુજબ છે-

- શાળાનું નામ- પીપરલા ગામની પ્રાથમિક શાળા, તા. તળાજા, જિ. ભાવનગર.
- **ધોરણ**- ૮ (આઠ)
- **વર્ગ**- અ
- **વિષય**- ગણિત
- **મુખ્ય મુદ્દો**- ગણિતના સૂત્રોના લેખન અને ઉપયોગમાં થતી ભૂલો તેમજ વિસ્મૃતિની સમસ્યા.
- **લક્ષિત જૂથ**- ધોરણ-૮ ના એવા વિદ્યાર્થીઓ જેઓ પાયાના ગાણિતિક સૂત્રોમાં વારંવાર ભૂલો કરે છે.

## ૩. સમસ્યાના સંભવિત કારણો-

- ### ૧. મનોવૈજ્ઞાનિક કારણો

  **ગણિતનો ભય (Math Anxiety)**- ઘણા વિદ્યાર્થીઓમાં ગણિત વિષય પ્રત્યે પૂર્વગ્રહ અથવા ડર હોય છે. આ માનસિક ડરને કારણે તેઓ સૂત્રો જોતા જ ગભરાઈ જાય છે, પરિણામે એકાગ્રતાના અભાવે સૂત્રો યાદ રાખી શકતા નથી.

  **ગોખણપટ્ટીની વૃત્તિ**- વિદ્યાર્થીઓ સૂત્ર કેવી રીતે બન્યું અથવા તેની પાછળનું તર્ક સમજવાને બદલે તેને માત્ર કંઠસ્થ (ગોખવાનો) કરવાનો પ્રયત્ન કરે છે, જે લાંબાગાળે વિસ્મૃતિનું કારણ બને છે.

- ### ૨. શૈક્ષણિક કારણો

  **પાયાના જ્ઞાનનો અભાવ**- ધોરણ ૬ અને ૭ ના પાયાના ગાણિતિક ખ્યાલો જેવા કે ચલ, અચલ, ઘાત અને ઘાતાંકની સમજ સ્પષ્ટ ન હોવાને કારણે ધોરણ ૮ ના જટિલ સૂત્રો સમજવામાં અવરોધ ઉભો થાય છે.

  **મહાવરાનો (Practice) અભાવ**- "ગણિત એ ગણવાનો વિષય છે, વાંચવાનો નહીં." જો વિદ્યાર્થીઓ સૂત્રોનો ઉપયોગ કરીને દાખલા ગણવાનો પૂરતો મહાવરો ન કરે, તો સમય જતાં સૂત્રો ભુલાઈ જવાની શક્યતા વધી જાય છે.

  **સંકેતોની અસ્પષ્ટતા**- સૂત્રમાં વપરાતા વિવિધ સંકેતો (જેમ કે pi,r,l,b વગેરે) ના અર્થ અને તેના એકમો વિશેની સમજ સ્પષ્ટ ન હોવાથી વિદ્યાર્થીઓ મૂંઝવણ અનુભવે છે.

- ### ૩. શિક્ષણ પદ્ધતિના કારણો

  **પરંપરાગત શિક્ષણ પદ્ધતિ**- જો સૂત્રોને માત્ર બોર્ડ પર લખીને કે પાઠ્યપુસ્તકમાંથી વાંચીને શીખવવામાં આવે, તો તે નીરસ લાગે છે.

  **શૈક્ષણિક સાધન સામગ્રી અને પ્રાયોગિક પ્રવૃત્તિનો અભાવ**- ગણિતના સૂત્રોને જો પ્રાયોગિક રીતે (Teaching Learning Material દ્વારા) કે પ્રવૃત્તિ દ્વારા સમજાવવામાં ન આવે, તો વિદ્યાર્થીઓ તેના ગાણિતિક માળખાને સમજી શકતા નથી.

## ૪. પાયાની જરૂરી બાબતો (Background Information / Data Collection)-

સમસ્યાના મૂળ સુધી પહોંચવા અને માહિતી એકત્રિત કરવા માટે નીચે મુજબના સ્ત્રોતો અને પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો.

- 

  **વર્ગખંડ અવલોકન**- શૈક્ષણિક કાર્ય દરમિયાન વિદ્યાર્થીઓની ગણિત વિષય પ્રત્યેની રુચિ અને સૂત્રોના ઉપયોગ વખતે થતી મૂંઝવણનું પ્રત્યક્ષ અવલોકન કરવું.

  ગણિતની પાઠ્યપુસ્તક અને સ્વાધ્યાયપોથી- વિદ્યાર્થીઓ સ્વાધ્યાયપોથીમાં સૂત્રોનો ઉપયોગ કેવી રીતે કરે છે અને તેમાં કેવી ભૂલો કરે છે તેની ચકાસણી.
- **પરીક્ષાલક્ષી મૂલ્યાંકન**- એકમ કસોટી કે સત્રાંત પરીક્ષાની ઉત્તરવહીઓના આધારે વિદ્યાર્થીઓને કયા પ્રકારના સૂત્રોમાં વધુ મુશ્કેલી પડે છે તેનું વિશ્લેષણ.

  **સાથી શિક્ષકો સાથે ચર્ચા**- અન્ય ગણિત શિક્ષકોના અનુભવો જાણીને વિદ્યાર્થીઓની સામાન્ય ભૂલો સમજવી.
- **મૌખિક પ્રશ્નોત્તરી**- વર્ગખંડમાં અચાનક સૂત્રો પૂછીને વિદ્યાર્થીઓની યાદશક્તિ અને આત્મવિશ્વાસનું સ્તર તપાસવું

## ૫. ઉત્કલ્પનાઓ (Action Hypotheses)-

સમસ્યાના નિવારણ માટે નીચે મુજબની ધારણાઓ (ઉત્કલ્પનાઓ) બાંધવામાં આવી છે-

- ### ૧. શૈક્ષણિક ઉત્કલ્પનાઓ (Pedagogical Hypotheses)

જો વિદ્યાર્થીઓને ગણિતના સૂત્રોની તારવણી (Derivation) પ્રાયોગિક રીતે સમજાવવામાં આવશે, તો તેઓ ગોખણપટ્ટીને બદલે સમજીને લાંબા સમય સુધી યાદ રાખી શકશે.

જો દરરોજ શૈક્ષણિક કાર્યની શરૂઆતની ૫ મિનિટ 'સૂત્રગાન' અથવા 'સૂત્રલેખન' માટે ફાળવવામાં આવશે, તો સૂત્રોનું દ્રઢીકરણ ઝડપી બનશે.

જો સૂત્રોને યાદ રાખવા માટે ફ્લેશ કાર્ડ્સ (Flash Cards) કે ચાર્ટ્સનો ઉપયોગ કરવામાં આવશે, તો વિદ્યાર્થીઓની વિઝ્યુઅલ મેમરીમાં સુધારો થશે.

- ### ૨. પ્રવૃત્તિલક્ષી ઉત્કલ્પનાઓ (Activity-based Hypotheses)

જો ગણિતના સૂત્રોને સંગીતની લય કે જોડકણાં સાથે જોડવામાં આવશે, તો વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક અને આનંદદાયક રીતે સૂત્રો મોઢે કરશે.

જો વર્ગખંડમાં 'સૂત્ર પેટી' (Formula Box) જેવી રમત રમાડવામાં આવશે, તો રમત-રમતમાં સૂત્રોનું પુનરાવર્તન થશે.

જો વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનના કોયડા ઉકેલવામાં સૂત્રોનો ઉપયોગ કરવાની પ્રેક્ટિસ કરાવવામાં આવશે, તો તેમને સૂત્રોની ઉપયોગિતા સમજાશે.

- ### ૩. ટેકનોલોજીલક્ષી ઉત્કલ્પનાઓ (ICT Hypotheses)

જો શૈક્ષણિક સોફ્ટવેર, એનિમેશન કે ઓનલાઇન ક્વિઝ (જેમ કે Kahoot કે Google Forms) દ્વારા સૂત્રોની સ્પર્ધા યોજવામાં આવશે, તો ડિજિટલ માધ્યમથી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધશે.

જો વર્ગખંડની દીવાલ પર 'સૂત્ર પ્રદર્શન' (Formula Wall) તૈયાર કરવામાં આવશે, તો વારંવાર નજર સામે આવવાથી સૂત્રો સહજતાથી યાદ રહી જશે.

## ૬. પ્રયોગ કાર્યની રૂપરેખા (૧૫ દિવસ)-

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | પ્રયુક્તિ / પદ્ધતિ | સાધન / સ્ત્રોત | સમય (દિવસ) | મૂલ્યાંકન પદ્ધતિ |
|---|---|---|---|---|---|
| ૧ | પૂર્વ કસોટી (Pre-Test) | લેખન અને અવલોકન | પ્રશ્નપત્ર | ૧ દિવસ | કસોટી દ્વારા ગુણનું વિશ્લેષણ |
| ૨ | સમસ્યાની સમજ અને ચર્ચા | નિદર્શન અને ચર્ચા | બ્લેકબોર્ડ / ચાર્ટ | ૧ દિવસ | પ્રશ્નોત્તરી |
| ૩ | સૂત્ર પ્રદર્શન (Visual Display) | નિદર્શન પદ્ધતિ | સૂત્રના ચાર્ટ્સ / મોડેલ્સ | ૨ દિવસ | અવલોકન |
| ૪ | ડિજિટલ લર્નિંગ (ICT) | દ્રશ્ય-શ્રાવ્ય પદ્ધતિ | પ્રોજેક્ટર / શૈક્ષણિક વિડિયો | ૨ દિવસ | મૌખિક પ્રતિભાવ |
| ૫ | સૂત્રગાન અને લયબદ્ધ રજૂઆત | સમૂહ ગાન | જોડકણાં / સંગીત | ૨ દિવસ | રજૂઆતની ચોકસાઈ |
| ૬ | નવીનતમ ગૃહકાર્ય અને લેખન | સર્જનાત્મક લેખન | સ્વાધ્યાયપોથી / ફ્લેશ કાર્ડ્સ | ૧ દિવસ | લેખન કાર્યની ચકાસણી |
| ૭ | સૂત્ર અંતાક્ષરી (સ્પર્ધા) | રમત પદ્ધતિ | ફ્લેશ કાર્ડ્સ | ૧ દિવસ | સ્પર્ધાત્મક ઉત્સાહ અને યાદશક્તિ |
| ૮ | જોડકાં જોડો સ્પર્ધા | પ્રવૃત્તિ પદ્ધતિ | વર્કશીટ (Worksheet) | ૧ દિવસ | મેળવેલ સાચા ઉત્તરો |
| ૯ | પુનરાવર્તન અને શંકા નિવારણ | કથન અને લેખન | સંદર્ભ પુસ્તકો | ૩ દિવસ | દાખલા ગણવાની ક્ષમતા |
| ૧૦ | ઉત્તર કસોટી (Post-Test) | લેખન કસોટી | આખરી પ્રશ્નપત્ર | ૧ દિવસ | પૂર્વ કસોટી સાથે સરખામણી |

### આ રૂપરેખાની મુખ્ય વિશેષતાઓ-

- **વૈવિધ્યપૂર્ણ શિક્ષણ**- આમાં નિદર્શન, રમત, સંગીત અને ટેકનોલોજીનો સમન્વય કરવામાં આવ્યો છે જેથી દરેક પ્રકારના વિદ્યાર્થીઓને રસ પડે.
- **તુલનાત્મક અભ્યાસ**- પૂર્વ કસોટી અને ઉત્તર કસોટી દ્વારા પ્રયોગની સફળતાનો ચોક્કસ ખ્યાલ આવશે.
- **ક્રમબદ્ધતા**- ૧૫ દિવસના આયોજનમાં પાયાની સમજથી લઈને દ્રઢીકરણ સુધીના તમામ તબક્કાઓનો સમાવેશ થાય છે.

## ૭. પૃથક્કરણ અને અર્થઘટન (Analysis and Interpretation)-

પ્રાયોગિક કાર્યના અમલીકરણ બાદ એકત્રિત કરવામાં આવેલી માહિતીનું પૃથક્કરણ કરતા નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા-

**હકારાત્મક પરિવર્તન**- વિવિધ પ્રવૃત્તિઓ અને આધુનિક શિક્ષણ પદ્ધતિઓના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં ગણિતના સૂત્રો પ્રત્યેની ગંભીરતા વધી છે.

**ક્રમશઃ સુધારો**- શિક્ષકના યોગ્ય માર્ગદર્શન અને સતત પ્રોત્સાહન (Scaffolding) દ્વારા છેલ્લા બે સપ્તાહમાં વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસ અને યાદશક્તિમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી છે.

**તાર્કિક સમજ**- વિદ્યાર્થીઓ હવે સૂત્રોને માત્ર અક્ષરો તરીકે નહીં, પરંતુ એક ગાણિતિક તર્ક તરીકે સમજતા થયા છે, જેનાથી તેમની ભૂલોનું પ્રમાણ ઘટ્યું છે.

## ૮. તારણ અને અનુકાર્ય (Conclusion and Follow-up Work)-

- **૧. તારણ (Findings)**

**સંશોધનના અંતે નીચે મુજબના હકારાત્મક પરિણામો પ્રાપ્ત થયા છે-**

ગોખણપટ્ટીમાં ઘટાડો- વિદ્યાર્થીઓ હવે સૂત્રોને ગોખવાને બદલે તેની તારવણી અને પાછળના સિદ્ધાંતો સમજવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે.

ગણિતના ભયનું નિવારણ- ગણિતના સૂત્રો પ્રત્યેનો ડર કે અણગમો દૂર થયો છે અને વિદ્યાર્થીઓમાં વિષય પ્રત્યે અભિરુચિ કેળવાઈ છે.

**દ્રશ્ય સ્મૃતિ (Visual Memory) નો વિકાસ**- ફ્લેશ કાર્ડ્સ, ચાર્ટ્સ અને એનિમેશન જેવા દ્રશ્ય-શ્રાવ્ય સાધનોના પ્રભાવથી સૂત્રો લાંબા સમય સુધી યાદ રાખવાની ક્ષમતામાં વધારો થયો છે.

**આત્મવિશ્વાસમાં વૃદ્ધિ**- જે વિદ્યાર્થીઓ અગાઉ સૂત્રો બોલવામાં સંકોચ અનુભવતા હતા, તેઓ હવે ક્વિઝ અને અંતાક્ષરી જેવી સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

**ચોકસાઈમાં વધારો**- સૂત્રોમાં થતી સામાન્ય ભૂલો (જેમ કે ચિહ્નોની ભૂલ કે ઘાત લખવાની ભૂલ) માં આશરે 40% થી 50% જેટલો ઘટાડો નોંધાયો છે.

- **૨. અનુકાર્ય (Follow-up Work)**

સંશોધન પૂર્ણ થયા પછી પણ આ પ્રક્રિયા સાતત્યપૂર્ણ રહે તે માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવ્યું છે-

**સતત મહાવરો**- પ્રયોગ પૂર્ણ થયા પછી પણ દરરોજ પ્રાર્થના સભામાં અથવા ગણિતના તાસની શરૂઆતમાં ૫ મિનિટ 'સૂત્રગાન' ની પ્રવૃત્તિ ચાલુ રાખવી.

નવીનતમ પ્રયોગો- સમયંતરે નવી પ્રવૃત્તિઓ અને રમતો દ્વારા સૂત્રોનું પુનરાવર્તન કરાવતા રહેવું જેથી વિદ્યાર્થીઓ વિષય સાથે જોડાયેલા રહે.

**પ્રેરણાત્મક વાતાવરણ**- વર્ગખંડમાં 'ફોર્મ્યુલા કોર્નર' જેવી વ્યવસ્થા કાયમી રાખવી જેથી ગણિત વિષયમાં વિદ્યાર્થીઓનો રસ જળવાઈ રહે.

# પ્રેરણાનું તેજપુંજ- આદર્શ ગુરુવર્ય શ્રી જગદીશગિરિ ગોસાઈ

શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી, પણ જીવન ઘડતરની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં જ્યારે કોઈ સમર્પિત વ્યક્તિત્વ જોડાય છે, ત્યારે તે સંસ્થા અને વિદ્યાર્થીઓ બંનેનું ભાગ્ય બદલાઈ જાય છે. લોકભારતી અધ્યાપનમંદિરજેવી સંસ્કારધામ સમાન સંસ્થામાં જ્યારે જગદીશભાઈ જેવા આદર્શ શિક્ષક અને આચાર્યનો સંગમ થાય, ત્યારે શિક્ષણ એક ઉત્સવ બની જાય છે. જગદીશભાઈ માત્ર એક વહીવટકર્તા નથી, પણ વિદ્યાર્થીઓના હ્રદયમાં વસતા એક સાચા પથદર્શક છે.

જગદીશભાઈનો મુખ્ય વિષય અંગ્રેજી (English) છે. સામાન્ય રીતે તાલીમાર્થીઓમાં અંગ્રેજી પ્રત્યે એક પ્રકારનો ડર જોવા મળતો હોય છે, પરંતુ જગદીશભાઈની ભણાવવાની શૈલી એટલી જીવંત છે કે અઘરા ગણાતા વ્યાકરણના નિયમો પણ સરળતાથી સમજાઈ જાય છે. તેમની ભાષા પરની પકડ અને રજૂઆતની છટા વિદ્યાર્થીઓને મંત્રમુગ્ધ કરી દે છે.

સાથે જ, મનોવિજ્ઞાન (Psychology) ના તેઓ ઊંડા અભ્યાસુ છે. મનોવિજ્ઞાન એ માત્ર વિષય નથી, પણ માણસને સમજવાની કળા છે. જગદીશભાઈ આ કળામાં માહિર છે. તેઓ પુસ્તકિયા જ્ઞાનને બદલે માનવ વ્યવહાર અને વિદ્યાર્થીઓના માનસિક પાસાઓને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપે છે. આ જ કારણ છે કે તેમના વર્ગખંડમાં ક્યારેય કંટાળો નથી આવતો, પણ કંઈક નવું શીખવાની જિજ્ઞાસા જાગે છે.

લોકભારતી અધ્યાપન મંદિરના આચાર્ય તરીકે જગદીશભાઈનું વ્યક્તિત્વ એક વટવૃક્ષ જેવું છે. તેમની નેતૃત્વશક્તિ અદભૂત છે. એક આચાર્ય તરીકે તેઓ સંસ્થાના નીતિ-નિયમો અને શિસ્ત બાબતે જેટલા ચોક્કસ છે, તેટલા જ તેઓ વિદ્યાર્થીઓના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ છે.

તેમનું નેતૃત્વ 'હુકમ' આપવા પર નહીં, પણ 'સાથે મળીને કામ કરવા' પર આધારિત છે. શાળાના શૈક્ષણિક સાધનો, લેબોરેટરી અને પુસ્તકાલયનો મહત્તમ ઉપયોગ વિદ્યાર્થીઓના હિતમાં કેવી રીતે થાય, તેનું તેઓ સતત આયોજન કરે છે. તેમની આગેવાનીમાં સંસ્થાએ નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરી છે. શિસ્તબદ્ધ વાતાવરણ હોવા છતાં, વિદ્યાર્થીઓ ત્યાં પોતાને સુરક્ષિત અને મુક્ત અનુભવે છે, જે એક કુશળ આચાર્યની સૌથી મોટી ઓળખ છે.

અધ્યાપનમંદિરમાં આવતા તાલીમાર્થીઓ માટે જગદીશભાઈ એક આદર્શ રોલ મોડેલ છે. જ્યારે કોઈ તાલીમાર્થી મૂંઝવણમાં હોય કે આત્મવિશ્વાસ ગુમાવી બેસે, ત્યારે જગદીશભાઈ એક મિત્ર બનીને તેની પડખે ઊભા રહે છે. તેઓ માને છે કે ભૂલ કરવી એ શીખવાની પ્રક્રિયાનો ભાગ છે.તેઓ તાલીમાર્થીઓને હંમેશા પ્રોત્સાહિત કરે છે કે તેઓ માત્ર 'માહિતી આપનારા' નહીં, પણ 'જીવન ઘડનારા' શિક્ષકો બને. નવી પેઢીના શિક્ષકોને તૈયાર કરવામાં તેમનો અભિગમ ખૂબ જ આધુનિક અને પ્રેક્ટિકલ છે. તેમની હાજરીમાં તાલીમાર્થીઓ પોતાની ક્ષમતાઓને ખીલવવાની પૂરી તક મેળવે છે.

અંધકારમાં દીવાદાંડીની જેમ તેઓ વિદ્યાર્થીઓને સાચી દિશા બતાવે છે.

**"તેમની જીવનશૈલીમાંથી શીખવા જેવું છે કે-**
**સફળતા માત્ર આંકડામાં નથી, પણ સંસ્કારોમાં છે.**
**નિષ્ઠાપૂર્વક કરેલું કાર્ય ક્યારેય નિષ્ફળ જતું નથી."**

લોકભારતી અધ્યાપનમંદિરના આંગણે જગદીશભાઈ જેવું વ્યક્તિત્વ હોવું એ સંસ્થા અને વિદ્યાર્થીઓ બંનેનું સદ્ભાગ્ય છે. એક આદર્શ શિક્ષક, દુરંદેશી આચાર્ય અને વિદ્યાર્થીઓના હિતચિંતક તરીકે તેમની સેવાઓ અવિસ્મરણીય છે.

અમે ગર્વથી કહી શકીએ છીએ કે તેમના જેવા ગુરુ મળવા એ ઈશ્વરની કૃપા છે. તેમની શીખવેલી વાતો અને જીવનમંત્રો અમને જીવનના દરેક તબક્કે કામ લાગશે. આવા નિષ્ઠાવાન અને સ્નેહાળ ગુરુવર્ય જગદીશભાઈને અમારા કોટિ કોટિ વંદન!

ગુરુ બની શીખવે જીવનનો સાચો માર્ગ,
એવા શિક્ષક મળ્યા એ આપણું ભાગ્ય જાગે.

**હંમેશા હસતા ચહેરા સાથે પ્રેમથી ભણાવે,વિદ્યાર્થીના દિલની દરેક લાગણી સમજે....**

**- જાની ધારાબેન એ.**
**- આંબલિયા કૃષાબેન એ.**

# શ્રી અજયભાઈ પંડ્યા- એક આદર્શ અને કર્મનિષ્ઠ અધ્યાપક

શિક્ષણ એ માત્ર પુસ્તકો જ્ઞાન આપવાની પ્રક્રિયા નથી, પરંતુ તે તાલીમાર્થીઓના જીવનને ઘડવાની કળા છે. આ કળામાં જેઓ મહારથ ધરાવે છે, તેવા જ એક આદર્શ શિક્ષક એટલે શ્રી અજયભાઈ પંડ્યા. ગણિત અને વિજ્ઞાન જેવા ગહન વિષયો પર જેમની પકડ છે, તેવા અજયભાઈ માત્ર એક શિક્ષક જ નહીં, પણ તાલીમાર્થીઓના સાચા માર્ગદર્શક અને પ્રેરણાસ્ત્રોત છે.

અજયભાઈના વ્યક્તિત્વનું સૌથી પહેલું અને મહત્વનું પાસું છે તેમની શિસ્ત. તેઓ માને છે કે શિસ્ત વગરનું જીવન સુકાન વગરની હોડી જેવું છે. તેમની શિસ્ત એટલે માત્ર કડક નિયમો પાળવા એવું નથી, પરંતુ સ્વયં-શિસ્તનો આગ્રહ રાખવો. તેઓ પોતે નિયમોનું પાલન કરે છે, તેથી તાલીમાર્થીઓ પણ આપોઆપ તેમને અનુસરવા પ્રેરાય છે. તેમના ક્લાસમાં અરાજકતાને કોઈ સ્થાન નથી, છતાં ત્યાં ડરનું વાતાવરણ પણ હોતું નથી; ત્યાં હોય છે માત્ર પરસ્પર સન્માન અને વ્યવસ્થા.

**સમયપાલન- જીવનનો મંત્ર**

કહેવાય છે કે જે સમયને સાચવે છે, સમય તેને સાચવે છે. અજયભાઈ માટે સમયપાલન એ તેમનો પર્યાય છે. શાળાનો બેલ વાગે તે પહેલાં તેઓ વર્ગખંડના ઉંબરે હાજર હોય છે. સમયની પાબંદીનો તેમનો આ ગુણ તાલીમાર્થીઓને શીખવે છે કે જીવનની પ્રત્યેક સેકન્ડ કેટલી કિંમતી છે. ભલે ગમે તેવી પરિસ્થિતિ હોય, અજયભાઈ ક્યારેય મોડા પડતા નથી. તેમની આ આદતથી તાલીમાર્થીઓમા પણ સમયની કદર કરવાની ભાવના જાગે છે.

**હંમેશા હસતો ચહેરો- સકારાત્મકતાના પ્રતીક**

સામાન્ય રીતે ગણિત અને વિજ્ઞાનના શિક્ષકો ગંભીર મનાતા હોય છે, પરંતુ અજયભાઈ અહીં અલગ તરી આવે છે. તેમના ચહેરા પર હંમેશા રહેતું સ્મિત વાતાવરણને હળવું બનાવી દે છે. ગમે તેટલો અઘરો દાખલો હોય કે વિજ્ઞાનનો જટિલ પ્રયોગ, અજયભાઈ તેને હસતા મુખે એવી રીતે સમજાવે છે કે તાલીમાર્થીઓના તણાવ દૂર થઈ જાય છે. તેમનું સ્મિત તાલીમાર્થીઓને પ્રશ્નો પૂછવા માટે પ્રોત્સાહિત કરે છે અને શીખવાની પ્રક્રિયાને આનંદદાયક બનાવે છે.

**ગણિત અને વિજ્ઞાન- જ્ઞાનનો સંગમ**

અજયભાઈનો મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાન છે. ગણિતમાં તે આંકડાઓની માયાજાળને સરળ સમીકરણોમાં ફેરવી દે છે, જ્યારે વિજ્ઞાનમાં કુદરતના રહસ્યોને પ્રયોગો દ્વારા જીવંત કરે છે.

ગણિત- તેઓ શુષ્ક ગણિતને વ્યવહારુ ઉદાહરણો સાથે જોડે છે. ભૂમિતિના પ્રમેય હોય કે બીજગણિતના સમીકરણો, તેમની શીખવવાની પદ્ધતિ તાર્કિક હોય છે.

**વિજ્ઞાન-** તેઓ માને છે કે વિજ્ઞાન એ ગોખવાનો વિષય નથી પણ અનુભવવાનો વિષય છે. પ્રયોગશાળામાં તેમની હાજરીમાં વિજ્ઞાનના સિદ્ધાંતો જાણે વાતો કરતા હોય તેવું લાગે છે.

તાલીમાર્થીઓ સાથેનો સંબંધ

અજયભાઈ પંડ્યા માત્ર પાઠ્યપુસ્તક પૂરતા મર્યાદિત નથી. તેઓ તાલીમાર્થીઓના મનને વાંચનારા શિક્ષક છે. નબળા તાલીમાર્થીઓને તેઓ વિશેષ સમય આપીને આગળ લાવે છે, જ્યારે તેજસ્વી તાલીમાર્થીઓને વધુ ઊંચાઈ સર કરવા પ્રોત્સાહન આપે છે. તેમની પાસે જનાર દરેક તાલીમાર્થી કંઈક નવું શીખીને અને આત્મવિશ્વાસ સાથે પાછો ફરે છે.

**નિષ્કર્ષ**

આજના આધુનિક યુગમાં જ્યારે નૈતિક મૂલ્યો ઘટતા જાય છે, ત્યારે અજયભાઈ પંડ્યા જેવા શિક્ષકો સમાજ માટે દીવાદાંડી સમાન છે. શિસ્ત, સમયપાલન અને હસમુખા સ્વભાવ થકી તેમણે સેંકડો તાલીમાર્થીઓના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવ્યો છે. તેઓ સાચા અર્થમાં 'ગુરૂ' શબ્દને સાર્થક કરે છે.

**"અજયભાઈ પંડ્યા જેવા શિક્ષક જે શાળાને મળે, તે શાળાનું અને ત્યાંના તાલીમાર્થીઓના ભવિષ્ય ઉજ્જવળ બને છે તેમાં કોઈ શંકા નથી."**

**- શિયાળ અક્ષિતાબેન,**

**- ભટ્ટ ક્રિષ્નાબેન**

# વિચારોથી સર્જન સુધીની સફર કરાવનાર- શ્રી કવિતાબેન વ્યાસ

**"વાંસલડી ડોટકોમ, મોરપીછ ડોટકોમ,ડોટકોમ વૃંદાવન આખું**
**મારા કાનજી ની વેબસાઈટ એટલી વિચાર છે ક્યાં ક્યાં નામ એમાં રાખું?"**

**•કૃષ્ણ દવે**

આ એ જ કવિતા છે જે અવારનવાર અમારા આદરણીય બેનના કંઠેથી સાંભળવા મળે છે. હંમેશા જેમના ચહેરા પર મોજીલુ સ્મિત અને કોઈપણ કાર્યને કરવાની તત્પરતા હોય છે તેમના વિશે તો શું લખું ને શું ન લખું?

તો ચાલો... હું તમને પ્રેરણા પથિક એવા શ્રી કવિતાબેન વ્યાસનો પરિચય કરાવું. એક આદર્શ અધ્યાપક અને ગ્રુહ માતાની ફરજ બજાવતા અમારા કવિતાબેન. જેમણે અમને સૌને એક માઁ જેવો પ્રેમ અને દોસ્ત જેવો સાથ હંમેશા આપ્યો છે. મેં આજ સુધીમાં ઘણા બધા શિક્ષકો જોયેલા છે જે માત્ર બોલીને શિખામણ આપે છે પરંતુ એવા ખૂબ જ ઓછા શિક્ષકો હશે જે માત્ર બોલીને કે શિખામણ આપીને નહીં પણ પોતાના આચરણથી પણ અવનવું શીખવતા હોય છે. અત્યાર સુધીમાં મેં એક વાતનું નિરીક્ષણ કર્યું છે કે તેમણે અમને સારું નહીં, પરંતુ સાચું શીખવ્યું છે અને તેમણે કોઈ તાલીમાર્થી પ્રત્યે ભેદભાવ નથી રાખ્યો.હંમેશાથી એવું ઈચ્છતા કે દરેક તાલીમાર્થી બધી જ પ્રવૃત્તિમાં ભાગ લેતો થાય અને સક્રિય બને. અધ્યાપનમંદિરમાં તો તે હંમેશા અમારા માટે અવનવી પ્રવૃત્તિઓ અને કંઈક નવું જ જાણીને અમને શીખવવાનો વધુમાં વધુ પ્રયત્ન કર્યા છે. જ્યારે તેમનો વર્ગખંડમાં કમ્પ્યુટર શીખવાનો હતો કંઈક અલગ જ અંદાજ છે.

**"હાર્ડવેર અને સોફ્ટવેર સમજાવે હળવેકથી**
**ટેકનોલોજી શીખવે પ્રેમથી અને મોજથી"**

બસ એ જ અમારા કવિતાબેન. આ ઉપરાંત અમને અવનવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને શારીરિક સ્વાસ્થ્ય અંગે ઘણું બધું શીખવ્યું છે તેમણે ટેકનોલોજી ક્ષેત્રે પણ અમને ઘણું ઊંડાણપૂર્વક માહિતગાર કર્યા છે અને વિવિધ ઉપકરણોનો ઉપયોગ કેવી રીતે કરવો તે પણ શીખવ્યું છે. તેમના વિશે એક વાત તો મારે કહેવી જ છે કે બેનની તબિયત ભલે ન સારી હોય છતાં અમારા એક્સ્ટ્રા પ્રેક્ટીકલ ગોઠવીને પોતાનો અમૂલ્ય સમય અમને ફાળવતા હોય છે. બેનનો મુખ્ય હેતુ એ જ હતો કે મારા બાળકો વધુમાં વધુ ટેકનોલોજી નો ઉપયોગ કરતા થાય અને કંઈક નવું શીખી શકે. જ્યારે અમારાથી કમ્પ્યુટરમાં કંઈક થઈ ગયું હોય કે કોઈ સ્વીચ કે કમ્પ્યુટરની કી ભૂલથી દબાવાઈ ગઈ હોય કે ટાઈપિંગ ન થતું હોય તો બેન એવું કહેતા કે એમાં મુંજાતા નહીં હું તમારી સાથે જ છું. બસ આ હિંમત સાથે જ હવે આગળ વધવાનો પ્રયત્ન કરતા શીખી છું જેણે મને આગળ વધવાની પ્રેરણા આપી. તે બેન વિશે એક પંક્તિ કહું તો.... **"ગુરુ વંદના શીખવે નમ્રતા સાથે**
**સંસ્કૃતિ જોડે આધુનિકતાના હાથમાં હાથે"**

શ્રીમદ્ ભગવદ્ ગીતાના દરેક શ્લોક જેના કંઠે ગુંજતા રહે, હંમેશા આનંદિત ચહેરો, સુખ દુઃખમાં સાથ આપનાર, મિત્ર જેવો સાથ, માઁ જેવો પ્રેમ, અડગ મનોબળ, પ્રામાણિકતા અને નિખાલસતા જેવા ગુણો ધરાવતા મારા વંદનીય અધ્યાપક શ્રી કવિતાબેન.

કવિતાબેન સાથે મારો એક અલગ જ અને યાદગાર અનુભવ થયો કે જ્યારે પ્રથમવર્ષમાં નવા નવા આવ્યા ત્યારે સફાઈ બાબતે મને ઘણું કહ્યું હતું. ઉપરાંત હું જ્યારે છાત્રાલય મંત્રી હતી ત્યારે પણ બેન સાથે મારે અનેક ખાટા મીઠા અનુભવો થયા છે. જે મને હજુય યાદ છે. જે મારા માટે એક પ્રેરણાદાયી માર્ગદર્શન હતું એવું કહી શકું. બસ ત્યારથી જ મને કોઈપણ જાતનું કાર્ય કરતા કોઈપણ જાતનું સંકોચ નથી અનુભવાતો. **"જ્ઞાનના ગુરુ અને ગૃહમાતા સમી સ્નેહની મૂર્તિ એ જ અમારા કવિતાબેન."**

હવે વાત કરું તો રાત્રી સમયે થતી અમારી હાજરી. હાજરી દરમિયાન અમને ઘણું બધું જીવનમાં ઉપયોગી જ્ઞાન પીરસ્યુ. આ ઉપરાંત સમાજમાં કેવી રીતે કહેવું?, હોસ્ટેલમાં મિત્રો સાથે સહજીવન કેવી રીતે જીવવું, મોટાને માન આપવું વગેરે જેવું અમને શીખવ્યું છે. તેઓ અમને પોતાની દીકરી જ માને છે એવું પણ કહેતા કે હું તમારી સાથે જ છું. આવા આદરણીય ગૃહમાતા અને શ્રેષ્ઠ અધ્યાપકની હું સદાય આભારી રહીશ કે જેમણે મને હંમેશા સાચું માર્ગદર્શન પૂરું પાડ્યું અને જીવનમાં કેવી રીતે આગળ વધવું તેનું પણ માર્ગદર્શન આપ્યું છે.

આ બે વર્ષના સમયગાળા ના અંતે મેં તેમની પાસેથી ઘણું બધું જીવનમાં ઉપયોગી જ્ઞાન મેળવ્યું છે અને હું તે જ્ઞાન મારા જીવનમાં ચોક્કસ ઉતારીશ.

**- બારૈયા ભૂમિકાબેન**

# વિજ્ઞાનના જીવંત ઉદ્દીપક: આદર્શ શિક્ષિકા અવનિબેન

શિક્ષણ એ માત્ર પુસ્તકોનું જ્ઞાન નથી, પણ જિજ્ઞાસાની જ્યોત પ્રગટાવવાની કળા છે. જ્યારે વિજ્ઞાન જેવા ગહન વિષયની વાત આવે, ત્યારે એક એવા માર્ગદર્શકની જરૂર હોય છે જે અઘરા સિદ્ધાંતોને જીવનના સરળ ઉદાહરણોમાં વણી લે. આ ક્ષેત્રમાં અવનિબેન એક એવું તેજસ્વી વ્યક્તિત્વ છે, જેમના માટે વિજ્ઞાન એ માત્ર વિષય નથી, પણ એક જીવનશૈલી છે.

અવનિબેનના ક્લાસમાં પગ મૂકતા જ એક અનોખી સકારાત્મક ઊર્જાનો અનુભવ થાય છે. તેમનું વ્યક્તિત્વ 'Aesthetic' એટલે કે સુંદરતા, સુઘડતા અને આધુનિકતાનો સમન્વય છે. તેમની ઉત્કૃષ્ટ ડ્રેસિંગ સેન્સ હોય કે ભણાવવાની શૈલી, બધું જ આજના જમાનાને અનુરૂપ અને પર્ફેક્ટ હોય છે. આ જ કારણ છે કે તાલીમાર્થીઓ તેમના વર્ગની આતુરતાથી રાહ જોતા હોય છે.
તેમની શિક્ષણ પદ્ધતિ અન્ય કરતા સાવ અલગ છે. વર્ગની શરૂઆત શાંતિપૂર્ણ મેડિટેશન (ધ્યાન) થી થાય છે, જે તાલીમાર્થીઓના મનને એકાગ્ર કરે છે. જ્યારે વર્ગની પૂર્ણાહુતિ એક આનંદદાયક અટ્ટહાસ્ય સાથે થાય છે. આ પદ્ધતિ મનને શાંત રાખવાની સાથે વિષય પ્રત્યેનો રસ પણ જીવંત રાખે છે.

**"યોગથી તન, ધ્યાનથી મન અને વિજ્ઞાનથી બુદ્ધિ ખીલે,**
**એવા ગુરુના સાનિધ્યમાં જ જ્ઞાનના અસલી પુષ્પો ખીલે."**

અવનિબેન આજની 'Gen Z' પેઢીની ભાષા અને તેમની જરૂરિયાતોને બરાબર સમજે છે. તેઓ માત્ર પુસ્તકો પર નિર્ભર રહેવાને બદલે ઈન્ફોગ્રાફિક્સ, વીડિયો અને આધુનિક ગેજેટ્સનો ઉપયોગ કરીને વિષયને રસપ્રદ બનાવે છે. તેઓ જટિલ મુદ્દાઓને ગૂંચવવાને બદલે તેના મૂળ તથ્યો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તાલીમાર્થીની મૂંઝવણ પારખીને તેઓ સીધો જ તે મુદ્દા પર પ્રહાર કરે છે, જેથી શીખનારના મનમાં કોઈ શંકા રહેતી નથી.કડક શિસ્તને બદલે તેઓ સમજદારી અને આત્મીયતામાં માને છે. અધ્યાપનનું આ પ્રથમ વર્ષ હોવા છતાં, તેઓ તાલીમાર્થીઓ સાથે એવી રીતે ભળી જાય છે કે કોઈને પણ તેઓ નવા હોય તેવું લાગતું નથી.

કહેશો તો હું ભૂલી જઈશ, બતાવશો તો યાદ રાખીશ, પણ જો મારી પાસે કરાવશો, તો હું સમજી જઈશ." – આ વિચારને અવનિબેન સાર્થક કરે છે. તેઓ તાલીમાર્થીઓને માત્ર સાધનો નથી આપતા, પણ જાતે પ્રયોગ કરવા પ્રેરે છે. વિજ્ઞાનને જીવંત બનાવવા માટે જરૂરી સામગ્રી તેઓ હોંશે પૂરી પાડે છે. સાથે જ, તેઓ હંમેશા ટીમ વર્ક પર ભાર મૂકે છે, જેનાથી તાલીમાર્થીઓમાં સહકારની ભાવના કેળવાય છે.શિક્ષક જ્યારે પ્રકૃતિના ખોળે રહીને જ્ઞાન પીરસે છે, ત્યારે તે શિક્ષણ વર્ગખંડની મર્યાદા ઓળંગીને જીવનનું સાચું ભાથું બની જાય છે

**"વૃક્ષોની શીતળતા અને પંખીઓના કલરવમાં જે ભણાવે,**
**એવા 'અવનિબેન' ના શિક્ષણમાં સાક્ષાત સરસ્વતી જણાય."**

તાલીમાર્થીઓ સાથે એકદમ તેમના જેવા જ બનીને ભળી જાય છે. એક વર્ષનો ટૂંકો ગાળો, પણ અતૂટ નાતો: અધ્યાપનમાં તેમનું આ પ્રથમ વર્ષ હોવા છતાં, કોઈને એવું લાગતું નથી કે તેઓ નવા છે. તેમણે જે રીતે દરેક તાલીમાર્થી સાથે આત્મીયતા કેળવી છે, તે તેમની નિખાલસતા દર્શાવે છે.

**"શબ્દોમાં સરલતા અને સ્વભાવમાં જેમના નિખાલસતા છે,**
**આધુનિકતાના આ યુગમાં પણ જેમના શિક્ષણમાં આત્મીયતા છે,**
**એવા અવનિબેન સાથેનો આ નાતો, એક અતૂટ શૈક્ષણિક સફળતા છે."**

**- જાની ધારાબેન એ.**
**- આંબલીયા કૃષા એ.**

# પ્રવૃત્તિશીલ અધ્યાપક શ્રી અમિતભાઈ

**" દેશની વાતો કરે દરરોજ, વિચારોમાં દેશનો વાસ,**
**અમારા અધ્યાપક તો લાગે જ સાચા દેશપ્રેમી અધ્યાપક."**

તો અહીં હું એવા જ અધ્યાપક વિશે વાત કરવા ઇચ્છું છું.

અધ્યાપનમંદિરની ચેતનવંતી ઉર્જા એટલે શ્રી અમિતભાઈ સાસાણી ને કોઈને કોઈ કાર્યમાં પ્રવૃત જોઈ શકો છો. તેઓ શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન પણ આપે છે. અમિતભાઈ ને આપણે કોઈને કોઈ કાર્યમાં પ્રવૃત્તિ જોઈ શકો જેમકે શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન આપે.આ ઉપરાંત ભોજનાલયનુ સંચાલન અને S.Y નાભાઈઓના ગૃહપતિ તરીકેની પણ ફરજ બજાવે છે. આ એક અનોખા અધ્યાપક છે. જેના પરથી આપણે એ શીખી શકીએ કે એક જ પ્રવૃત્તિમાં રસ ન લેતા બધી જ પ્રવૃત્તિઓમાં સામેલગીરી થવું જોઈએ. તેઓ વિદ્યાર્થીઓને સારી કેળવણી મળે તે માટે સતત ની સતત પ્રયત્ન કરતા રહે છે.

જ્યારે અમે F.Y માં આવ્યા ત્યારે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.અધ્યાપક તરીકે અમિતભાઈ પ્રવાસ મંત્રી તરીકે પૂર્વ તૈયારીથી લઈને છેક અંત સુધી સમગ્ર વ્યવસ્થા કરી હતી. આમ તેઓ સતત મહેનત કરતા રહે છે. તેઓ માતૃભાષા દિવસ, આમસભા, ખજાના ની શોધ, સ્વયંપાક વગેરે જેવા કાર્યક્રમનું આયોજન રસ પૂર્વક કરતા હોય છે.

પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ કે અનુભવજન્ય શિક્ષણ વિશે સૌ જાણે છે. પરંતુ અધ્યયન- અધ્યાપનમાં તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજણ ખૂબ સારી રીતે તેઓ આપે છે. તેઓ અમને વારંવાર PPTદ્વારા અને શૈક્ષણિક સાધન સામગ્રી વગેરે સાધન સામગ્રી દ્વારા અમને માહિતી આપે છે. અમારા કોર્સમાં આવતા વિષય અનરૂપ અને શૈક્ષણિક મુદ્દા પર અમને જાગ્રત કરે છે. શરૂઆતમાં ડિબેટ એટલે શું? એવો તો અમને પ્રશ્નાર્થ થતો હતો.માત્ર ત્રણ અક્ષરનો શબ્દ આપણને નવા નવા વિચારો સુધી પહોંચાડે છે. અને અલગ અલગ મુદ્દા પર અમને ચર્ચા કરાવતા હોય છે .તો આજ છે આપણી ડિબેટ.

**"ક્લાસમાં કરે ડિબેટ ની વાત, ઇતિહાસનો ખજાનો એટલો,**
**એવા અમારા અધ્યાપક ને બધા અમિતભાઈ સાસાણી બોલે."**

તેઓ વર્ગમાં માત્ર ગોખણિયું જ્ઞાન ન આપતા અમને વર્તમાનમાં બનતા રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય બનાવો, ઘટનાઓ વગેરેનો અમારી સાથે અનુબંધ સાધે છે. આ ઉપરાંત ઈતિહાસના એકમ માટે તેઓ પ્રાચીન વસ્તુઓ,ફફોટોગ્રાફ, ચિત્રો,વીડિયો ક્લિપ,પ્રાચીન સિક્કા,જુના રજવાડા ના ફોટા વગેરે બતાવીને માહિતી આપે છે.અમને કંટાળો ન આવે એ માટે રમુજી સાથે જ્ઞાન મેળવી શકીએ એ માટે તે અવનવા પ્રયત્ન કરતા રહે છે .જ્યારે અમારે ટેટ-1 ની પરીક્ષા આવતી હતી,ત્યારે તેઓ અમને સામાજિકવિજ્ઞાન, ઇતિહાસ, આર.ટી.ઈ, એન.ઈ.પી. 2020 અને બી.એડ. પુસ્તકો વગેરેની અવનવી માહિતી આપતા અને મોટીવેશન પણ આપતા રહેતા હતા.

જ્યારે પ્રાર્થના સંમેલનમાં તેમનો રજૂ કરવાનો વારો હોય છે.ત્યારે અમને નવા નવા બાળગીતો ગવડાવતા હોય છે.તેમાં તેનું પ્રિય બાળગીતો ગવડાવતા હોય છે.તેમાં તેનું પ્રિય બાળગીત કે અભિનય એટલે ગોળુડો ઘાટ ભાઈ...ગોળુડો ઘાટ ...આ શબ્દ નીકળતા જ તાલીમાર્થી થનગનાટ કરવા ઉત્સુક હોય છે. અને ખૂબ જ આનંદ અને ઉત્સાહથી તેઓ અભિને કરતા હોય છે. આમ અમને ખૂબ જ મજા આવે છે .આ ઉપરાંત તેઓ દિન વિશેષ માહિતી આપીને અમારા જ્ઞાનમાં વધારો કરે છે .આમ અમિતભાઈ માં ક્રિયાશીલ અને વિચારશીલ અધ્યાપક હોવાથી અમને અવનવું નોલેજ ની વાતો કરતા હોય છે.

અમિતભાઈ અમને માત્ર પુસ્તક જ્ઞાન જ નહીં, પરંતુ સારા સંસ્કાર પણ શીખવે છે. તેવો વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવા પ્રોત્સાહિત કરે છે. અને હંમેશા ધીરજથી જવાબ આપે છે. તેઓ ખૂબ જ મહેનતી, જ્ઞાનવાન અને લાગણીશીલ સ્વભાવના છે.

**" વિવાદ કરી વિચારતા શીખવે છે,**
**પ્રેરણા આપી સપના મોટા દેખાડે છે.**
**એવા અમિતભાઈ જેવા અધ્યાપક મળે જયાં,**
**વિદ્યાર્થીઓનું ભવિષ્ય તેજસ્વી બની જાય ત્યાં."**

**- રાધવાણી હિનાબેન બી.**

# પ્રયત્નશીલ અધ્યાપક શ્રી સંદીપભાઈ

**"चुन चुन करती आई चिडिया,**
**दानक दाना लाई चिडिया."**

અરે,આ અવાજ,આ બાળગીત તો ક્યાંક સાંભળેલ છે.હા...આ અવાજ તો અધ્યાપનમંદિરના અધ્યાપક એવા અમારા શ્રી સંદીપભાઈ નો છે.તો ચાલો હું તમને શ્રી સંદીપભાઈ ઉંડવીયાનો પરિચય કરાવું....

જ્યારે અમે F. Yમાં આવ્યા ત્યારે હું અહીંના અધ્યાપકોને ઓળખતી પણ ન હતી અને અત્યારે અમારું S.Y પૂર્ણ થતા તેઓની લાગણી, બે વર્ષ દરમિયાન કરેલી મસ્તી અને કાર્યક્રમો આ બધું જ અમારા બે વર્ષના કાર્યકાળ દરમિયાન વિતાવેલા દિવસો ખૂબ જ યાદ રહેશે. ત્યારે હું મારા પ્રિય અધ્યાપક શ્રી સંદીપભાઈ વિશે કહું તો એ F. Y ના વર્ષના શરૂઆતમાં જ ખજાના ની શોધનું કાર્યક્રમનું આયોજન થયું હતું. તેમાં અમારા સંયોજક શ્રી સંદીપભાઈ હતા. ત્યારે ડુંગર ચડતા ચડતા બધાનો વધારે પરિચય થયો હતો. જેમાં ત્યાં ડુંગરામાં પ્રકૃતિમય વાતાવરણમાં અમને બાળગીતો સાથે અભિનય કરાવ્યા ગરબા લીધા અને ખૂબ જ ફોટા પાડ્યા અને ખૂબ જ મસ્તી પણ કરી હતી. આગળ જતા ખૂબ જ થાકી ગયા હોવાથી શ્રી સંદીપભાઈ અને અમે બધાએ એક સૂત્ર બનાવ્યું હું ખુશ છું અમે ખૂબ જ ખુશ છીએ. આ રીતે અમારી ખજાના શોધ શ્રી સંદીપભાઈ સાથે યાદગાર પ્રસંગ બની ગયો હતો.

અમારા વર્ગ સમય દરમિયાન ની વાત કરું તો અમારા અધ્યાપક શ્રી સંદીપભાઈ બહુ જ સારા અને સમજદાર છે.તેવો અમને ખૂબ પ્રેમથી ભણાવે છે.જ્યારે પણ તેઓ પાઠ સમજાવે છે, ત્યારે વારંવાર પૂછે છે.

**" સમજાયું કે ન સમજાયું? સમજાયું તો શું સમજાયું? ન સમજાયું તો શું ન સમજાયું? "**

આ રીતે પૂછતા તેઓ ખાતરી કરે છે કે દરેક તાલીમાર્થીઓ સાચું સમજાય. જો કોઈને સમજાતું ન હોય તો તેઓ ફરીથી સરળ ભાષામાં સમજાવે છે. તેઓ ક્યારેય ગુસ્સો કરતા નથી, પણ ધીરજ થી સમજાવે છે .શ્રી સંદીપભાઈ માત્ર પાઠ જ નથી ભણાવતા પરંતુ સારા સંસ્કાર અને આત્મવિશ્વાસ પણ શીખવાડે છે. તેમના કારણે આપણા રોજિંદા જીવનમાં આપણી કેળવણી થાય છે.

હું આગળ વાત કરું તો જ્યારે અમે પાઠ આયોજન બતાવવા જઈએ ત્યારે તેઓ ખૂબ ધ્યાનથી નિરીક્ષણ કરે છે. અને અમને યોગ્ય માર્ગદર્શન આપે છે. તેમની સૂચનાઓથી અમને ઘણું શીખવા મળે છે. પ્રાર્થના સંમેલનમાં જ્યારે સંદીપભાઈનો વારો આવે છે ત્યારે તેઓ હિન્દીમાં સુંદર બાળગીત ગાય છે, તેમના ગીતો ખૂબ મધુર અને રસપ્રદ હોય છે. તેમની પાસેથી તાલીમાર્થીઓ પણ નવા બાળગીતો શીખી શકે છે.ત્યારબાદ તેઓ આ બાળગીત બાળકોને પણ શીખવાડે છે. જેથી બાળકો આનંદ સાથે ગાઈ શકે.

અમને ગર્વ છે કે સંદીપભાઈ જેવા અધ્યાપક અમને મળ્યા છે. જો હું તેમના માટે બે ત્રણ શાયરી લખું તો...

**"અમારા સંદીપભાઈ અનોખા અધ્યાપક છે,**
**જ્ઞાનના દીવા, હંમેશા પ્રેરક છે."**
**"દયાળુ સ્વભાવને લાગણી ભર્યું હૃદય,**
**વિદ્યાર્થીઓને આપે જ્ઞાનનો સદાય ઉદય. "**
**"એવા પ્રિય શિક્ષક અમને મળ્યા છે ભાઈ,**
**અમારા હૃદયથી આભાર શ્રી સંદીપભાઈ."**

**- મકવાણા દર્શનાબેન બી.**


શ્રી સંદિપભાઈ ઉડવીયા
અધ્યાપક
શ્રી અમિતભાઈ સાસાણી
અધ્યાપક
શ્રી અજયભાઈ પંડ્યા
અધ્યાપક
શ્રી જગદીશગિરિ ગોસાઈ
આચાર્યશ્રી
શ્રી કવિતાબેન વ્યાસ
અધ્યાપક
શ્રી અવનિબેન દવે
અધ્યાપક
શ્રી પ્રવિણભાઈ વાઘેલા
ઓફિસ સહાયક

SUBSCRIBE FOLLOW WATCH NOW LOCATION

શ્રી કવિતાબેન વ્યાસ **માર્ગદર્શકશ્રી** શ્રી અમિતભાઈ સાસાણી

**આચાર્યશ્રી**

શ્રી જગદીશગિરિ ગોસાઈ

## DESIGNERS/EDITORS/PHOTOGRAPHERS

### S.Y TRAINEES



KURESHI YASHIN



CHAUHAN SAHIL



MER RUTVIK



DUMADIYA YASH

### F.Y TRAINEES



VALA MAYANK



SOLANKI ADITYA



TARAL DHRUV



JOTVA KRISHNA

## A2


લોકભારતી અધ્યાપનમંદિર, વર્ષ–2025/'26
લોકભારતી અધ્યાપન મંદિર
(D.El.Ed. College)
થનગનાટ
બાલદેવો ભવ

## B2


લોકભારતી અધ્યાપનમંદિર વર્ષ–2025/'26
લોકભારતી અધ્યાપન મંદિર
(D.El.Ed. College)
થનગનાટ
બાલદેવો ભવ